gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

શુક્રવાર 11 માર્ચ 2022

ફાગણ સુદ - 09, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 250 | વર્ષ : 05 | અંક : 44 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



અનન્યા અને ઈશાન ખટ્ટર રિલેશનશિપમાં હોવાની ચર્ચા

પેજ 11

**સુવિચાર**

લૌકિક ઈચ્છાઓ માટે થાય તે રજોગુણી, અહંભાવથી જે થાય તે તમોગુણી. ભગવાનને સંભારીને થાય તે સત્વગુણી....

## ન્યૂઝ બ્રિફ

### LIC IPOને SEBI તરફથી મળ્યો ગ્રીન સિગ્નલ

દેશની સૌથી મોટી વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) ને મંગળવારે મૂડી બજાર નિયામક સેબી (સેબી) તરફથી પ્રારંભિક પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) દ્વારા ભંડોળ એકત્ર કરવાની મંજૂરી મળી છે. એક મીડિયા રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે.

### યુક્રેનને નાટોનું સભ્યપદ નથી જોઈતું

દેશની સૌથી મોટી વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) ને મંગળવારે મૂડી બજાર નિયામક સેબી (સેબી) તરફથી પ્રારંભિક પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) દ્વારા ભંડોળ એકત્ર કરવાની મંજૂરી મળી છે. એક મીડિયા રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને આ માહિતી આપવામાં આવી છે.

### ગાયના છાણથી બનેલી થેલીમાં બજેટ લઈને વિધાનસભા પહોંચ્યા: બઘેલ

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે બુધવારે વિધાનસભામાં તેમની સરકારનું ચોથું બજેટ રજૂ કર્યું. સીએમ બઘેલ દ્વારા બજેટ રજૂ કરવા માટે જે બ્રીફકેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે ચામડા કે જ્યુટની નથી, પરંતુ ગાયના છાણમાંથી બનેલી છે.
બજેટ માટે મુખ્યમંત્રી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી બ્રીફકેસ ગાયના છાણમાંથી બનાવવામાં આવી છે, જે મહિલા સ્વ-સહાય જૂથના દીદી નોમીન પાલ દ્વારા તૈયાર કરવામાં આવી છે. દેવી લક્ષ્મીના પ્રતીક તરીકે ગાય-ધનથી બનેલી બ્રીફકેસનો ઉપયોગ કરનાર છત્તીસગઢ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

### ક્રિકેટના નિયમોમાં ફેરફાર: બોલર હવે બોલ પર થૂંક લગાવી શકશે નહીં

મેરિલબોન ક્રિકેટ ક્લબ (MCC)એ બુધવારે ઈન્ટરનેશનલ ક્રિકેટના નિયમોમાં સંશોધનની જાહેરાત કરી છે, પરંતુ એને આ વર્ષે 1 ઓક્ટોબર પછી લાગુ કરાશે. એટલે કે ઓસ્ટ્રેલિયામાં રમાનાર ટી-20 વર્લ્ડકપ પહેલાં ક્રિકેટના નિયમો બદલાઈ જશે.

### પૂર્વ CM દેવેન્દ્ર ફડણવીસ મુંબઈ પોલીસની ‘કસ્ટડી’માં

મુંબઈ પોલીસે બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસ અને પાર્ટીના અન્ય નેતાઓને પોતાની કસ્ટડીમાં લીધા છે. કારણ કે તેઓ રાજ્યમંત્રી નવાબ મલિકના રાજીનામાની માંગ સાથે વિરોધ માર્ચ કાઢી રહ્યા હતા.મહારાષ્ટ્રમાં વિપક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસે મંગળવારે આરોપ લગાવ્યો હતો કે રાજ્ય સરકારના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ભાજપના નેતાઓ વિરુદ્ધ ષડયંત્ર રચી રહ્યા છે અને વિધાનસભાના અધ્યક્ષને CBI ની તપાસ કરાવવા જણાવ્યું હતું.



પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં - મોદી તેરા જાદુ ચલ ગયા...

# કમળરૂપી સુનામીમાં કોંગ્રેસનો કચ્ચરઘાણ!

**યુપી સહિત પાંચ રાજ્યોમાં ભગવો લહેરાયો સપાની સાઈકલ ટાંઈ ટાંઈ ફીસ્સ..., પંજો દૂર દૂર સુધી દેખાતો નથી**

ગુજરાત વંદન | લખનઉ

ઉત્તર પ્રદેશ, પંજાબ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભા ચુંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. જોકે, આ તમામની વચ્ચે સૌ કોઈની નજર યુપી અને પંજાબ પર સૌથી વધારે રહી હતી. જેમાં જનતાએ ફરી એકવાર મોદી-યોગીની ડબલ એન્જીન સરકાર પસંદ કરી છે. જ્યારે પંજાબમાં પ્રથમવાર કેજરીવાલનો જાદુ ચાલ્યો હતો. ઉત્તરપ્રદેશમાં ભાજપને કુલ 403 બેઠકમાંથી 260થી વધુ બેઠક મળી છે જ્યારે સમાજવાદી પાર્ટીને 135થી વધુ બેઠક મળી છે જોકે, ચોંકાવનારી વાત એ છે કે ભાજપને ગત વિધાનસભાની ચૂંટણી કરતા 55થી વધુ બેઠકોનું નુકસાન થયુ છે પણ બીજી બાજુ સપાને 80થી વધુ બેઠકનો ફાયદો થયો છે. યુપી સહિત પાંચ રાજ્યોમાં કમળરૂપી સુનામીમાં કોંગ્રેસનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખપુર બેઠક પરથી ચુંટણી લડયા હતા જેમાં 1 લાખથી વધુ મતોથી ભવ્ય વિજય થયો હતો. નોંધનીય છે કે, આ ચૂંટણીના પરિણામોની અસર ગુજરાત વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં જોવા મળશે. કેમ કે દિલ્હીની ગાદી સર કરવા યુપીનો માર્ગ મહત્વનો ગણાય છે.

ભાજપે સતત બીજી વાર યુપીમાં ભગવો લહેરાવ્યો છે. દેશના સૌથી મોટા રાજ્ય ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. અહીં એકેયે પાર્ટી ભાજપની ટક્કરમાં આવી શકી નથી, સપા થોડી ઘણી હરીફાઈ

...અનુસંધાન પાના નં. 6

આઝાદી મળી પણ સિસ્ટમ અંગ્રેજોવાળી જ રહી : કેજરીવાલ

# પંજાબે ‘આપ’નું ‘માન’ રાખ્યું, અન્ય પાર્ટીના સૂપડાં સાફ થયા

- પંજાબને ડ્રગ્સ મુક્ત કરવા અને દિલ્હી જેવી વ્યવસ્થા ઉભી કરવાનું વચન આપ્યાં



ગુજરાત વંદન | વોશિંગ્ટન

પંજાબમાં જે રીતે આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં કોઈપણ પક્ષને ન મળ્યો હોય તેવો પ્રચંડ વિજય મેળવ્યો છે તેની પાછળ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો એજન્ડા અને જે રીતે તેમણે પંજાબને ડ્રગ મુક્ત કરવા અને દિલ્હી જેવી વ્યવસ્થા ઉભી કરવાનું વચન આપ્યુ હતું તે નવા મતદારોએ સ્વીકાર્યુ છે.

તો મુખ્યમંત્રી તરીકે અન્ય પક્ષો જયારે હજુ આંતરિક વિખવાદમાં હતા તે સમયે સંગરુરના સાંસદ ભગવતસિંહ માનને મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરીને પ્રથમ બાજી જીતી લીધી હતી. વાસ્તવમાં કોંગ્રેસની અગાઉની કેપ્ટન અને બાદની ચન્ની સરકાર સામે શાસન વિરોધી માહોલ હતો તેમાં કોંગ્રેસનો આંતરીક કલર ભળ્યો અને લોકોને કોંગ્રેસ પ્રત્યે નકારાત્મક લાગણી થઈ ગઈ હતી.

પંજાબમાં જીત પછી અરવિંદ કેજરીવાલ દિલ્હીમાં મીડિયાને સંબોધી રહ્યાં છે. તેમણે કહ્યું કે સુખબીર સિંહ બાદલ, કેપ્ટન અમરિંદર સિંહ, પ્રકાશ સિંહ બાદલ સીએમ ચન્ની, બિક્રમ સિંહ મજેઠીયા, નવજોત સિંહ સિદ્ધૂ હારી ગયા છે. પંજાબના લોકોએ કમાલ કર્યો છે. તેમણે કહ્યું કે આપે છેલ્લા સાત વર્ષમાં સિસ્ટમ બદલી છે. પોતાના સંબોધન પહેલા સીએમ કેજરીવાલ દિલ્હીના હનુમાન મંદિર પહોંચ્યા હતા.

...અનુસંધાન પાના નં. 6

## કાશી મધ્યે મોદી | ઓમ નમઃ શિવાય... નમો નમઃ



2014ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ યુપીની કાશી નગરી વારાણસીમાંથી જીત્યા બાદ આ શહેરની સિકલ બદલાઈ ગઈ છે. કાશી વિશ્વનાથ કોરિડોર એક અફલાતુન અને અતુલ્ય જોવાલાયક ધાર્મિક સ્થળ બની ગયું છે. વડાપ્રધાનના પ્રયાસોથી કાશીનગરીની જે કાયાપલટ થઈ છે તેની રૂબરુ મુલાકાત મોદીએ તાજેતરમાં લીધી હતી. જેમાં તેમણે નમન મુદ્રા સાથેના વિશાળ શિલ્પની આગળ વડાપ્રધાન ઉભા રહીને ધ્યાન મગ્ન મુદ્રામાં જણાયા હતા.

# વોર ઇફેક્ટ: ઘઉં, ચોખા સહિત પેટ્રોલ-ડીઝલના ભાવોમાં થશે અસહ્ય વધારો




ગુજરાત વંદન | નવી દિલ્હી

24 ફેબ્રુઆરીથી શરૂ થયેલું યુક્રેન-રશિયા યુદ્ધ 14 દિવસથી ચાલી રહ્યું છે. આ યુદ્ધને કારણે આગામી દિવસોમાં મોંઘવારી વધુ વધી શકે છે. આ યુદ્ધને કારણે ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલનો ભાવ 140 ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે, જે છેલ્લાં 14 વર્ષમાં ઓલ ટાઈમ હાઈ ભાવ છે. ક્રૂડ ઓઈલ મોંઘું થવાના કારણે આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પણ વધવાની શક્યતા છે. આ સિવાય ડોલર સામે રૂપિયો પણ સૌથી નબળી સ્થિતિમાં પહોંચી ગયો છે. અત્યારે 1 ડોલરની કિંમત રૂ, 77ને પાર થઈ ગઈ છે. આ સંજોગોમાં પણ મોંઘવારી વધી શકે છે. આ સિવાય નેચરલ ગેસ મોંઘો થવાથી આવનારા દિવસોમાં LPG-CNGના ભાવ પણ વધી શકે છે. એ ઉપરાંત મેટલની કિંમતમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન અમે તમને જણાવીએ છીએ કે આ મોંઘવારીને કારણે સામાન્ય જનતાને શી અસર થશે. સૌથી પહેલા આપણે જાણીએ ક્રૂડ ઓઈલ મોંઘું થવાને કારણે તમને શી અસર થશે?


## વાંકી નજરે

**DEMOCRACY**





**HYPOCRISY**





IAS મનોજ અગ્રવાલ ભાડાં પેટે મેળવે છે 1 કરોડથી વધુની આવક

# ગુજરાતના સનદી અધિકારીઓ લાખોનો પગાર-કરોડોની વધારાની કમાણી...!

ગુજરાત વંદન | નવી દિલ્હી



ગુજરાતમાં કેટલાક સનદી અને આ ઈ પી એ સ અધિકારીઓ સામે ગેરરીતિના આરોપો અને આક્ષેપો થયા છે. વહીવહી તંત્રમાં સૌથી ઉચ્ચ સ્થાન ધરાવતા આ અધિકારીઓના પગાર ધોરણો પણ લાખો થાય છે. સુખ-સુવિધા ગાડી -બંગલો નોકર-ચાકર, સસ્તા ભાવે જમીન વગેરેની સગવડો તેમ છતા વધારાની બે નંબરની કમાણી માટે કેમ લલચાઈ છે એ તો તેઓ જ જાણે પરંતુ તાજેતરમાં જ ગુજરાતના સનદી અધિકારીઓ પોતાની માલ-મિલકતોની જે વિગતો જાહેર કરી છે તે દર્શાવે છે કે, તેઓ ભાડાની આવક પેટે લાખો અને કોઈક તો 1 કરોડ સુધીની આવક રળે છે. મોટાભાગના આઈ.એ.એસ. અને IPS અધિકારીઓને પગાર ઉપરાંત પોતાની સ્થાવર મિલકતોમાંથી પણ સારી કમાણી થાય છે.

...અનુસંધાન પાના નં. 6

અમેરિકાના પ્રમુખની મોટી જાહેરાત

# રશિયન ગેસ, તેલ અને ઊર્જા તમામ આયાત પર પ્રતિબંધ મુકયો...

ગુજરાત વંદન | વોશિંગ્ટન



રશિયા અને યૂક્રેનના યુદ્ધ વચ્ચે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને મોટી જાહેરાત કરતા કહ્યું, ‘ અમે રશિયન ગેસ, તેલ અને ઊર્જાની તમામ આયાત પર પ્રતિબંધ મૂકી રહ્યા છીએ,”

જાહેરાત કરતાં બાઈડને કહ્યું હતું કે, “અમે ઈતિહાસમાં આર્થિક પ્રતિબંધોના સૌથી મહત્વપૂર્ણ પેકેજનો અમલ કરી રહ્યા છીએ અને તેનાથી રશિયાની

...અનુસંધાન પાના નં. 6

**ઉત્તરાખંડ** | ધામી ખટીમા બેઠક પર અગાઉ 2012 અને 2017માં ચુંટણી જીત્યા હતા

# ઉત્તરાખંડમાં ભાજપનો વિજય પણ મુખ્યમંત્રી ધામીનો પરાજય

- ધામીને 40,675 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ભુવન સિંહ કાપડીને 47,626 મત મળયા

ગુજરાત વંદન | મોસ્કો

યુપી સહિત પાંચ રાજ્યોની ચુંટણીના પરિણામો આવી ગયા છે જેમાં ઉત્તરાખંડમાં ભાજપનો ભગવો ફરી લહેરાયો છે જોકે, ચોંકાવનારી વાત એ છે કે, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીનો કારમો પરાજયનો સામનો કરવો પડ્યો છે. ધામી ખટીમા બેઠક ઉપર પરથી ચુંટણી લડ્યા હતા જેમાં ધામીને 40,675 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ભુવન સિંહ કાપડીને 47,626 મત મળતા આશરે 6,500થી વધુ મતોથી ધામીનો પરાજય થયો છે. ઉલ્લેખનીય છે કે, ધામી અગાઉ 2012 અને 2017માં આ જ સીટ પરથી ચુંટણી જીત્યા હતા.

અત્યારે ભાજપ 70 બેઠક પૈકી 14 બેઠક ઉપર જીત હાંસલ કરી લીધી છે અને 33 બેઠક ઉપર તે આગળ ચાલી રહી છે. જ્યારે કોંગ્રેસે 8 બેઠક ઉપર જીત મેળવી છે અને 11 બેઠક ઉપર આગળ છે. જ્યારે 4 બેઠક ઉપર અન્યો આગળ ચાલી રહ્યા છે. દેવભૂમિમાં AAP તેનું ખાતુ ખોલાવી શકી નથી.

નોંધનીય છે કે, 3 જુલાઈ, 2021ના રોજ તીરથ સિંહ રાવતે રાજીનામું આપ્યા બાદ ધામીએ ઉત્તરાખંડના 10મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. 45 વર્ષની વયે તેઓ ઉત્તરાખંડના સૌથી યુવા મુખ્યમંત્રી બન્યા હતા.

ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતને તેમના લગ્નતિથિ નિમિત્તે બમણો ઝાટકો લાગ્યો છે. એક બાજુ, કોંગ્રેસ સરકાર માટે સરકાર બને તેવા કોઈ સંજોગો દેખાતા નથી ત્યારે રાવત લાલકુઆં બેઠક પરથી ભાજપના મોહન બિષ્ટ સામે 14 હજાર મતથી હારી ગયા છે. જોકે રાવતના દીકરી અનુપમા રાવતે હરિદ્વાર ગ્રામીણ સીટ ઉપરથી 6000 મતથી ભાજપના યતીશ્વરાનંદને હરાવ્યા છે.



# અદાણી જૂથની પાવર લિમિટેડ પાસેથી યુનિટદીઠ ₹4.62ના ભાવે વીજળી ખરીદતી રાજ્ય સરકાર




ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાત સરકારે અદાણી જૂથની અદાણી પાવર લિમિટેડ (હવે અદાણી મુન્દ્રા પાવર લિમિટેડ) કંપની સાથે બિડ-1માં 1,200 મેગાવોટ પાવર યુનિટદીઠ રૂ. 2.89ના ભાવે અને બિડ-2માં 1,200 મેગાવોટ પ્પાવર યુનિટ દીઠ રૂ. 2.35ના ભાવે 25 વર્ષ સુધી ખરીદવા માટે ફેબ્રુઆરી-2007માં એગ્રીમેન્ટ કર્યા હતા. પરંતુ વર્ષ 2020માં યુનિટદીઠ રૂ. 4.16ના ભાવે તથા વર્ષ 2021માં યુનિટદીઠ રૂ. 4.62ના ભાવે અદાણી પાસેથી વીજળી ખરીદાઈ છે. રાજ્ય સરકારે મંગળવારે વિધાનસભામાં પ્રશ્નોના લેખિત ઉત્તરો આપતી વખતે સરેરાશ યુનિટદીઠ ભાવની બાબત જાણીબુજીને છુપાવી હતી, જે ગણતરી બાદ જાહેર થઈ ગઈ છે. રાજ્ય સરકારે વેરિયેબલ કોસ્ટ યાને એનર્જી સરચાર્જ કોસ્ટ ઊર્ફ FPPPA ચાર્જમાં સરેરાશ યુનિટદીઠ ભાવ આપ્યો હતો, પરંતુ કુલ સરેરાશ યુનિટભાવ દર્શાવ્યો ન હતો, જે ફિક્સ્ડ કોસ્ટની રકમ સાથે કુલ યુનિટની ખરીદીને ભાગતાં, સરકારે છુપાયેલો ભાવ સાંપડયો છે. રાજ્ય સરકારે અદાણીને કેલેન્ડર વર્ષ 2020માં સરેરાશ રૂ.4.16ના ભાવે 69,960 લાખ યુનિટ ખરીદવા પેટે રૂ. 2,376 કરોડ તથા કેલેન્ડર વર્ષ 2021માં સરેરાશ રૂ. 4.62ના ભાવે 55,510 લાખ યુનિટ વીજળી ખરીદવા પેટે રૂ. 2,395 કરોડ મળીને છેલ્લા બે વર્ષમાં કુલ 1,25,470 લાખ યુનિટ વીજળી ખરીદવા પેટે કુલ જંગી રૂ. 4,771 કરોડનું ચુકવણું કર્યું છે, તદુપરાંત આ બે વર્ષમાં સીઈઆરસીના હુકમ મુજબ વધુ રૂ. 475 કરોડ પણ અદાણીને ચૂકવ્યાં છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે બિડ-1 રૂ. 2.89ના ભાવનો અને બિડ-2 રૂ. 2.35ના ભાવનો હોવા છતાં હવે 2021ના અંતે રૂ.4.62ના ભાવે અદાણી પાસેથી વીજળી ખરીદાઈ રહી છે. રસપ્રદ એ પણ છે કે, ફિક્સ્ડ કોસ્ટ પેટે 2020માં સૌથી વધુ સરેરાશ યુનિટદીઠ ભાવ એપ્રિલ-20માં રૂ. 9.05 ચૂકવાયો હતો.

### વિદ્યાર્થીઓની ઘટના કારણે શાળાઓને બંધ કરવાની ફરજ પડી

## ગાંધીનગર જિલ્લામાં 2 વર્ષમાં 14 સરકારી પ્રાથમિક શાળા બંધ થઈ

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષમાં 14 સરકારી પ્રાથમિક શાળાઓને તાળા લાગી ગયા છે જ્યારે 9 શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતા નજીકની શાળામાં મર્જ કરવામાં આવી છે પરિણામે જિલ્લામાં કુલ-23 શાળાઓ બંધ થઈ ગઈ છે.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા માટે નવી નવી યોજનાઓ શરૂ કરવામાં આવી રહી છે. જ્યારે તેની સામે સરકારી શાળાઓને તાળા લાગી રહ્યા છે. સમગ્ર રાજ્યનું શૈક્ષણિક સંચાલન થતા પાટનગર ગાંધીનગર જિલ્લામાં જ સરકારી શાળાઓને તાળા વાગી રહ્યા છે. કોરોનાકાળમાં બંધ રહેલી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટના કારણે શાળાઓને બંધ કરવાની ફરજ પડી છે. વિધાનસભામાં જિલ્લાના કલોલ તાલુકાના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લામાં બંધ અને મર્જ થયેલી શાળાઓ કેટલી થઈ તેવો પ્રશ્ન પુછ્યો હતો જેના જવાબમાં રાજ્યના શિક્ષણ મંત્રીએ જણાવ્યું છે કે તેમાં ગત તારીખ 1લી, જાન્યુઆરી-2020થી ગત તારીખ 31મી, ડિસેમ્બર-2020 સુધીમાં જિલ્લામાંથી કુલ-7 શાળાઓ બંધ થઈ છે. જ્યારે ગત તારીખ 1લી, જાન્યુઆરી-2021થી ગત તારીખ 31મી, ડિસેમ્બર-2021 સુધીમાં 7 શાળાઓ વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે બંધ કરવામાં આવી છે.

બે વર્ષમાં તાલુકાવાર બંધ થયેલી શાળાઓમાં ગાંધીનગર તાલુકામાં 9, કલોલમાં 2, માણસામાં 2, દહેગામમાં 1 શાળાનો સમાવેશ થાય છે. જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાથી છેલ્લા બે વર્ષમાં જિલ્લાની 9 શાળાઓને મર્જ કરી છે. તેમાં ગત તારીખ 1લી, જાન્યુઆરી-2020થી 31મી, ડિસેમ્બર-2020 સુધીમાં 1 અને ગત તારીખ 1લી, જાન્યુઆરી-2021થી ગત તારીખ 31મી, ડિસેમ્બર-2021 સુધીમાં 8 શાળાઓ મર્જ કરી છે. આથી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મર્જ થયેલી શાળાઓમાં ગાંધીનગર તાલુકાની બે, કલોલ તાલુકાની બે, માણસા તાલુકાની બે અને દહેગામ તાલુકાની ત્રણ શાળાઓનો સમાવેશ થાય છે.

### કોંગ્રેસના MLA ગેનીબેન ઠાકોરની માંગ સરકારે માની

## દરેક મહિલા MLAની ગ્રાન્ટમાં રૂપિયા 1.25 કરોડનો વધારો કરાયો

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાત વિધાનસભાની કાર્યવાહીમાં કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે પોતાના પ્રવચનમાં મહિલા દિવસની શુભેચ્છા સાથે મહિલા ધારાસભ્યો માટે 2 કરોડની વધારાની ગ્રાન્ટ મંત્રી પૂર્ણેશ મોદી પાસે માંગી લીધી હતી. નીતિનભાઈ પટેલની જેમ મહિલા ધરસસભ્યોને પૂર્ણેશ મોદી ધારાસભ્યોને નારાજ ન કરે તેવી અપીલ ગૃહમાં કરી લીધી હતી. હવે સરકારે ગેની બેન ઠાકોરની માંગને સ્વીકારી હોય તેમ મહિલા ધારાસભ્યોની ગ્રાન્ટમાં 1.25 કરોડનો વધારો કર્યો છે. ધારાસભ્યોને પોતાના મતવિસ્તારના વિકાસ માટે 7.50 કરોડની ગ્રાન્ટ મળતી હતી.

## મહિલા દિવસ હમ સાથ સાથ......



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ સ્થિત અને 100 ટકા રોજગારી આપતી ક્યુરેક કંપનીમાં પણ મહિલા દિવસની ઉજવણી રંગેચંગે કરવામાં આવી હતી.

## ગુજરાત સરકારે ઈંધણ પર વેટથી બે વર્ષમાં 34 હજાર કરોડની કમાણી કરી

### બંને પક્ષે 4 ટકા સેસ પણ વસૂલવામાં આવ્યો

ગુજરાત વંદન | અમદાવાદ

દેશમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ- ડીઝલના ભાવમાં ધરખમ વધારો થવાને કારણે સામાન્ય લોકોના બજેટ ખોરવાઇ ગયાં છે પણ રાજ્ય સરકારની આવકમાં જંગી વધારો થયો છે. સરકારે વિધાનસભામાં રજૂ કરેલી માહિતી મુજબ છેલ્લાં બે વર્ષમાં પેટ્રોલ-ડીઝલ અને સીએનજી, પીએનજીના વેચાણ પર લેવામાં આવતા વેટ પેટે રાજ્ય સરકારને 34,094 કરોડ રૂપિયાની માતબર આવક થઈ છે.

રાજ્ય સરકારે વેટ ઘટાડ્યા બાદ પણ આવકમાં આગલા વર્ષની સરખામણીએ ભારે વધારો થયો છે. રાજ્ય સરકારને વર્ષ 2021માં જ 20 હજાર કરોડ રૂપિયાની જંગી આવક પેટ્રોલ- ડીઝલના વેટમાંથી થઈ છે. વર્ષ 2020માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં રાજ્ય સરકારને પેટ્રોલ- ડીઝલ, સીએનજી અને પીએનજીના વેરા પેટે 13,691 કરોડ રૂપિયાની આવક થઈ હતી જ્યારે વર્ષ 2021માં આવકમાં 6700 કરોડ રૂપિયાનો વધારો થતાં કુલ આવક 20,402 કરોડ રૂપિયા થઈ હતી. વેટના દરમાં ઘટાડા પછી પણ સરકારની આવક ઘટી નહોતી.

હાલમાં પેટ્રોલ પર 13.7 ટકા અને ડીઝલ પર 14.9 ટકા વેટ વસૂલવામાં આવે છે. આ ઉપરાંત બંને પર 4 ટકા સેસ પણ વસૂલવામાં આવે છે. જ્યારે વાહનોમાં વપરાતા સીએનજી અને ઘરવપરાશના પીએનજી પર વેટનો દર 15 ટકા વસૂલવામાં આવે છે. પેટ્રોલ- ડીઝલ પરના વેટમાં ઘટાડો કરવાને કારણે નાગરિકોને લિટર દીઠ 7 રૂપિયાની રાહત થઈ હોવાનો દાવો પણ સરકારે કર્યો છે.

### રાજ્યમાં બેરોજગારી મામલે કોંગ્રેસ હવે આક્રમક બનશે

## ગાંધીનગરમાં 28મી માર્ચે પ્રચંડ આંદોલનની જાહેરાત કરવામાં આવી

ગુજરાત વંદન | ગાંધીનગર

મહિલા અત્યાચાર મુદ્દે સરકાર સામે આક્રમક વિરોધ કર્યા બાદ હવે આગામી 28મી માર્ચના રોજ ગુજરાતના બેરોજગાર યુવાનોના મુદ્દે કોંગ્રેસે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. સરકાર જ્યારે બેહરી બની જાય ત્યારે ધડાકો કરવો જરૂરી છે. શહિદ વીર ભગતસિંહની આ વિચારધારા કોંગ્રેસ અપનાવવા જઈ રહી છે. ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના બજેટમાં યુવાનો માટે નવી ભરતી માટે યોજના નથી.



ગુજરાત સરકારનું બજેટ કોપી પેસ્ટ છે. 4.50 લાખ જગ્યાઓ ખાલી છે તે ભરવાનું સરકારનું આયોજન નથી. આગામી દિવસોમાં ગાંધીનગરમાં યુવા સંમેલન થશે. ભરતી પ્રક્રિયામાં પેપરો લીક થયા, વેચાય જાય છે.

પેપર લીક મુદ્દે યોગ્ય કાયદો બનાવવામાં આવે. વિધાનસભામાં કાયદો બનાવી 45 દિવસોમાં નિકાલ લાવે. ગુજરાતના શિક્ષિત યુવાનને તાત્કાલિક નોકરી આપે. 28મી માર્ચના રોજ ગાંધીનગરમાં ગુજરાતના યુવાનો લડાઈ લડશે. ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટના નામે ગુમરાહ કરવામાં આવે છે. વાયબ્રન્ટ ગુજરાતના કારણે ગુજરાતના કેટલા યુવાનોને નોકરી આપી. સરકારે જીઆર કર્યો છે કે, ગુજરાતના યુવાનોને નોકરીમાં પ્રથામિકતા આપવી. ગુજરાતમાં ચોપડે નોંધાયેલા 5 લાખ યુવાનો બેરોજગાર છે. વિધાનસભામાં સરકાર કાયદો ન બનાવે તો યુવાનો લડાઈ લડશે. રાજ્યના તમામ તાલુકાઓમાંથી યુવાનો 28મી માર્ચે ગાંધીનગરમાં આવશે. સરકાર પાસે નીતિ નથી માટે ગુજરાતનો યુવાન બેરોજગાર છે. 5 લાખ યુવાનોને તાત્કાલિક નોકરી આપવામાં આવે.

### બાળકો, વૃદ્ધોને લીધા ઝપેટમાં, તંત્રએ હાથ ધરી કામગીરી

## કલોલમાં કોલેરાનો ફરી પગ પેસારો! એક બાળકનું મોત

ગુજરાત વંદન | ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાનાં કલોલમાં ફરી કોલેરાએ કહેર મચાવ્યો છે. રેલવે પૂર્વ વિસ્તારથી 500 મીટર દુર આવેલા તેજાનંદ, સરસ્વતી, પ્રભુનગર અને દીવડાં તળાવ રહેણાંક વસાહતમાં બાળકો સહિત 60થી વધુ લોકો કોલેરાનો શિકાર બનતા આસપાસના વિસ્તારમાં ફરીવાર ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. જ્યારે એક બાળકના મોતના સમાચાર પ્રાપ્ત થયા હતા. કોલેરાનાં દર્દીઓને સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની નોબત આવી છતાં આરોગ્ય તંત્ર હજી પણ ગાઢ નિંદ્રામાં પોઢી ગયું હોવાનો ઘાટ ઘડાયો હતો.

ગાંધીનગરમાં જુલાઈ મહિના દરમિયાન કલોલના પૂર્વ રેલ્વે વિસ્તારમાં કોલેરાએ હાહાકાર મચાવી દેતા જિલ્લા આરોગ્ય તંત્ર દોડતું થઇ ગયું હતું. ગટર અને પીવાનું પાણી ભેળસેળ યુક્ત થઈ જતાં કલોલ પૂર્વમાં કોલેરાનો રોગચાળો ફાટી નીકળતા કલોલ પૂર્વ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરી ઘરે ઘરે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું.

કલોલ પૂર્વના જે.પીની લાટી, ત્રિકમનગર, શ્રેયસના છાપરાં સહિતના વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળો ફેલાયો હતો. આ રોગચાળો જીવલેણ સાબિત થયો હતો. અને તેમાં બે બાળકો સહિત ત્રણના મોત નિપજ્યા હતા. ત્યારે આ રોગચાળો કોલેરા હોવાનું સામે આવ્યા બાદ અત્રેના બે કિલોમીટર વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરી દેવામાં આવ્યું હતું.

### પોલીસે બાતમીને આધારે દરોડા પાડ્યા હતા

## નાંદોલ-વડવાસા સીમમાં જુગાર રમતાં છ જુગારીઓ ઝડપાયા

ગુજરાત વંદન | દહેગામ




ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નાંદોલ-વડવાસા ગામની સીમમાં ગૌચરની જમીનમાં કેટલાક ઈસમો ખુલ્લેઆમ જુગારની બાઝી માંડીને બેઠા હોવાની બાતમી મળતાં દહેગામ પોલીસ દ્વારા અત્રે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે છ ખેલીઓને ઝડપી લઈ 16 હજાર 300નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પૂછપરછમાં આરોપીઓએ પોતાના નામ ભૂપત રામાજી ઠાકોર, ધર્મેશ રમણજી ઠાકોર, દિનેશ સદાજી ચૌહાણ, વિક્રમ તખાજી ચૌહાણ, વિક્રમ રમણજી ચૌહાણ અને દશરથ દિલીપજી ચૌહાણ (તમામ રહે. સાણોદા) હોવાનું જણાવ્યું હતું.

## કલોલના રકનપુરમાં પિતા-પુત્રે ઊભી કરેલી 21 કરોડની ફેક્ટરી ઓસ્ટ્રેલિયાના ભાગીદારોએ પચાવી પાડી

ગુજરાત વંદન | કલોલ

કલોલના રકનપુર ખાતે ગ્લોબલ કોલ્ડ ચેઈન સોલ્યુશન કંપની સ્થાપનાર પિતા પુત્ર સાથે ભાગીદારોએ છેતરપિંડી આચરીને કંપનીની મશીનરી, સ્ટોક કરેલો માલ સહિત 15 કરોડનો નફો મળીને 21 કરોડ 8 લાખની ઉચાપત કરી કંપની પણ પચાવી પાડવામાં આવતાં સાંતેજ પોલીસ મથકમાં સાત ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. નોંધનીય છે કે ભેજાબાજ આરોપીઓ ઓસ્ટ્રેલીયામાં બેઠાં બેઠાં કરોડોનો નફો




કરતી કંપની પચાવી પાડી પિતા પુત્રને રોડ પર લાવી દીધા છે.

યશ કેતનભાઈ અજમેરા કલોલ રકનપુર ગામે ગ્લોબલ ગોલ્ડ લિમિટેડ નામની કંપની ચલાવે છે આ કંપનીમાં દવાઓ ઠંડી રાખવા માટેનું પેકિંગ બનાવવામાં આવતું હતું, આ કંપનીમાં યસ કેતનભાઈ અજમેરા તથા કેતનભાઈ એજમેરા સિવાય ઓસ્ટ્રેલિયામાં રહેતા શખ્સો ભાગીદાર હતા જેમાં તેઓનો હિસ્સો 50 ટકા હતો. ઓસ્ટ્રેલિયામાં રહેતા ભાગીદારોએ પિતા પુત્ર સાથે છેતરપિંજી આચરી હતી અને તેમના કંપનીના ઈમેલ વગેરે બ્લોક કરીને પોતાની રીતે જ વેપાર કરતા હતા અને ઓસ્ટ્રેલિયાના ભાગીદારોએ કંપનીના 50 ટકા શેર કરી દઈ જે શુંરૂનકિશ્નન કંપનીના ડિરેક્ટર બન્યા હતા તે પછી તેમણે કંપની પોતાના હસ્તગત કરી લીધી હતી અને પોતાના માણસો લાવીને કંપનીનું કામકાજ કરવા લાગ્યો હતો. જે કંપનીમાં ધંધો કરવા એક ઈમેલ અન પાસવર્ડ પણ તેને મનસ્વી રીતે બદલી ધંધો કરવા માંડ્યો હતો જે બાબતથી પિતા-પુત્ર અજાણ હતા અને ભાગીદારોએ કંપનીમાંથી બારોબાર રૂપિયા ઉપાડી લીધા હતા. પોલીસે યસ અજમેરાની ફરિયાદના આધારે એન્ડુ તથા આર્નોલ્ડ જ્યોર્જ અને એડરિયાના મિલેના તથા મથ્યુ વિલ્સન અને સિદ્ધાર્થ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર પોલીસ દ્વારા સીટબેલ્ટ અને હેલ્મેટની ડ્રાઈવ

ગુજરાત વંદન | ગાંધીનગર

ગાંધીનગર સહિત રાજ્યભરમાં રવિવારથી હેલ્મેટ અને સીટ બેલ્ટની ડ્રાઈવ શરૂ થઈ છે. જેમાં ગાંધીનગરના મુખ્ય સર્કલો સહિત 39 જેટલા સ્થળો પર પોલીસ ડ્રાઈવ યોજી હતી. જેમાં પોલીસ દ્વારા હેલમેટ અને સીટ બેલ્ટ વિનાના વાહન ચાલકોને રોકીને દંડવામાં આવ્યા હતા. વધતા અકસ્માતમાં હેલમેટ અને સીટ બેલ્ટ વિના ગંભીર ઈજાઓ અથવા મોત થતું હોવાનું રોડ સેફટી કાઉન્સિલના તારણમાં આવ્યું હતું, જેના કારણે દંડ વસુલવાનું શરૂ કરવામાં આવ્યું છે. 4 દિવસ અગાઉ રાજ્યના ગુજરાત સ્ટેટ ટ્રાફિક મહાનિરક્ષિક પિયુષ પટેલે તમામ શહેરના પોલીસ કમિશનર તથા તમામ જિલ્લાના SPને હેલ્મેટ અને સીટ બેલ્ટ વિનાના વાહન ચાલકો માટે ડ્રાઈવ રાખવા જણાવ્યું હતું. જે બાદ સોમવારથી ગાંધીનગર સહિત રાજ્યભરમાં ડ્રાઈવ શરૂ થઈ છે જે 15 માર્ચ સુધી ચાલશે.

### મહિલા 'અભયમ્' યોજના શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય




## રાજ્યમાં 10 લાખથી વધુ મહિલાઓની સખી બની અભયમ હેલ્પલાઈન સેવા

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાતની મહિલાઓને અભય બનાવવા રાજ્ય સરકારે વર્ષ 2014માં પાઈલોટ પ્રોજેક્ટ ત્યારબાદ વર્ષ 2015માં 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ રાજવ્યાપી શરૂ કરેલા આ પ્રોજેક્ટને સફળતાપૂર્વક 7 વર્ષ પૂર્ણ થયા છે. છેલ્લાં 7 વર્ષમાં 10 લાખથી વધુ મહિલાઓને સેવા આપી 181 અભયમ હેલ્પલાઇન ખરા અર્થમાં મહિલાઓ માટે હેલ્પફૂલ તેમજ સંકટ સમયની સાથી સાબિત બની છે.

મહિલાઓની સુરક્ષા માટે 'અભયમ' યોજના શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. વર્ષ 2014માં અભિયાનની અમદાવાદમાં શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં અમદાવાદમાં પાયલોટ પ્રોજેકટ હતો. જે સફળ થતાં સમગ્ર રાજ્યભરમાં વર્ષ 2015માં આ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગુજરાતનું મોડલ જોઈને અનેક રાજ્યોએ પણ આ પ્રોજેકટ શરૂ કર્યો. 181 અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા ફેબ્રુઆરી 2014થી 7 જાન્યુઆરી 2022 સુધીની કામગીરીની વિગતો વિશે ચીફ ઓપરેટીંગ ઓફિસરએ જણાવ્યું કે, ટુંકા સમયગાળામાં જ 9,90,323 કરતાં વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં કાઉન્સિલિંગ, બચાવ, માર્ગદર્શન અને માહિતી મેળવવા માટે 181 હેલ્પ લાઈનની મદદ લીધી છે. 181 અભયમ મોબાઈલ એપ્લિકેશનનું ટૂંકા સમયગાળામાં 1,32,827 કરતાં વધારે મહિલાઓ દ્વારા રજીસ્ટ્રેશન કરી પોતાની સેફ્ટી માટે મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે.

આ હેલ્પલાઈનનો મુખ્ય ઉદ્દેશ શારીરિક, જાતીય, માનસિક કે આર્થિક કોઈપણ બાબતમા સતામણી, હિંસા કે અન્યાય બાબતે. સ્ત્રી ભ્રુણ હત્યા, સાયબર ગુનાઓ, લગ્ન જીવન અને અન્ય સંબંધોના વિખવાદો, તેમજ કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી ઉપરાંત અન્ય પ્રકારની મુસીબતમાંથી રેસ્ક્યુ કરીને સલામત કરવાનો છે.

### ભગવો લહેરાતા ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી

## કમલમમાં ભાજપનો વિજ્યોત્સવ

ગુજરાત વંદન | ગાંધીનગર

ચાર રાજ્યોની ચૂંટણીમાં ભાજપે વિજય મેળવતા સમગ્ર દેશના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર ઉત્તરપ્રદેશની ચૂંટણી હતી. જેમાં અનેક પડકારોની વચ્ચે સપા અને ભાજપ સામે ટક્કર હતી. ઉત્તરપ્રદેશના પાંચ વર્ષ મુખ્યમંત્રી તરીકે પૂર્ણ કરીને ફરી એક વખત મુખ્યમંત્રી બનવા યોગી આદિત્યનાથ જઈ રહ્યા છે. જેની ખુશીમાં આજે ભાજપ કમલમ ખાતે




મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એકત્રિત થયા હતા. કમલમ ખાતે ફટાકડા ફોડી અને મીઠાઈ વેચીને એકબીજાને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે પણ ખાસ હાજરી આપી હતી. ચારેય રાજ્યોમાં ભાજપની બહુમતી જોતા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ખુશખુશાલ જણાયા. તેમણે જણાવ્યું કે 5 રાજ્યોમાંથી 4 રાજ્યોમાં ભાજપ બહુમતીથી સરકાર બનાવશે. PM મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કાર્યકર્તાઓની અથાગ મહેનતનું પરિણામ છે.

## ઈન્ડિયા મેરી જાન... લાઈન મેં રહો....!





દેશના કેટલાક શહેરોની જેમ અમદાવાદ અને તેના નાગરિકો તેમની ટ્રાફિક સેન્સને લઈને વિવાદમાં રહે છે. ટ્રાફિકના નિયમો તોડવા એ જાણે કે મનોરંજનનું માધ્યમ હોય તેવા પણ કિસ્સા બનતા હોય છે. પ્રસ્તુત તસ્વીર પૂર્વોતરના મિઝોરમની છે જેને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના માલિક આનંદ મહિન્દ્રાએ પોતાના સોશિયલ મિડિયા પ્લેટફોર્મ પર શેર કરી છે. ટ્રાફિકશિસ્ત આને કહેવાય.. એમ તસ્વીર જોઈને કોઈપણ કહી શકે કેમ કે, રોડ વચ્ચેની પીળી લાઈનની આ બાજુ આખો રસ્તો ખાલીખમ છે અમદાવાદમાં આટલો ખાલી રસ્તો હોય તો વાહનચાલકો ફટાફટ રોંગ સાઈડમાં જઈને ઉભા રહી જાય પરંતુ મિઝોરમના નાગરિકોની ટ્રાફિકશિસ્તને સલામ કરવી પડે એવી આ તસ્વીરમાં એક પણ વાહનચાલક આડા-અવળા ઉભા નથી એક સીધી લાઈનમાં રસ્તો ખોલવાની રાહમાં ઉભા છે. આનંદ મહિન્દ્રાએ આ તસ્વીર શેર કરીને સંદેશો આપ્યો છે કે - યે હૈ ઈન્ડિયા મેરી જાન... લાઈન મે રહો...!

હોળી ધૂળેટી નિમિતે સ્પેશિયલ સુવિધા

## કોરોનાના ત્રણ વર્ષ બાદ એસટી બસોમાં જોવા મળશે ટ્રાફિક!



ગુજરાત વંદન | અમદાવાદ

કોરોનાના ત્રણ વર્ષ બાદ હોળી ધૂળેટીના તહેવારો પર એસટી વિભાગની બસોમાં ટ્રાફિક જોવા મળશે. જાણવા મળી રહ્યું છે કે, હોળી ધુળટીના તહેવાર નિમિતે વધારાની 300 બસો દોડાવવાનો નિર્ણય કરાયો છે. 8 માર્ચથી 16 માર્ચ સુધી વધારાની 300 બસો રાજકોટ બસ સ્ટેન્ડમાંથી દોડાવવામાં આવશે. જ્યારે દાહોદ ગોધરા માટે સ્પે. 200 બસો મૂકવામાં આવશે. શ્રમજીવી લોકોને વતન જવા માટે રાજકોટ બસ સ્ટેન્ડ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે ગુજરાત રોડ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા રાજ્યમાં ક્યાંય પણ વધારાની બસોનું સંચાલન કરવામાં આવે છે. હોળી-ધુળેટીના પર્વને લઈને રાજકોટ એસટી સ્ટેન્ડ પર મોટા પાયે ભીડ જોવા મળી રહી છે. 08 માર્ચથી 16 માર્ચ સુધી હોળીના આગલા દિવસોએ રાજકોટથી વધુ 300 જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવનાર છે.

ગુજરાતમાં મોટા ભાગે અનુસૂચિત જનજાતિના લોકો જેઓ દાહોદ, ગોધરા, પંચમહાલ, ડાંગ, તાપી અને નર્મદા જેવા વિસ્તારોમાં વસે છે. તેઓ પરંપરાગત રીતે પોતાના વતનમાં હોળીની ઉજવણી કરતા હોય છે. રાજસ્થાન રાજ્યનો પ્રથમ તહેવાર હોળી ગણી શકાય. તે લોકો પણ હોળી મનાવવા વતન જતા હોય છે.

ગુજરાત પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ, ગુનેગારો ઉપર લગામ

## માત્ર 28 દિવસમાં ગંભીર ગુનામાં ફરાર 45 આરોપીને ઝડપી લેવાયા

ગુજરાત વંદન | અમદાવાદ



ગત માસે ગુજરાત પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ યોજાઈ. આ 28 દિવસમાં ગંભીર ગુનામાં ફરાર 45 આરોપીને ઝડપી લેવાયા હતા. તેમજ ગુનેગારો ઉપર લગામ લાવવા, ગેરકાયદેસર અગ્નિશસ્ત્રો અને દારૂગોળોના ઉત્પાદન, સંગ્રહ, હેરાફેરી, વેચાણ અને ઉપયોગ ઉપર નિયંત્રણ લાવવા ખાસ ઝુંબેશ કરાઈ હતી. જેમાં રાજયમાં કુલ 106 ગુનાઓ દાખલ કરી 114 આરોપીઓની ધરપકડ થઈ છે. આ અંગે ડીજીપી આશિષ ભાટિયાએ માહિતી આપી હતી.

રાજ્ય પોલીસ વડાના દ્વારા તા.1થી 28 ફેબ્રુઆરી સુધી ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પેશ્યલ ડ્રાઈવ માટે અધિક પોલીસ મહા નિદેશક (એન્ટી ટેરેરીસ્ટ સ્કોડ, કોસ્ટલ સિક્યુરિટી)ને સ્ટેટ લેવલ નોડલ ઓફિસર તરીકે નિમવામાં આવ્યા હતા. તેમના માર્ગદર્શનમાં તમામ મહાનગરો અને જિલ્લા વિસ્તારોમાં એસઓજી, એલસીબી, ક્રાઈમ બ્રાંચના ખાસ અધિકારીઓની ટીમની રચના કરવા અને સ્પેશ્યલ ડ્રાઈવ સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓ અને નાસતા ફરતા આરોપીઓ સહઆરોપીઓ વગેરે માહિતી એકત્ર કરી, તેઓની હાલની પ્રવૃત્તિ અંગે તપાસ હાથ ધરી હતી.


આ અંગેના રાજ્યભરમાં કુલ 106 ગુનાઓ દાખલ કરવામાં આવ્યો છે, જેમાં સુરત શહેરમાં 12 ગુના, મોરબી 10 ગુના, સાબરકાંઠા - કચ્છ પૂર્વ ગાંધીધામમાં સાત - સાત ગુના, સુરેન્દ્રનગરમાં 6 ગુના, અમદાવાદ શહેર - મહેસાણા - નર્મદા - છોટા ઉદેપુર - જામનગર - કચ્છ પશ્ચિમ ભુજ - બનાસકાંઠામાં ચાર - ચાર ગુના, પાટણમાં 5 ગુના, સુરત ગ્રામ્ય - વલસાડ - બોટાદમાં 3 - 3 ગુના, દાહોદ - જૂનાગઢ - ગીર સોમનાથ - ભાવનગરમાં બે - બે ગુના તેમજ વડોદરા શહેર - રાજકોટ શહેર - અમદાવાદ ગ્રામ્ય - ખેડા નડીયાદ - ગાંધીનગર - અરવલ્લી - વડોદરા ગ્રામ્ય - ભરૂચ - તાપી વ્યારા - રાજકોટ ગ્રામ્ય - નવસારી - દેવભૂમિ દ્વારકા - પોરબંદર - અમરેલીમાં એક - એક ગુનો દાખલ કરાયો હતો.

### પાડોશી રાજ્યોમાં ભાગી ગયેલા રીઢા ગુનેગારોને પણ દબોચાયા

ઝડપાયેલા 114 આરોપીઓની ધરપકડ કરાઈ, જેમાં ખાસ કરીને જે આરોપીઓ ગુજરાત રાજ્યને અડીને આવેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં ભાગી ગયા છે. તેવા આરોપીઓને ત્યાંની સ્થાનિક પોલીસની મદદ લઈને શોધી કાઢવા ખાસ એક્શન પ્લાન મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. આ માટે ગુજરાતના સરહદી જિલ્લાઓના રેન્જ આઈ.જી.પી. દ્વારા ગુજરાતની સરહદને અડીને આવેલા રાજ્યના જિલ્લાઓના આઈ.જી.પી. સાથે પણ આ માટે સંકલન કરવામાં આવ્યું હતું. આમ પરિણામલક્ષી કામગીરી કરાઈ હતી.

વિધાનસભા ચુંટણીના પરિણામોનો પડછાયો પડશે

## અમદાવાદમાં શુક્રવારથી ત્રણ દિવસીય સંઘની ટોચની બેઠક




ગુજરાત વંદન | અમદાવાદ

આગામી તા. 11 થી 13 માર્ચ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સ્વયં સેંવક સંઘની વાર્ષિક અખિલ ભારતીય પ્રતિનિધિ સભા યોજાઈ રહી છે. સંઘની આ બેઠકને સૌથી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે અને સંઘના આગામી વર્ષના કાર્યક્રમ તથા આયોજનને આ બેઠકમાં મંજુરી આપવામાં આવે છે. જો કે કોરોનાના કારણે ગત વર્ષે મર્યાદિત રીતે જ આ બેઠક યોજાઈ હતી અને અનેક પ્રાંતના અધિકારીઓ ઓનલાઈન જોડાયા હતા પરંતુ હવે તમામ પ્રતિબંધો ઉઠી જતાં પ્રથમ વખત આ બેઠકનું આયોજન ત્રિમંદિર અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

જેમાં આરએસએસના વડા મોહન ભાગવત, સરકાર્યવાહ દત્તાત્રેય હોશબોલે, સરસહકાર્યવાહ કૃષ્ણગોપાલ, મનમોહન વૈદ્ય, રામદત્ત, અરુણ કુમાર કે જેઓ ભાજપમાં આરએસએસના પ્રતિનિધિ તથા સંઘની સંકલનની કામગીરી કરે છે તેઓ ઉપરાંત ગુજરાત સહિતનાં દેશભરના આરએસએસના હોદેદારો હાજર રહેશે. સૌથી મહત્વનું એ છે કે તા. 10નાં રોજ ઉતરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામે જાહેર થનાર છે અને તા. 11નાં રોજ આ બેઠક મળનાર છે જેથી બેઠકમા ચૂંટણી પરિણામોનો પડછાયો હશે અને ચર્ચા પણ હશે.

બીજી તરફ તા. 11ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં જ છે. જો કે સંઘની આ પ્રકારની બેઠકોમાં કોઈ ખાસ કારણ વગર વડાપ્રધાન કે ભાજપના ટોચના નેતાઓ હાજર સતત હાજરી આપતા નથી. ભૂતકાળમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડા થોડો સમય માટે બેઠકમાં હાજરી આપી હતી પણ વડાપ્રધાન હાજરી આપશે તેવા સંકેત નથી. જો કે સંઘના પદાધિકારીઓ આ અંગે બોલવા તૈયાર નથી અને 'અપેક્ષિતો' જ હાજરી આપશે તેવું જણાવે છે. સંઘની આ બેઠકમાં અનેક મહત્વના પ્રસ્તાવો પણ પસાર થશે.

બે વાર ગર્ભપાત કરાવ્યા બાદ ફરી પ્રેમિકા ગર્ભવતી થતા પ્રેમી રફુચક્કર

## વાસણામાં લગ્નની લાલચ આપી યુવકે સગીરા પર આચર્યું દુષ્કર્મ



ગુજરાત વંદન | અમદાવાદ

શહેરના વાસણા વિસ્તારમાં સગીરાને લગ્નની લાલચ આપીને વારંવાર શારીરિક સંબંધો બાંધે બે-બે વાર ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. યુવકે સીગરાને લગ્નની લાલચ આપીને પોતાની હવસ સંતોષી હતી. બે વાર ગર્ભપાત કરાવ્યા પછી પણ યુવકે તેની સાથે શારીરિક સંબંધો ચાલું રાખ્યા હતા. સગીરા પુખ્ત થયા પછી ત્રીજી વાર પણ આ સંબંધોને કારણે ગર્ભવતી થઈ ગઈ હતી. જોકે, ત્રીજી વખતે પણ પ્રેમીએ ગર્ભપાત માટે દબાણ કર્યું હતું. જોકે, હવે પુખ્ત થયેલી યુવતીએ ગર્ભપાત માટે દબાણ કરતાં વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. 6 વર્ષ પહેલાં યુવતી 16 વર્ષની સગીર હતી ત્યારે હરીશ ભરવાડના સંપર્કમાં આવી હતી. ત્યારે હરીશ રીક્ષા ડ્રાઈવર હતો. યુવતી અને તેની માતા ઘરકામ કરવા જતી હત્યા ત્યારે હરીશની રિક્ષામાં જતા હતા. આ દરમ્યાન હરિશે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપીને તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બનાવ્યા હતા. આ દરમિયાન યુવતી ગર્ભવતી થઈ ત્યારે લગ્નનો વિશ્વાસ આપીને બે વખત ગર્ભપાત કરાવ્યું હતું. પરંતુ યુવતી ત્રીજી વખત ગર્ભવતી થતા હરિશે ફરી ગર્ભપાત નું દબાણ કર્યું. પરંતુ યુવતીએ ગર્ભપાત કરવાનો ઈનકાર કરતા હરીશ યુવતીને છોડીને ફરાર થઈ ગયો. 4 મહિનાની ગર્ભવતી યુવતીને પ્રેમી હરીશ ભરવાડ અને તેનો ભાઈ વિજય ભરવાડ ગર્ભપાત કરવાની ધમકી આપતા હતા. જેથી યુવતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. વાસણા પોલીસે દુષ્કર્મ કેસમાં મહિલાનું મેડિકલ કરાવીને જુદી જુદી ટીમો બનાવીને આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

નારણપુરા વિસ્તારની ઘટના, પરિણીતા ૧૫ ટકા દાઝી ગઈ

## મિત્રતા કરવાની ના પાડતા મહિલા પર એસિડ હુમલો



ગુજરાત વંદન | અમદાવાદ

નારણપુરામાં રહેતી બે દિકરાઓની માતાને મિત્રતા કરવા માટે દબાણ કરનાર રિક્ષા ચાલકે એસિડ હુમલો કર્યો હતો. બે દિકરાની માતાએ મિત્રતા કરવાની ના પાડતા આ હુમલો કર્યો હોવાનુ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. એસિડ એટેક કરી રિક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. 15 ટકા જેટલી દાઝી ગયેલી પરિણીતાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. આ અંગે ઘાટલોડિયા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

નારણપુરામાં 39 વર્ષીય પરિણીતા તેના બે સંતાન સાથે રહે છે. થોડા મહિના પહેલા પરિણીતા લખુડી તળાવ પાસે કેરટેકર તરીકે નોકરી કરતી હતી. નારણપુરાના લખુડી હાઉસિંગ સોસાયટીમાં શિવા ભીખાભાઈ નાયક રહે છે અને તેઓ રિક્ષા ચલાવવાનું કામ કરે છે તેમની સાથે પરિણીતાને સંપર્ક થયો હતો. પરિણીતા નોકરી પરથી ઘરે જતી અને ઘરેથી નોકરી પર આવતા સમયે આ શિવાની રિક્ષામાં બેસતી હતી. આમ પરીચયમાં આવ્યા બાદ બન્ને એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરી હતી.

આ દરમિયાન શિવા નાયકે પરિણીતાને તેની સાથે મિત્રતા કરવાનું જણાવ્યું હતું પરંતુ પરિણીતાએ મિત્રતા કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. શિવા નાયક મહિલાનો પીછો કરતો હતો અને મિત્રતા કરવા માટે દબાણ કરતો હતો. જેથી કંટાળેલી પરિણીતાએ શિવા નાયકને કહ્યું હતુ કે, હું પરણિત છું અને મારે બે મોટા દિકરા છે. મારે મિત્રતા કરવી નથી. ઉશ્કેરાયેલા શિવા નાયકે મહિલા પર એસિડ ફેંકી ફરાર થઈ ગયો હતો

પરિણીતાને ગંભીર ઈજાઓ થવાથી બુમાબુમ કરવા લાગી હતી. આસપાસના લોકોને ઘટનાની જાણ થતા 108ને ફોન કરીને મહિલાને સારવાર માટે હોસ્પિટલ મોકલી આપી હતી. ઘટનાની જાણ ઘાટલોડિયા પોલીસને થતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જ્યાં મહિલાએ શિવા નાયકના વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી.

### બ્રાન્ડેડ નામે ડુપ્લિકેટ પ્રોડક્ટ-નો ત્રણ લાખનો મુદ્દામાલ જપ્ત

ગુજરાત વંદન | અમદાવાદ

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં આવેલી મોબાઈલ દુકાન ફોનવાલે, ઉમિયા એજન્સી, મહેતા એજન્સી, કબીર વર્લ્ડ અને વર્લ્ડ ઓફ મોબાઈલ સહિતની દુકાનોમાં જાણીતી બ્રાન્ડેડ કંપનીઓની ડુપ્લિકેટ એસેસરીઝ વેચાતી હતી. જેની માહિતી મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. સર્ચ દરમિયાન દુકાનોમાં એપલ કંપનીના એરપોડ, ચાર્જર તેમજ અન્ય એસેસરી વેચાતી હોવાનુ જાણવા મળ્યું હતું.પોલીસે કુલ ત્રણ લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કરી કોપિરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અમદાવાદમાં પત્રકારના નામે ખોટી રીતે વેપારીઓને ધમકાવતી ગેંગ ઝડપાઈ

ગુજરાત વંદન | અમદાવાદ

અમદાવાદમાં પત્રકારનાં નામે ખોટી રીતે વેપારીઓને ધમકી આપી ડરાવીને પૈસા પડાવતી ગેંગ ઝડપાઈ હતી. દાણીલીમડા પોલીસે એક મહિલા સહિત 3 ઈસમોની ધરપકડ કરી છે. આ આરોપીઓ દાણીલીમડા વિસ્તારમાં ફેક્ટરી માલિકને ડરાવી ખંડણી માંગતા વેપારીએ પોલીસની મદદ લીધી હતી. પોલીસની ગિરફ્તમાં આવેલ આરોપીઓનાં નામ છે નીરાલી પટેલ, કુમાર સાગર અને બંટી ઉર્ફે વિરેન્દ્ર. લોકશાહીનાં ચોથા સ્તંભ તરીકે ગણાતુ મીડિયાએ હમેશા લોકોનાં પ્રશ્નોને વાચા આપતુ હોય છે. પરંતુ અમુક બની બેઠેલા કહેવાતા પત્રકારોનાં કારણે સમગ્ર પત્રકાર જગત બદનામ

૩૫ કરોડથી વધુની બિનહિસાબી આવક અને જ્વેલરી જપ્ત

## રાજેન્દ્ર મજીઠીયાના ઉર્મિન ગ્રુપ પર આઈટીના દરોડા

ગુજરાત વંદન | અમદાવાદ

બાગબાન જરદા અને ખાદ્ય સામગ્રીના ઉત્પાદન સાથે સંકળાયેલા અમદાવાદના સિંધુભવન રોડ પર હેડ ઑફિસ અને બંગલા ધરાવતા ઉર્મિન ગ્રૂપ સિંધુભવન રોડ પરની ઑફિસ અને બંગલા સહિત 30 સ્થળોએ આવકવેરા ખાતાએ પાડેલા દરોડામાં દાગીના અને રોકડ મળીને કરોડોના બિનહિસાબી વહેવારો પકડાયા છે.

આવકવેરા વિભાગે ઉર્મિન ગ્રૂપની 30 જગ્યાઓમાં સર્ચ અને જપ્તી કામગીરી હાથ ધરી હતી. સ્થાપક રાજેન્દ્ર મજીઠીયા, કૌશિક મજીઠીયા અને તેજસ મજીઠીયાના રહેણાંક અને ઓફિસ પરિસરમાં સોમવારે સર્ચ શરૂ થયું હતું. તપાસના બીજા દિવસે 15 કરોડ રૂપિયાની કુલ અઘોષિત આવક, 20 કરોડ રૂપિયાની જ્વેલરી અને 50 લોકર્સની ઓળખ કરવામાં આવી હતી. 250થી વધુ અધિકારીઓ હજુ પણ જૂથના 30 કેમ્પસની તપાસ કરી રહ્યા છે. ઉર્મિન ગ્રુપની સાથે બ્રોકર રાકેશ શાહ પણ આઈટીના રડાર પર છે. નહેરુનગર અને નવરંગપુરામાં તેના નિવાસસ્થાને સર્ચ કરવામાં આવી રહ્યું છે. રોકડની મહત્તમ રકમ બ્રોકરના રહેઠાણમાંથી ઓળખવામાં આવે છે.

જમીનના સોદામાં તે ઉર્મિન ગ્રુપના સ્થાપકો સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. જૂથના લોકર અને ડિજિટલ ડેટાની તપાસ હજુ બાકી છે.

## તસવીર સમાચાર




શહેરના નાગરવેલથી બાપુનગર જતા માર્ગ પર છેલ્લા કેટલાય ઘણા સમયથી અજિત મીલ પાસે ચાલી રહેલું અમ્યુકોનું ગટરલાઈનનું કામ ગોકળગતિએ ચાલતા સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.



હોળીનો તહેવાર નજીક આવતા જ અમદાવાદના દિલ્હી દરવાજાની આસપાસની દુકાનોને વિવિધ પ્રકારની પીચકારીયોથી સજાવવામાં આવી રહી છે.



શાળાઓમાં ઓફલાઈન શિક્ષણની શરૂઆત સાથે બાળકોની જોખમી સફરની શરૂઆત થઈ ગઈ છે... શાળાઓમાં ચાલતી રીક્ષાઓમા બાળકોને ઠસોઠસ ભરાય છે. (તસ્વીર -જાવેદ રાજા)




અમદાવાદની શોભામાં અભિવૃદ્ધિ કરવા ઠેરઠેર ફુવારા, ચોક અને મહાનુભાવોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે પરંતુ પ્રતિમાની આસપાસની રેલિંગ પર કપડા-ગોદડા ધાબડા સૂકવાના કામમાં ઉપયોગ થઈ રહ્યો છે.ન

### ૧૨ માર્ચે ફરી એકવાર દાંડીયાત્રા નિકળશે..

ગુજરાત વંદન | અમદાવાદ

રાજસ્થાન અને મહારાષ્ટ્ર સરકારે જુની પેન્શન યોજના લાગુ કર્યા બાદ ગુજરાતના વિવિધ વિભાગના કર્મચારીઓ દ્વારા ફરી જુની પેન્શન યોજનાની માંગણી શરૂ કરી છે. તે સંદર્ભમાં નેશનલ ઓલ્ડ પેન્શન રેસ્ટ્રોરેશન યુનાઈટેડ ફ્રન્ટ (નોપ્રૂફ ) દ્વારા 12મી માર્ચે સાબરમતી આશ્રમથી પદયાત્રા-કારયાત્રા યોજવાની જાહેરાત કરી છે. નોપ્રૂફના રાજ્ય પ્રમુખ ડો. પંકજ પ્રજાપતિએ જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના લાગી કરાવવાના ભાગરૂપે નોપ્રૂફ દ્વારા તારીખ 12 માર્ચ અને 13 માર્ચના રોજ અમદાવાદ સાબરમતી આશ્રમથી જુની પેન્શન યોજનાની જાગૃતિ માટે દાંડીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રમુખે તમામ હોદ્દેદારો, કર્મચારીઓને જોડાવવા અપીલ કરી છે.



જાણીતી અભિનેત્રી કોમલ ઠક્કરે કચ્છ-ભુજમાં કામ કરતી મહિલાઓની વચ્ચે જઈને તેમના કામના કદરરૂપે એવોર્ડ આપવાની સાથે જ આ શ્રમિક મહિલાઓને એક મહિનો ચાલે એટલી રાશનકીટ આપીને ધન્યતા અનુભવી હતી. એમનું માનવું હતું કે પુરસ્કાર આપવા માટે તેમને બોલાવવાના બદલે હું જ તેમની પાસે ગઈ અને તેમને જોઈને ભારવિભોર બની ગઈ હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન

સંપાદકીય....

# હત્યાનો સિલસિલો; ગુજરાતના યુવાનોને આ શું થઇ ગયું છે...?!

રંગીલા અને ડાયમંડ સીટી સુરતમાં તાજેતરમાં જ જ્યારે એક તરફી પ્રેમમાં સનકી ફેનિલ ગોયાણી નામના યુવાને ગ્રીષ્મા વેકરિયા નામની યુવતીના ગળા પર છરી ફેરવીને ઠંડા કલેજે કોઈનાથી ડર્યા વગર તેમના પરિવારની હાજરીમાં સરેઆમ કરપીણ હત્યા કરી તે વખતે ગુજરાત વંદને પ્રથમ પાને અહેવાલ અને ચેતવણી આપી હતી કે જો સમાજ-સરકાર અને પોલીસ તથા સમાજસેવી નહીં ચેતે તો અનેક ગ્રિષ્માઓના ગળા કપાશે. કમનશીબે એ સાચુ પડ્યુ છે અને સુરતની ઘટના બાદ પાંચમો એવો બનાવ બન્યો કે જેમાં પ્રેમ પ્રકરણમાં પ્રેમીઓએ યુવતીના ગળે ટૂંપો દઈને કે પેટમાં છરી મારીને હત્યાઓ થઈ છે.

યુવાધન આવતીકાલના નાગરિકો છે. કોઈ એક બનાવ બને એટલે સમાજ એમ માને છે કે ઠીક છે. આ તો એક જ બનાવ બન્યો છે. પરંતુ અનુભવે એવુ પૂરવાર થયું કે એ એ ક બનાવે હત્યોની સાંકળ શરૂ કરી અને કમ સે કમ 4થી 5 ગ્રિષ્માઓ હણાઇ ગઇ છે. જેના માટે એક તરફી પ્રેમમાં સનકી બનેલા યુવાનોની માનસિકતા જવાબદાર છે. આ માનસિકતા કઇ રીતે બને છે, કોણ તેમને આવી કરપીણ હત્યા કરવા માટે પ્રેરે છે..તેના ઉંડાણમાં જો નહીં જઈએ તો હજુ પણ આવા બનાવો ગુજરાતમાં બન્યા કરશે અને અનેક નિર્દોષ યુવતીઓ તેનો ભોગ બન્યા કરશે

સુરતની ઘટના વખતે ગુજરાત વંદને સમાજ અને અન્યો હિત ધરાવનારાઓનું એ તરફ પણ ધ્યાન દોર્યુ હતું કે યુવાનોને મોબાઇલ, ફિલ્મોની અસર અને ઈન્ટરનેટનું વળગણ વગેરે. આવી ઘટનાઓ તરફ દોરી જાય છે. અને યુવાનોની આ માનસિકતામાં બદલાવ લાવવાની જરૂર છે. ખાસ કરીને મોબાઇલ અને ઇન્ટરનેટના કારણે આજનીનવી પેઢીના યુવાનો જ નહીં પરંતુ સગીર વયના કિશોરો દુષ્કર્મ જેવા ગુનાઓ આચરી રહ્યાં છે. જેનો અંજામ આખરે તો જેલની કાળ કોટડી જ છે. સુરત, ગાંધીનગર, અને મહિલા દિને 8મી માર્ચે અમદાવાદમાં એક યુવાને પ્રેમિકાને છરીઓના ઘા મારીને રહેંસી નાંખી. આ બનાવ છેલ્લો છે એમ માની લેવાની ભૂલ ભારે પડી શકે. આખરે તેનો ઉપાય શું એમ કોઇ પૂછે તો જવાબ એ છે કે યુવાનોને આવા ગુનાઓથી દૂર રહેવા એક ઝૂંબેશ શરૂ કરવી પડે. મનોવિજ્ઞાનીઓના જાહેર માર્ગદર્શનના કાર્યક્રમો રાખવા પડે. પ્રેમમાં પડેલી યુવતીઓએ પણ સાવચેત રહેવુ પડે. દિકરો મોબાઈલમાં શું જુવે છે એની પણ સંભાળ લેવી પડે અને બનાવ બને ત્યારે મોટા પાયે પોલીસ તંત્ર યુવા પેઢીને ચેતવણી આપે વો પ્રચાર પ્રસાર કરવો પડશે.


ગુજરાત વંદન
..તો અનેક ગ્રીષ્માઓના ગળા કપાશે !
નવાસવા ગૃહમંત્રીને દોષ આપવા કરતા સમાજે આત્મદર્શન કરવાની જરૂર છે કે, આમ કેમ બન્યુ...!

કોઈની હત્યા કરવી એ જાણે કે ટ્રાફિકનો ગુનો તોડવા સમાન આજની નવી પેઢીના યુવાનો માની રહ્યાં હોય તેમ જણાય છે. આવી ઘટનાઓના કેસો ફાસ્ટ કોર્ટમાં ચલાવીને વહેલામાં વહેલી તકે ગુણદોષના આધારે સજા થાય અને પોલીસ તથા મિડિયા દ્વારા તેનો પ્રચાર કરીને નવી પેઢીને ચેતવવાની જરૂર છે. પરિવારમાં પણ યુવાનો પર નજર રાખવાની જરૂર છે. ગુજરાતની અને ગુજરાતના યુવાનોની આપણે સૌએ સાથે મળીને ચિંતા કરવી પડશે. નહીંતર આવા બનાવોને કારણે ગુજરાતની છબિને કલંક લાગશે. પરિણામે સમાજની સાથે સરકાર સામે પણ આંગળી ચિંધાઇ શકે કે ગુજરાતમાં સરકાર કે પોલીસનો કોઈને ડર નથી.

આવા બનાવો મનોવિજ્ઞાનની રીતે માસ હિસ્ટરીયા પણ કહી શકાય. જેમ કે સુરતની ઘટના બની તે પછી ગાંધીનગરમાં આવી જ ઘટના બની , તે પછી રાજકોટમાં પણ અને અમદાવાદમાં બની. જેથી એમ કહી શકાય કે તે દેખાદેખીનું ખતરનાક પરિણામ છે. આવો સૌ સાથે મળીને ગુજરાતને સલામત બનાવીએ..ખાસ કરીને આવા સનકી યુવાનોને જઘન્ય હત્યાના ગુનાઓ આચરતા રોકીએ નહીંતર અનેક ગ્રીષ્માઓના ગળા કપાતા જશે...

## મારે કંઈક કહેવું છે...

## ડેમથી ગુમાવવાનું આદિવાસીઓને અને ડેમનો ફાયદો મોટા ઉદ્યોગોને...

નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સી(NWDA)મુજબ કેન્દ્રીય જળસંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ 1980માં અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી પહોંચે તે માટે નદીઓના જોડાણની યોજના વિચારવામાં આવી હતી. દેશની કૃષિ મહદંશે વરસાદ આધારિત છે, જેના કારણે અમુક વિસ્તારોમાં દર વર્ષે દુષ્કાળની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આથી, નદીના પાણીને દરિયામાં વહી જતું અટકાવવા, તેનો સંચય કરવા, પૂરની પરિસ્થિતિને ટાળવા/પીવા-સિંચાઈ માટે વાપરવા/વીજઉત્પાદન માટે નદીઓનું જોડાણ કરવાની યોજના છે. દક્ષિણ ગુજરાતની નદીઓનું જોડાણ કરીને દરિયામાં વહી જતાં મીઠા જળને સૌરાષ્ટ્ર-કચ્છ લઈ જવા માટે પાર-તાપી-નર્મદા લિંક યોજના છે. આ યોજના માટે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં છ ડેમ્સનું નિર્માણ હાથ ધરાશે : [1] ઝરી ડેમ : મહારાષ્ટ્રમાં નાસિક જિલ્લાના છ ગામ ડૂબમાં જશે, જેમાં 1030 પરિવારના 5733 લોકો વિસ્થાપિત થશે. [2] પૈખેડ ડેમ : મહારાષ્ટ્રમાં નિર્માણ પામનાર આ ડેમમાં 11 ગામડાંના 1474 પરિવારના 7360 લોકો વિસ્થાપિત થશે. [3] ચિકાર ડેમ : ગુજરાતના ડાંગ જિલ્લામાં આ ડેમનું નિર્માણ થશે. જેમાં નવ ગામના લગભગ 1300 પરિવારના 7800 જેટલા લોકો વિસ્થાપિત થશે. લાકડા/ખનીજ માટે સરકારે જંગલની જમીનો કોર્પોરેટ કંપનીઓને વેચીને આદિવાસીઓને તેમના હક્કોથી વંચિત કરી દીધા. હવે ખેતીની જમીનો ડેમના નામે પડાવી લેશે. આમ, આદિવાસીઓનું ભયંકર શોષણ એ નક્સલવાદનું ખરું કારણ નથી? ડેમથી ગુમાવવાનું આદિવાસીઓને અને ડેમનો સઘળો ફાયદો મોટા ઉદ્યોગોને/બ્લેકમનીથી બનેલા જમીનદારોને; આવું કેમ?

- રમેશ સવાણી નિવૃત આઈપીએસ

(આ વિભાગમાં રજૂ થયેલા વિચારો જે તે વાંચકોના છે. તેમની સાથે અમો સહમત છીએ એમ માની લેવું નહીં.- સંપાદક)

મહિલા અધિકારો | વો સુબહ કભી તો આયેંગી...?, મહિલાઓને માન-સન્માન સમાન તક-સમાન વેતન મળે

# યુક્રેનની યુદ્ધગ્રસ્ત મહિલાઓ માટે પણ અવાજ ઉઠાવીએ...

સાપ્તાહિક ગુજરાત વંદન







ભારતની અડધોઅડધ વસ્તી મહિલાઓની છે. અંદાજે 80 કરોડ મતદારોમાંથી 45 ટકા કરતાં વધુ મતદારો મહિલાઓ છે. મહિલાઓને પ્રિય એવો દિવસ એટલે 8 માર્ચ. દર વર્ષે, 8 માર્ચ મહિલાઓની આર્થિક, રાજકીય અને સામાજિક સિદ્ધિઓ અને વિશ્વના વિવિધ દેશોમાં મહિલાઓ માટે આદર, પ્રશંસા અને પ્રેમ દર્શાવવા અને મુશ્કેલીઓના સંબંધને યાદ કરવા ઉજવણીરૂપે થાય છે.

ફરીને આવી આઠ માર્ચ અને ફરી એક વાર મહિલાના અધિકારો અંગે દુનિયાભરમાં ચર્ચા થશે. ટીવી મિડિયામાં એ દિવસે પિંક..પિંક.. જોવા મળશે. નારીવાદના પક્ષમાં વિદ્વાનો પોતાની વાત રજૂ કરશે. કોઇ વળી સીતામાતાને થયેલા અન્યાયનો ઉલ્લેખ કરે તો કોઇ વળી મહાભારતના મૂળમાં દ્રોપદીએ દુર્યોધનને કહેલા કડવા વેણને જવાબદાર માને તો કોઇ વળી શબરી ભીલને યાદ કરીને ભગવાન રામજીએ તેમના એંઠા બોર ખાઇને માતૃશક્તિને વંદન કર્યા એવો પણ ઉલ્લેખ થશે અને હાલમાં યુક્રેન પર રશિયાએ કરેલા હુમંલાના સંદર્ભમાં ત્યાં મહિલાઓ અને બાળકોને પડી રહેલી મુશ્કેલીઓની વાત પણ કરી શકે...

8મીએ મહિલા સંબંધિત કાર્યક્રમો પણ યોજાઈ ગયા અને યોજાવા પણ જોઇએ. કેમ કે મહિલાઓને પણ એટલા જ માનવીય અધિકારો મળવા જોઇએ જેટલા પુરૂષને મળે છે. જો કે સ્થિતિ હજુ જોઇએ એટલી સારી નથી. તાજેતરમાં જ ભારતમાં એક સર્વેમાં 80 ટકા પુરૂષો ઉવાચ-પત્નીઓએ તો અમારા કહ્યાંમાં જ રહેવુ જોઇએ...! જ્યાં હજુ આવી માનસિકતા હોય ત્યાં મહિલાઓએ 8મી માર્ચ નહીં પણ દર મહિનાની 8 તારીખ મહિલા દિન તરીકે ઉજવવી પડે તો નવાઇ નહીં.

સામાજિક પરિવર્તન કાંઇ રાતોરાત થતું નથી. સમય-સંજોગો-સાનુકૂળતા-અનુકૂળતા-અનુભવના આધારે મત બંધાય, બદલાવ આવે, કાયદાઓ બને અને તેનો અમલ થાય. ઘરેલુ હિંસાને રોકવા કાયદો બન્યો, તેની કેટલીક અસર એ થઈ કે પત્ની ઉપર હાથ ઉપાડતા પહેલાં વિચારવુ પડે.

ભારતમાં મહિલાઓની સ્થિતિ એક સમયે કેવી હતી..? કેરળમાં એ વખતના ત્રાવણકોરના રાજાએ દલિત મહિલાઓ પર સ્તન ટેક્સ લાદ્યો હતો....જેને બ્રેસ્ટ ટેક્સ પણ કહેવાય છે. એ રાજા (એને રાજા કહેવાય..?)એ દલિત મહિલાઓને ફરમાન કર્યુ હતું કે જો તેઓ શરીરનો વક્ષઃસ્થળ ઢાંકવા માંગતા હોવ તો રાજ્યને ટેક્સ આપવો પડશે.., નહીંતર કમરથી ગળા સુધીનો ભાગ ઉઘાડો રાખીને જીવવાનું...એ પછી શું થયું એ માટે વિકિપિડિયા કે ગૂગલ સર્ચ કરશો અને વાંચશો તો એ રાજાને મારી નાંખવાનું મન થશે....

વાત મહિલાઓના અધિકારની છે અને દલિત મહિલાઓને પણ મહિલા છે અને તેમના પણ અધિકારો છે અને મળવા જોઇએ..જો કે એ વાત ઘણાંને નહીં ગમે. જાનો ભી દો યારોં..તો વાત કરીએ ભારતની પાવરફુલ મહિલાઓની. ઝાંસી કી રાની લક્ષ્મીબાઇથી લઇને ચિત્રા રામકૃષ્ણ સુધી જોઇએ તો તેમાં ઇન્દિરા ગાંધી પણ આવી જાય કે જેમણે સૌથી પહેલા અણુ ધડાકો કરીને અમેરિકા સામે ટક્કર ઝીલી હતી. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન પણ તેઓ જ હતા, તેનો કોઇ ઈન્કાર

## ગુજરાતમાં પ્રથમ સીએમ આનંદીબેન, પ્રથમ સ્પીકર નીમાબેન...





કરી શકે તેમ નથી. કલ્પના ચાવલા મૂળ ભારતીય પણ અમેરિકન નાગરિક. સુનિતા વિલિયમ્સ. મૂળ ભારતીય પણ અમેરિકન નાગરિક. અંતરિક્ષ ક્ષેત્રે ડંકો વગાડનાર...

ગુજરાતની મહિલાઓમાં આનંદીબેન પટેલ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી. હવે કદાજ રામનાથ કોવિંદનું સ્થાન પણ લે તો નવાઈ નહીં... નીમાબેન આચાર્ય. ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ. વિધાનસભાની પેનલમાં વર્ષો સુધી નામ રહ્યું અને અધ્યક્ષને કંઈક કામ હોય તો નીમાબેનને એકાદ કલાક માટે ગૃહનો હવાલો સોંપીને જાય. એમ કરતાં કરતાં હવે નીમાબેન ખુદ અધ્યક્ષ બન્યા અને વિધાનસભા ચલાવી રહ્યાં છે.

કોર્પોરેટ સેક્ટરમાં નીતા અંબાણી સૌથી મોખરે. પાવરફુલ મહિલા તરીકે બિરાજે છે... જુગ જુગ જિવો જિઓ કે સંગ...! ચંદા કોચર પણ પાવરફુલ હતા. આઈસીઆઈસીઆઈ નામની ખાનગી બેંકના સર્વેસર્વા. ચમક દમક.. ઝાકમઝોળ..બડે બડે લોગોં કે સાથ ઉઠના બૈઠના અને પછી વિડિયોકોનને આપેલી લોનમાં 65 કરોડમાં "પાવરફુલ" મહિલા વિશેષણમાંથી પા નિકળી ગયું અને તેઓ અને તેમના વર ફૂલ (મૂર્ખ) બન્યા..વર દિપક કોચર જેલની અંદર અને ચંદા એફઆઈઆર હોવા છતાં, આરોપી હોવા છતાં, બેંકની આંતરિક તપાસમાં દોષિત ઠર્યા હોવા છતાં એરેસ્ટ થયા વગર જામીન પર બહાર...!

ચિત્રા રામકૃષ્ણ. નેશનલ સ્ટોક એક્સચેન્જના સર્વેસર્વા...2013થી 2016 સુધી એનએસઈમાં તેમના ગાળામાં જે થયું તેની તપાસ શરૂ થઈ છે અને સલીમ-જાવેદની પટકથાને ટક્કર મારે એવી પટકથા તેણે સેબીને બતાવી કે સેબીવાળા પણ ચકરાઇ ગયા..જે શેરબજારમાં રોજના 64 હજાર કરોડના નાણાંકિય વ્યવહારો થતાં હોય એ શેરબજારનું સંચાલન હિમાલયમાં બેઠો એક એવા યોગી કે જેમને યોગીના પટ્ટ શિષ્યા ચિત્રાએ પણ જોયા નથી તે યોગી હિમાલયમાં બેઠા બેઠા ઈ-મેઈલ દ્વારા ચિત્રાને ગાઈડ કરતાં હતા કે શેર બજાર કઇ રીતે ચલાવવું...!!

ચિત્રાનો "યોગી" આનંદ સુબ્રમણ્યમ પકડાયો અને હવે ચિત્રાનો વારો પણ આવી ગયો.. ભારતની બે પાવરફુલ મહિલાઓએ લોભ-લાલચમાં આવીને અને કોઈ અમારૂ શું બગાડી લેશે..ના તોરમાં આવીને મહિલાઓને શરમમાં મૂકવાનું કામ કર્યું છે. 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિને તેમની નોંધ ન લઈએ તો મહિલા દિનની ઉજવણી અધૂરી ગણાય. જો ચંદા અને ચિત્રા (બન્નેની રાશિ પણ એક જ છે.. )એ પોતાના પગે લોભરૂપી કૂહાડો ન માર્યો હોત તો મહિલા દિનની ઉજવણીમાં તેઓ રાષ્ટ્રીય મંચ પર બિરાજમાન હોત...પણ તેહિનો દિવસ ગતાહ... ની જેમ એ દિવસો ગયા. ચંદા તો અંદર જતાં બચી ગઇ પણ ચિત્રાને તો યોગીની સાથે અંદર જવુ પડે તેમ છે. સીબીઆઈની તપાસ તેની આસપાસ જ છે...ગમે ત્યારે કદાજ 10મી માર્ચના પરિણામોનો દોર પત્યા બાદ ટીવી એન્કરો ગાજશે- અબ તક કી સબ સે બડી ખબર..એનએસઈ કી પૂર્વ અધ્યક્ષા ચિત્રા કી ગિરફતારી...આઈએ હમ આપકો બતાતે હૈ કી ઉન્હોં ને એનએસઆઇ મેં આખિર કિયા થા ક્યાં..?!મહિલાઓના અધિકારો માટે 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી ન રહેતાં પરિવારમાં-સમાજમાં-રાજ્યમાં-પ્રાંતમાં- દેશમાં-વિદેશમાં એક એવુ પિંક..પિંક.. ગુલાબી વાતાવરણ બને કે જ્યાં મહિલાઓને માન-સન્માન-અધિકાર-સમાન તકો-સમાન વેતન મળે અને ફરીથી કોઇ મહિલા મુખ્યમંત્રી બને...કોઇ મહિલા વડાપ્રધાન બને..કોઇ મહિલા રાષ્ટ્રપતિ બને..કોઇ મહિલા સુપ્રિમમાં ચીફ જસ્ટીસ બને..અને જે કર ઝુલાવે પારણુ એ જગ પર શાસન કરે...હેપ્પી વુમેન્સ ડે... આ વર્ષનો ઇન્ટરનેશનલ વુમેન્સ ડે યુધ્ધગ્રસ્ત યુક્રેનની નિરાધાર મહિલાઓને સમર્પિત કરીએ.....?!

નીલુનાં બેતાલા ચશ્માની પાછળથી ગરમ ઝરણા દડદડવા લાગ્યા

# રાગનાં લગ્ન ધામધૂમથી લેવાયા, નીલુએ કોઇ વાતની ખામી ના રહેવા દીધી

સાપ્તાહિક ગુજરાત વંદન

ટૂંકી વાર્તા

અશોકસિંહ એ. ટાંક

નીલુ બે ત્રણ દિવસનાં થાક અને ઉજાગરાને લીધે અડધી બેભાન હોય તેવી સ્થિતિમાં રૂમમાં બેડની બાજુમાં આસન પર બેઠી હતી. ભારેખમ ડ્રેસને શણગાર, મેકઅપ બધુ ક્યારે ઉતરેને ક્યારે પથારી ભેગી થાવ તેવું વિચારતી હતી. નીલુ હજી તો બે-ત્રણ કલાક પહેલા જ આ ઘરમાં પરણીને આવી હતી. બહાર ઓસરીમાં ધીમે ધીમે બધા સદસ્યો ઓછા થવા લાગ્યા તેવું, અવાજ ઓછો થઈ જતા નીલુ અંદાજ કરતી હતી. બહાર નીરવને તેની બા બે જ હવે બેઠા હતા. નીરવ કહેતો હતો, "બા આજે ખૂબ થાકી ગયો. ખૂબ ઊંઘ આવે છે."તેની બા કહેવા લાગ્યા, "બેટા નાહી લે ને હળવા કપડાં પહેરી લે. પછી હું વિક્સ લગાવી દઈશ એટલે ઊંઘ આવી જશે." નીલુ આ બધું રૂમમાં બેઠી બેઠી સાંભળતી હતી.

ધીમે ધીમે દિવસો વીતતા ગયા. નીલુ જોયા કરતી. નીરવ કંઈ પણ કામ હોય એની બાને પૂછ્યા વગર ના કરતો. સુરધનદાદા ને પગે લાગવા જવું, તેડવા મુકવા જવું, કેટલું રોકાવું, રોટલો ખાવા જવું, શહેરમાં વસ્તુ લેવા જવી બધી જ વાતમાં એ બાને પૂછતો. નીલુ જોયા કરતી કઈ બોલતી નહીં.

સમયનું ચક્ર તેનું કામ કરે રાખતું. નીલુંને નીરવ બેમાંથી ત્રણ થયા. પણ નીરવ તો દરેક વાતમાં બાને પૂછીને જ આગળ વધે. ઓફિસે જાય તો પણ બાને કહીને જ જાય. બા ને તો ખૂબ ગમતું. બધાના મોઢે વખાણ કર્યા કરે. મારો નીરવ મને પૂછ્યા વગર પાણી ના પીવે. નીલુને હવે આ બધું ગમતું ન હતું.

શરૂઆતમાં નવા-નવા હોય ત્યારે પોતાનો અણગમો દબાવી દેવો પડતો હોય છે. ધીમે-ધીમે નીલુ, નીરવને સમજાવતી કે, "હવે તમે મોટા થઇ ગયા છો. બધુ બાને પૂછી પૂછીને ના કરવાનું હોય. તમે સ્વતંત્ર નિર્ણય લેતા ક્યારે શીખશો?"

નીરવ કહેતો, "બા ખૂબ સમજદાર છે, ને વડીલ પણ છે. તેને પૂછીને કામ કરવી તો બિચારા કેટલા રાજી રહે? અને પૂછવાથી શું ફેર પડે?"

નીલુને ગુસ્સો આવતો પણ તે દબાવી દેતી. સમય જતાં નીલુ પોતાનો ગુસ્સો પ્રગટ કરવા લાગી. તે નીરવને કહેતી, "તમે તો સાવ માવડિયા જ છો." નીરવ સમસમી જતો કંઈ બોલતો નહીં. પરંતુ તેણે પોતાના વ્યવહારમાં કંઈ ફેર ન પાડ્યો. બાને પૂછ્યા વગર કંઈ કામ ના કરે. આ બાબતમાં બંને જણ વચ્ચે ઘણી વાર ઝઘડો થતો. નીલુ નીરવને માવડિયો...... માવડિયો... કહ્યાં કરે. મહેમાનો વચ્ચે પણ નીલુ ઉકળાટ કાઢે, "અમારે આ તો સાવ માવડિયા જ રહ્યા."નીરવ કંઇ બોલે નહીં

બન્નેનાં લગ્ન જીવન પર વરસોના પડ ચડવા લાગ્યા. નીલુને નીરવનો પડછાયો રાગ હવે મોટો થવા લાગ્યો. રાગ સાત ખોટનો હોવાથી બંનેએ ખૂબ લાડકોડથી ઉછેર્યો હતો. રાગનું નીલુ ખૂબ ધ્યાન રાખતી. રાગને પણ મમ્મી વગર ઘડીક પણ ન ચાલે. રમકડાંથી લઈ, નાસ્તો, કપડા, શુઝ, સ્કૂલ, ભણતર, નોકરી સુધીમાં રાગ મમ્મીની સલાહ પ્રમાણે જ ચાલતો.

નીરવને રાગનાં આવા સ્વભાવ માટે કંઈ વાંધો પણ ન હતો. તે પોતાની રાય રજૂ કરતો પણ બંને મમ્મી દીકરાનાં નિર્ણયમાં દખલગીરી ના કરતો. રાગ ઊંચી ડિગ્રી મેળવી એક સારી કંપનીમાં જોબ કરવા લાગ્યો. સારા ઘરની છોકરીઓ માટે તેને માંગા આવવા લાગ્યા. હા...... ના..... કરતા એક છોકરી પસંદ કરી લીધી.અને હા છોકરી તો નીલુની જ પસંદની, એ કહેવાની જરૂર નથી.

નીલુને નીરવનાં વાળનાં કલરમાં પિસ્તાલીસનો લૂણો લાગી ગયો છે. બંનેનું સુખી દામ્પત્ય છે. છતાં પસાર થયેલા વર્ષોએ મોઢા પર થોડાં ઘણાં ઉઝરડાં રૂપી કરચલીઓની કેડીઓ પાડી દીધી છે. આર્થિક રીતે તો પહેલેથી જ કોઈ ચિંતા ન હતી. તેમાં રાગને સારી જોબ મળી એટલે આર્થિક ઊંચાઈ પણ વધશે એ દેખાઈ રહ્યું હતું.

રાગનાં લગ્ન ધામધૂમથી લેવાયા. નીલુએ કોઈ વાતની ખામી ના રહેવા દીધી. હવે તો બધો વ્યવહાર નીલુનાં હાથમાં જ હતો. નીરવનાં બાનો સ્વર્ગવાસ થયો પછી બધો વ્યવહાર નીલુ જ કરતી. રાગ સુંદર દેખાવડી લાડી લઈ આવ્યો. રાગિણી ખૂબ હોશિયાર હતી.

રાગ અને રાગિણી આનંદથી રહેવા લાગ્યા. રાગ હવે રાગીણી સાથે વધારે સમય ગાળતો. ઓફિસેથી આવી સીધો જ પોતાના રૂમમાં જતો રહેતો. નીલુ રાગની રાહે રહેતી. પણ બધા રાત્રે જમવા ભેગા થાય એટલી વાર તો માંડ મળતા. બાકીનો સમય રાગ ને રાગિણી બહાર ફરવામાં, પિક્ચર જોવામાં ને મિત્રો જોડે ગાળતા. નીલુ અંદરથી દુઃખી રહેવા લાગી. તે નીરવને કહેતી, "રાગને હવે મમ્મી પ્રત્યે બહુ લગાવ નથી રહ્યો."નીરવ નીલુની સામે જોઈ રહેતો કોઈ જવાબ ન આપતો.

આજે રાગ ઓફિસેથી આવીને સીધો પોતાના રૂમમાં જતો રહ્યો. બંને જણા તૈયાર થઈ રહ્યા છે. બહાર આંગણામાં નીલુ ને નીરવ હિંચકે બેઠા છે. રાગ-રાગિણી ઝડપથી બહાર નીકળ્યા. જતાં જતાં રાગે " બહાર જઈએ છીએ" એટલું જ કહી, કાર લઈ નીકળી ગયા. વાતાવરણમાં બંનેએ લગાવેલા પરફ્યુમની સુગંધ ફેલાયેલી છે, અને નીલુના મગજની ગરમી પણ.

નીલુ ખૂબ જ ગુસ્સે થઈ ગઈ. નીરવને કહેવા લાગી, "મેં કેમ ઉછેર્યો છે આને. હું અડધી.... અડધી... થઈ ગઈ તેના માટે. આજે તેની પાસે ક્યાં જાય છે તે કહેવાનો પણ ટાઈમ નથી. કાલે સવારે હજી વહુ આવી એટલામાં તો વહુઘેલો થઈ ગયો છે."નીલુ ઉકળાટ કાઢતી જાય છે ને હિંચકાને પગના ઠેલા મારતી જાય છે. નીરવ બેઠો બેઠો નિર્લેપભાવે સાંભળી રહ્યો છે.

"મારી વગર ઘડીએ નહોતું ચાલતું તમને ખબર ને? તેને કેજીમાં બેસાર્યો ત્યારે તેને રડતો મૂકી આવીને હું ઘરે કેટલું રડી હતી?" ફરી પાછી નીલુ બબડી, "સાવ વહૂઘેલો થઈ ગયો."

એટલામાં દરવાજે કાર આવી ઊભી રહી. રાગ નીચે ઉતર્યો. ઝડપથી પોતાના રૂમમાં ગયો. તરત પાછો વળ્યો. "મમ્મી હું મારો મોબાઈલ ભૂલી ગયો હતો. મમ્મી અમે આપણી ફેવરિટ હોટલ woodan gardenમાં જઈએ છીએ. તુ રસોઈનાં બનાવતી. હમણાં અમે બધા માટે તારો ફેવરિટ મૈસુરી ઢોસાનું પાર્સલ લઈને આવીએ જ છીએ. મમ્મી તમે ભૂલી ગયાં? આજે તમારી ને પાપની મેરેજ એનિવર્સરી છે.હું ને રાગિણી પાર્સલ લઈ આવીએ પછી બધા સાથે જમીશું." આટલું કહી રાગ કારમાં બેસી ગયો.

નીલુનાં બેતાલા ચશ્માની પાછળથી ગરમ ઝરણા દડદડવા લાગ્યા. નીરવે ખીસ્સામાંથી રૂમાલ કાઢી તેને ઝીલી લીધા. નીલુએ પોતાનું માથું નીરવનાં ખંભે નાખી દીધું. હીંચકો ધીમે.. ધીમે..પોતાનું કામ કર્યે જતો હતો.

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

સુરત રેપ - ડબલ મર્ડર કેસ : માતા-દીકરીની હત્યા કરી લાશને અલગ-અલગ ફેંકી હતી

## એકને ફાંસી, બીજાને આજીવન કેદ

ગુજરાત વંદન | અમદાવાદ



ગત શનિવારે સુરતના પાંડેસરામાં માતા-બાળકી પર રેપ બાદ હત્યાના કેસ મામલે કોર્ટે 2 આરોપીને દોષિત ઠેરવ્યા બાદ સોમવારે એક આરોપીને ફાંસી, અને એકને આજીવન કેદ સજા ફટકારી હતી. ત્રણ વર્ષ અગાઉ પાંડેસરામાં માતા-પુત્રીના ચકચારિત ડબલ મર્ડર કેસમાં કોર્ટે મુખ્ય આરોપી સહિત બન્નેને દોષી ઠેરવી કોર્ટે સજા ફટકારી છે. મુખ્ય આરોપી હર્ષસહાય ગુર્જરને ફાંસી અને સહઆરોપી હરિઓમ ગુર્જરને આજીવનકેદની સજા આપવામાં આવી છે.

કેસની વિગત મુજબ 6 એપ્રિલ, 2018ના રોજ ભેસ્તાન સાંઈ ફકીર ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે 11 વર્ષની કિશોરીની લાશ મળી હતી. તેની પર જાતીય હુમલો અને બળાત્કાર થયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. આ દરમિયાન 6 દિવસ બાદ સચિન-મગદલ્લા હાઈવે પર એક મહિલાની લાશ મળી હતી, જેને ગળેફાંસો આપીને હત્યા કરવામાં આવી હોવાનું ખૂલ્યું હતું. સીસીટીવી વગેરે જહેમત બાદ પોલીસે કાળા કલરની કારમાં લાવી આ લાશ કોઈ ફેંકી ગયું હોવાનું તપાસમાં સામે આવ્યું હતુ. જોકે આરોપીએ હત્યા બાદ માતા અને દીકરીની લાશ અલગ-અલગ સ્થળે ફેંકી દીધી હતી.

બંને કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાતાં પહેલાં ડીએનએ ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં બંને માતા-પુત્રી હોવાનું ખૂલ્યું હતું. કારના આધારે પોલીસે આરોપી હર્ષસહાય રામરાજ ગુર્જર અને હરિઓમ હીરાલા ગુર્જરની ધરપકડ કરી હતી. કોર્ટમાં બંને કેસ સાથે જ ચલાવવા માટે કરાયેલી અરજી મંજૂર રહેતાં 4 માર્ચના રોજ કોર્ટમાં બન્ને આરોપીઓને ગુનેગાર ઠેરવવામાં આવ્યા હતા.

આરોપી હર્ષસહાય માતા-દીકરીને રાજસ્થાનથી સુરત લાવ્યો હતો. પર્વત પાટિયા પર બંનેની રહેવાની વ્યવસ્થા કરાઈ હતી. બનાવના દિવસે આરોપીએ માતાને માર મારી ચાલુ કારમાં દીકરીની નજર સામે જ દુપટ્ટા વડે ગળેટૂંપો આપી તેની હત્યા કરી નાખી હતી. કિશોરી સાથે ક્રૂરતાપૂર્વક વર્તી તેના ગુપ્તાંગમાં લાકડી નાખી તેની પણ હત્યા કરી નાખી હતી. બાળકી પર 78 જેટલી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.

## જૂનાગઢમાં ઘરકંકાસને કારણે ફૌજી પતિનું પત્ની પર ફાયરિંગ

ગુજરાત વંદન | અમદાવાદ

જૂનાગઢ શહેરમાં ફાયરિંગની ઘટના બની હતી. શહેરમાં નિવૃત આર્મી જવાને પોતાની પત્ની પર ઘરકંકાસને કારણે ફાયરિંગ કરી દીધું હતું. ફાયરિંગમાં ઈજાગ્રસ્ત પત્નીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ ઘટનાની માહિતી મળતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ફાયરિંગ કરનાર પતિને હથિયાર સાથે ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી હતી. જૂનાગઢ શહેરના દાણાપીઠ વિસ્તારમાં સ્મિતાબેન નામની મહિલા આંગણવાડીમાં ફરજ બજાવે છે. ત્યારે તેના પતિએ અચાનક માર મારી ફારયિંગ કર્યું હતું. મહિલાને ગોળી વાગતા ઈજાગ્રસ્ત સ્મિતાબેનને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જાણવા મળી રહ્યું છે કે પતિ-પત્ની વચ્ચે ઘરકંકાસ ચાલી રહ્યો હતો.

સાબરકાંઠાના વડાલી ગામની ઘટના

## કુહાડીના ઘા ઝીંકી દિકરાએ પિતાની હત્યા કરી, આરોપી પુત્રની ધરપકડ

ગુજરાત વંદન | અમદાવાદ



સાબરકાંઠાના વડાલીમાં એક પુત્રએ પોતાના જ પિતાને ગળાના ભાગે કુહાડીના ઘા ઝીંકીને હત્યા કર્યાનો સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. અસ્થિર મગજનો હત્યારો પુત્ર પિતાનું ઢીમ ઢાળી ને ફરાર થઈ ગયો હતો. બાદમાં પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હાથ ધરી હતી.

વિગત મુજબ, વડાલીના ગાયત્રીનગરમાં રહેતા નાનજીભાઈ વાલજીભાઈ પટેલ (70) રવિવારે બપોરે ઘેર હાજર હતા. દરમિયના તેમનો પુત્ર પ્રભુદાસ આવી પહોંચ્યો હતો. અને અચાનક કુહાડી તૂટી પડ્યો હતો. નાનજીભાઈને માથું, જડબું અને ગરદન પર હુમલો કરતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પિતાને મોતને ઘાટ ઉતારી પુત્ર પ્રભુદાસ ફરાર થઇ ગયો હતો. બાદમાં પોલીસે ઝડપી લીધો હતો.

વડાલીના ગાયત્રીનગરમાં રહેતા એક 70 વર્ષીય નાનજીભાઈ પટેલ પર રવિવાર બપોરે તેમના પુત્ર પ્રભુદાસભાઈએ તેમના ઉપર અચાનક કુહાડી લઈ હુમલો કરતાં નાનજીભાઈના ગરદન હુમલો કરતાં તેઓનું મોત નીપજ્યું હતું. જો કે, આ ઘટના બાદ હત્યારો પુત્ર પિતાનું ઢીમ ઢાળી કુહાડી લઈને ઘરમાંથી ફરાર થઇ ગયો હતો.

પોલીસની તપાસ મુજબ, નાનજીભાઈના ઘરમાં લાંબા સમયથી કંકાસ ચાલી રહ્યો હતો. આ પહેલા પણ હત્યારા પુત્રે તેના પિતાને ત્રણ ચાર દિવસ અગાઉ લાકડીઓ પણ મારી હતી અને રવિવારે પણ કંકાસ ચાલતો હતો એ દરમિયાન પુત્રએ કુહાડી લઈને ઝીંકી દીધી હતી. પ્રાથમિક તપાસમાં પુત્ર અસ્થિર મગજનો હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ મામલે આરોપી પુત્ર પ્રભુદાસની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસુલ મંત્રીને એક આવેદનપત્ર પાઠવી કરાઇ રજૂઆત

## માણાવદરમાં કોમર્શીયલ મિલ્કતોની જંત્રીમાં જંગી વધારો કરાતાં ફફડાટ

ગુજરાત વંદન | અમદાવાદ



જુનાગઢના માણાવદર શહેરમાં મિલકતોની બજાર કિંમતમાં નક્કી કરતી જંત્રીમાં કોમર્શિયલ મિલકતોની જંત્રીનો ભાવ 1 ચો. મીટરનો ભાવ 71 હજાર રૂપિયાનો હોવાથી નાગરિકોમાં ફફડાટ વ્યાપ્યો છે. અને જંત્રીનો ભાવ ઘટાડવા માટે માણાવદરના નાગરિકોએ મહેસુલ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને એક આવેદનપત્ર પાઠવી જંત્રીના ભાવમાં ઘટાડો કરવા જણાવ્યું છે.

માણાવદરની વસ્તી 35 હજારની છે અહીં કોઈ મોટા ઉદ્યોગ આવેલા નથી આખો તાલુકો ખેતી ઉપર નિર્ભર છે.આ તાલુકામાં મોટા ભાગની વસ્તી મધ્યમ વર્ગની છે આ શહેરમાં આવેલી કોમર્શિયલ મિલકતોમાં દુકાનોની બજાર કિંમત નક્કી કરતી જંત્રી અન્ય શહેરોની કિંમત કરતાં બે થી ત્રણ ગણી વધારે છે જેને કારણે દુકાન ખરીદનારે ખરીદ કિંમત કરતાં બે થી ત્રણ ગણી વધારે કિંમતનો વેચાણ દસ્તાવેજ કરવો પડે છે. સોના કરતા ઘડામણ વધી જાય છે આને કારણે માણાવદર શહેરમાં દુકાનોના સોદા થતાં અટકી પડ્યા છે ને જે થયા છે તે કેન્સલ થવા લાગ્યા છે.

ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલા બગીચાનો બનાવ

## રાજકોટમાં ઝેરી બી ખાઈ જતા બાળકો સહિત સાતને અસર

ગુજરાત વંદન | અમદાવાદ

રાજકોટ શહેરના ગ્રીનલેન્ડ ચોકડી પાસે બગીચામાં એક મહિલા અને અન્ય છ બાળકો બદામ સમજી કોઈ બી ખાઈ લેતા તમામની તબિયત લથડી હતી. તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વિગતો અનુસાર, ગ્રીનલેન્ડ ચોકડીથી સર્વિસ રોડ પર જતાં પાસે એક બગીચામાં નિરુબેન નવઘણભાઈ કાવડિયા (ઉ.વ.28) નામના મહિલા બેઠા હતા ત્યાં ઝાડમાંથી એક બદામ જેવું બી ફોલી બાળકોને કહ્યું આ બદામ જેવું લાગે છે તમે બધા ચાખો તેમ કહેતા ત્યાં બગીચામાં રમતા છ બાળકોએ પણ આ બી ખાઈ લેતા તેમને ઝેરી અસર થઈ હતી અને મહિલાએ ખાતા તેમની પણ તબિયત લથડતા તમામને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં રહેલા પિયુષ રાજુ બાજાણીયા (ઉ.વ.15), સંદીપ રાજુ (ઉ.વ.12), ધવલ સંજય ઉધરેજીયા (ઉ.વ.13), રોહીત સંજય(ઉ.વ.10), વિપુલ વિધાનન્દ જુરી (ઉ.વ.15), આશા રમેશ કાવડીયા (ઉ.વ.10) અને નિરુ નવઘણ (ઉ.વ.28)છે. તમામને ઉલટી અને ગળામાં બળતરા થતી હોવાનું તબીબે જણાવ્યું હતું. આ અંગે બી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં રહેતી મહિલાને ક્રાઈમ બ્રાંચે છટકુ ગોઠવી ઝડપી લીધા

## ગેરકાયદે ગર્ભ પરીક્ષણમાં પકડાયેલી મહિલા ચાર વર્ષની બાળકીની માતા

ગુજરાત વંદન | અમદાવાદ



રાજકોટમાં વધુ એક ગેરકાયદે ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતના કારસ્તાનનો પર્દાફાશ થયો છે.

ઉના પંથકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ટેકનિશિયન અને રાજકોટમાં રહેતી મહિલાને ક્રાઈમબ્રાંચે છટકુ ગોઠવી ઝડપી લીધા હતા અને રોકડ-કાર તથા બે મોબાઈલ સહિત રૂ.6.87 લાખનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં આ બેલડીએ 11 માસમાં 20 થી વધુ ગર્ભ પરીક્ષણ કરી નાખ્યા હોવાનું સામે આવ્યું છે.

ગર્ભ પરીક્ષણમાં ઝડપાયેલી મહિલા ખુદ ચાર વર્ષની બાળકીની માતા હોવાનું હોવાનું માલુમ પડ્યું છે. આ બેલડી ગર્ભપાત કોની પાસે કરાવતી આ કારસ્તાનમાં અન્ય કોઈ સામેલ છે કે કેમ? સહિતની બાબતો અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.

અમદાવાદ બાદ વડોદરામાં પણ ITનો સપાટો

## બિલ્ડર દર્શનમ અને વિહાવ સહિત પાંચ ગ્રૂપ પર આઈટીના દરોડા

ગુજરાત વંદન | અમદાવાદ




ભ્રષ્ટાચારીઓને સકંજામાં લેવા આઈટી વિભાગે કમર કસી છે. અમદાવાદ બાદ વડોદરામાં IT વિભાગે સર્ચ ઓપરેશન શરુ કર્યુ છે. ભ્રષ્ટાચારીઓને ઝડપી પાડવા માટે વડોદરામાં આઈટી વિભાગે 35 જગ્યાએ તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. એક બાદ એક મહાનગરોમાં ઈન્કમ ટેક્સ વિભાગે રેડ પાડતા મોટા માથાઓમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે

વડોદરામાં આઈટી વિભાગે દર્શનમ ગ્રુપ, વિહાવ ગ્રુપ, સમૃદ્ધિ ગ્રુપ, સાંઇ રૂચિ ગ્રુપમાં દરોડા પાડીને તમામ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની હાજરીમાં આઈટીની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ તમામ ગ્રુપ સાથે સંલગ્ન બેંક એકાઉન્ટ, નાણાકીય વ્યવહારો, લોકરો તથા જમીનના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે. બેંક લોકરમાંથી રોકડ અને જ્વેલરી મળી આવી છે. કુલ રુ.50 કરોડની બિનહિસાબી આવક ઝડપાઈ છે.વડોદરાના નામાંકિત આર્કિટેક્ટ રુચિર શેઠને ત્યાં પણ આઈટીની ટીમ ત્રાટકી છે. રુચિર શેઠની ઓફિસ તથા બંગ્લોમાં તપાસ કરવામાં આવી રહી છે. બેંક એકાઉન્ટ, બેનામી વ્યવહારો, અપ્રમાણસર મિલકત તથા દસ્તાવેજોને લઈને હાલમાં ચકાસણી કરવામાં આવી રહી છે.. વહેલી સવારથી જ પોલીસ પ્રોટેક્શન સાથે આઈટીના અધિકારીઓ તપાસ કરી રહ્યા છે.

આર્થિક ભીંસ કારણભૂત હોવાની આશંકા

## રાજકોટ બેડી યાર્ડમાં બે ભાઈઓએ ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવ્યું

ગુજરાત વંદન | અમદાવાદ

રાજકોટ બેડી યાર્ડમાં સુખી સપ્પન પરિવારના બે સગાભાઈઓએ ઝેર પી આપઘાત કરી લેતા સનસનાટી મચી જવા પામી હતી. પ્રાથમિક તપાસ કરતા આર્થિક સંકડામણ હોવાનું કારણ બહાર આવી રહ્યું છે. પરિવારજનો ના આ મામલે જણાવ્યા પ્રમાણે પરિવારમાં પૈસાને લઈને કોઈ પ્રકારની ચિંતા નહોતી. હવે આ બંને ભાઈઓએ શા માટે અંતિમ પગલું ઉઠાવ્યું છે.તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કરાવ્યો છે. વધુ વિગત પ્રમાણે, ગુંદાવાડી મેઈન રોડ પર જલારામ મેડિકલ સ્ટોર ધરાવતા યતીનભાઈ કિશોરભાઈ સૂચક અને બેડી માર્કેટિંગ યાર્ડમાં 243 નંબરની પેઢી ધરાવતા વિપુલભાઈ સૂચકે બપોરના સમયે એકાદ વાગ્યે કપાસમાં નાખવાની મોનાકોટા નામની ઝેરી દવા પી લેતા સ્થળ પરજ બંનેનું પ્રાણ પખેરું ઉડી ગયાનું જાણવા મળ્યું છે. બંને ભાઈઓએ શટર બંધ કરીને વિષપાન કરી લીધાનું જણાવ્યું હતું.

ગંભીર રીતે દાઝી જતાં સારવાર દરમિયાન મોત

## જુનાગઢ વંથલીનાં બંટીયા ગામે ગેસ સીલીન્ડર બ્લાસ્ટ,બે મહિલાનાં મોત

ગુજરાત વંદન | અમદાવાદ



જુનાગઢ જિલ્લાના વંથલીના બંટીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા મહિલાની વાડીએ પોતાની સાથે કામ કરતી મહિલા બન્ને વાડીમાં દૂધ ગરમ ગેસના ચુલામાં કરતા હોય ત્યારે અચાનક ગેસનો બાટલો ફાટતા બન્ને ગંભીર રીતે દાઝી જતાં સારવાર દરમિયાન બન્ને મહિલાઓના મોત નોંધાયા હતા.

વંથલીથી 11 કિ.મી. દૂર બંટીયા ગામે મસાલાવાળી ગારીમાં વાડી ધરાવતા જ્યોત્સનાબેન ગીરીશભાઈ કોઠડીયા રહે. બંટીયાવાળા તેમજ વાડીમાં કામ કરતી કિરણબેન નંદીશભાઈ કોઠડીયા રે.બંટીયાવાળા ગેસ ઉપર દૂધ ગરમ કરતા હોય ત્યારે અચાનક ગેસનો બાટલો ફાટતા બન્ને ગંભીર રીતે દાઝી જતાં સારવાર દરમિયાન બન્નેના મોત નિપજ્યાં હતા.

## વડોદરામાં સીટી બસની અડફેટે યુવતીનું મોત

ગુજરાત વંદન | અમદાવાદ

વડોદરામાં સિટી બસના ચાલકે વિદ્યાર્થીનીને કચડી નાખતા મોત નિપજ્યુ છે. બેફામ બનેલા સિટી બસ ચાલકે એક વિદ્યાર્થીનીનો ભોગ લીધો છે.

બસ ચાલકે સુરતની વિદ્યાર્થીની પર બસ ચડાવી દીધી હતી. જેમાં વિદ્યાર્થીનીનુ મોત નિપજ્યુ છે. બાદ સિટી બસ સંચાલકોએ બસ ડ્રાઈવરને નોકરીમાંથી કાઢી મૂક્યો છે. પોલીસે ડ્રાઈવર જયેશ પરમારની અટકાયત કરી હતી.

નાનાભાઈ સાથે બિસ્કિટ ખાવા માટે માથાકૂટ થતાં ઘરેથી નીકળી ગયો હતો

## રાજકોટના કુવાડવા રોડ પર કિશોરે ઝાડ સાથે દોરડું બાંધી લગાવ્યો ફાંસો

ગુજરાત વંદન | રાજકોટ

શહેરના કુવાડવા રોડ પર 14 વર્ષના કિશોરે ઝાડ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.તેમને નાનાભાઈ સાથે બિસ્કિટ ખાવા મામલે માથાકૂટ થઈ હતી ત્યારબાદ કિશોર ઘરેથી ક્યાંક નીકળી ગયો હતો અને પરિવારે શોધખોળ કર્યા બાદ તેની લાશ ઘરની પાછળ ઝાડ સાથે લટકતી હાલતમાં મળી આવી હતી. આ અંગે કુવાડવા પોલીસે તપાસ આદરી છે.બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, કુવાડવામાં પરિવાર સાથે રહેતા રાહુલ શંકરભાઈ મોહનીયા(ઉ.વ.14)નામના તરૂણે પોતાના ઘરની પાછળ આવેલા લીમડાના ઝાડ સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બિસ્કિટના એક પેકેટમાંથી બિસ્કિટ ખાવા મામલે નાનાભાઈ સાથે માથાકૂટ થઈ ગઈ હતી. ત્યારબાદ માઠુ લાગી જતા રાહુલ ઘરેથી ક્યાંક જતો રહ્યો હતો. રાહુલ સાંજ સુધી ઘરે પરત ન આવતા પરિવારજનોએ આજુ આજુના વિસ્તારોમાં તપાસ કરી અને શોધખોળ કરી હતી. ત્યારબાદ ઘરની પાછળ તપાસ કરતા રાહુલનો મૃતદેહ ઝાડ સાથે દોરી બાંધેલી હાલતમાં મળી આવ્યો હતો. તરુણના મોતથી પરિવારમાં શોક છવાયો છે. છેલ્લા કેટલાંક સમયથી રાજકોટ શહેરમાં આ પ્રકારના બનાવ જોવા મળી રહ્યાં છે. જેને લઈને પરિવારમાં અને સમાજમાં ચિંતાની લાગણી જોવા મળે છે.

## કોયડો નં. 02 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | | 4 | | 1 | | |
| | 6 | | 7 | 5 | 9 | | 4 | |
| 8 | | | | | | | | 3 |
| 1 | 8 | | 6 | | 5 | | 9 | 4 |
| | | | | | | | | |
| 4 | 9 | | 1 | | 3 | | 2 | 6 |
| 9 | | | | | | | | 7 |
| | 3 | | 4 | 8 | 6 | | 5 | |
| | | 8 | | 1 | | 4 | | |

**સુડોકુના નિયમો**


સુડોકુ કોયડો ઉકેલમાં માત્ર 1થી 9 અંકનો જ ઉપયોગ કરવાનો છે. અને એક પણ અંક આડી અને ઊભી હરોળમાં તેમજ નાના ચોરસમાં પુનરાવર્તિત થવો ન જોઈએ.

- યોગેશ શુક્લ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | 2 | 3 | 4 | 8 | 1 | 6 | 9 |
| 3 | 6 | 1 | 7 | 5 | 9 | 2 | 4 | 8 |
| 8 | 4 | 9 | 2 | 6 | 1 | 5 | 7 | 3 |
| 1 | 8 | 3 | 6 | 2 | 5 | 7 | 9 | 4 |
| 7 | 2 | 6 | 8 | 9 | 4 | 3 | 1 | 5 |
| 4 | 9 | 5 | 1 | 7 | 3 | 8 | 2 | 6 |
| 9 | 1 | 4 | 5 | 3 | 2 | 6 | 8 | 7 |
| 2 | 3 | 7 | 4 | 8 | 6 | 9 | 5 | 1 |
| 6 | 5 | 8 | 9 | 1 | 7 | 4 | 3 | 2 |

કોયડા નં.2 નો ઉકેલ

## સાપ્તાહિક રાશિફળ

આચાર્ય શ્રી કૌશલ કુમાર • મો. નં. 9979174751

**મેષ** અ.લ.ઈ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયામાં તમારું પારિવારિક જીવન ખૂબ સારું રહેશે અને આ સમયગાળા દરમિયાન તમે વાહન અથવા સંપત્તિ ખરીદવાની યોજના બનાવી શકો છો. તમારા હેઠળ કામ કરતા કર્મચારીઓ અપેક્ષા મુજબ કામ કરશે નહીં. તમારે તેમની સાથે યોગ્ય વ્યૂહરચના અનુસાર કાર્ય કરવાની જરૂર પડશે.

**વૃષભ** બ.વ.ઉ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમે તમારા દરેક ઋણની ચુકવણી કરવામાં સફળ થશો. અચાનક, આ અઠવાડિયે ઘરે મહેમાનો આવવાની અપેક્ષા છે. જે પારિવારિક વાતાવરણમાં શાંતિ લાવશે. આ સપ્તાહ તમારા કારકિર્દીમાં ખૂબ જ શુભ સાબિત થશે. આ સમય તમારી કારકિર્દી અને વ્યાવસાયિક જીવનમાં સફળ રહેશે.

**મિથુન** ક.છ.ઘ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે, તમે તમારા કૌટુંબિક જીવન ના તમામ ઝઘડાને દૂર કરીને કુટુંબની આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકશો. જેની સાથે તમારા માતાપિતા તમારા પર ગર્વ અનુભવે છે, વિદેશ યાત્રા પર જવા માટે ઘણી શુભ તકો મળશે.

**કર્ક** ડ.હ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર વર્કલોડ વધી શકે છે. આ સપ્તાહ તમારા માટે ભાગ્ય લાવશે, કારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન, તમારે પાછળથી કોઈપણ કાર્યને ટાળીને બિનજરૂરી વિલંબથી બચવું પડશે.

**સિંહ** મ.ટ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારે અન્યની ટીકા કરવામાં તમારો વધુ સમય અને શક્તિનો વ્યય કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સૌથી વધુ સમજવાની જરૂર છે કે, આ સમયે, તે તમારી છબી તેમજ તમારા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. તેથી સકારાત્મક વિચારો અને તમારી વાણીમાં પણ મધુરતા લાવો. આ અઠવાડિયે, તમારે તે સમજવાની જરૂર પડશે કે જ્યારે તમે તમારા નાણાં એકઠા કરશો ત્યારે જ તે ઉપયોગી થશે.

**કન્યા** પ.ઠ.ણ — શ્રી ગણેશજી કહે છે આ સમયગાળા દરમિયાન તમારી પાસે કેટલાક અનિચ્છનીય ખર્ચ થવાની સંભાવના છે. જો કે, તમારી આવકમાં સતત વધારો થવાને કારણે, આ ખર્ચની અસર તમારા જીવનમાં દેખાશે નહીં, તમારા માટે આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાંત તમારામાંથી કેટલાક જાટકા, ઘરેણાં અથવા ઘરની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે.

**તુલા** ર.ત — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયામાં કોઈ પ્રકારનું શુભ કાર્ય થવાની સંભાવના પણ છે. જેના પર તમે ઘણા પૈસા ખર્ચ કરશો, આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર સાવચેત રહેવાની જરૂર છે. અન્યથા શક્ય છે કે તમારા વિરોધીઓના કાવતરાને લીધે તમે કોઈ મોટી મુશ્કેલીમાં મુકાઈ શકો.

**વૃશ્ચિક** ન.ય — શ્રી ગણેશજી કહે છે તમારી આર્થિક સ્થિતિ આ અઠવાડિયામાં ઘણી હદ સુધી સુધરશે. કારણ કે આ સમયે તમે તમારી સંપત્તિ દરેક રીતે સંગ્રહિત કરી શકશો. આ સમય દરમિયાન, તમારી આર્થિક બાજુને મજબૂત બનાવવા માટે દરેક નિર્ણય લેતી વખતે ઉતાવળ ન કરો અને ઉત્સાહથી કોઈપણ નિર્ણય પર પહોંચો.

**ધન** ભ.ધ.ફ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયા દરમિયાન તમારી આર્થિક સ્થિતિ ખરાબ થવાની સંભાવના વધી જશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તાણ અને દરેક ઉતાર-ચડાવથી રાહત મળશે. કારણ કે આ સમય તમારા જીવનમાં કેટલાક આવા સારા પરિવર્તન અને અનપેક્ષિત ઘટનાઓ લાવવાની છે. શકો છો.

**મકર** ખ.જ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયામાં ભાગ્ય અને ભાગ્ય તમારી બાજુમાં રહેશે. તેથી તમને સલાહ આપવામાં આવે છે કે કોઈ પણ કાર્યમાં ઉતાવળ ન બતાવવી, ધૈર્યથી કામ કરવું તમે તમારા વ્યવસાયિક જીવનમાં મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકશો. તમારા કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ મેનેજમેન્ટ તરફથી પ્રશંસા મળશે.

**કુંભ** ગ.સ.શ.ષ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયામાં તમે વધારે પૈસા કમાઈ શકો છો. જો કે, આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કાર્ય કરવું પડશે. આ અઠવાડિયે કુટુંબના સભ્યોને તમારા નિયંત્રણમાં રાખવું, તમારે ફક્ત તમારા મગજમાં સકારાત્મક વિચારો આવવા દેવાની જરૂર રહેશે..

**મીન** દ.ચ.ઝ — શ્રી ગણેશજી કહે છે આ અઠવાડિયે તમારી સમક્ષ જે બધી યોજનાઓ આવી છે તેમાં રોકાણ કરવા પહેલાં તમારે બે વાર વિચાર કરવો પડશે. કારણ કે સામેથી આવતી તક પાછળ સંભવિત કાવતરું છે, જે તમારે ભવિષ્યમાં સહન કરવું પડશે. કારકિર્દીના દ્રષ્ટિકોણથી અઠવાડિયાની શરૂઆત, તે ખૂબ અસરકારક સાબિત થશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

રહસ્યમય જીવન જીવતા પુટિનની સુરક્ષા માટે અભેદ્ય કિલ્લા સમાન વ્યવસ્થા

# પુટિનની સુરક્ષા માટે બોડીગાર્ડ કોઈની પણ હત્યા કરી નાખે!

ગુજરાત વંદન | નવી દિલ્હી



રશિયાના પ્રેસિડેન્ટ વ્લાદિમિર પુતિન એક રહસ્યમય જીવન જીવે છે. ઘણાં ઓછા લોકો પુતિનના પરિવાર અને અંગત જીવન વિશે જાણતા હશે. પુતિનના બૉડીગાર્ડ્સ ખૂબ પાવરફુલ છે અને ખતરાની સ્થિતિ જોતાં તેઓ કોઈનો પણ જીવ લઈ શકે છે. પુતિનની ટીમ પાસે એક બુલેટપ્રુફ બ્રીફકેસ પણ હોય છે. રશિયામાં પુતિન અને અન્ય હાઈ-રેંક અધિકારીઓની સુરક્ષા માટે ફેડરલ પ્રોટેક્ટિવ સર્વિસ જવાબદાર છે. જેઓ પાસે કોઈપણ વૉરંટ વગર તપાસ કરવાનો, ધરપકડ કરવાનો અને સરકારી એજન્સીઓને આદેશ જાહેર કરવાનો અધિકાર છે.

પુતિન જ્યારે અન્ય દેશોની મુલાકાતે જાય ત્યારે સૌપ્રથમ તેઓના બૉડીગાર્ડ્સ ચોક્કસ જગ્યાએ પહોંચીને ત્યાં તપાસ હાથધરે છે. તેઓ પુતિન જે હોટેલમાં રોકાવાના હોય ત્યાં રૂમ સહિતની ઝીણવટપૂર્વક તપાસ કરે છે અને જે રસ્તે પુતિન પસાર થવાના હોય તે વિશેની પણ જરૂરી માહિતી મેળવે છે. જ્યારે પુતિન ભીડ વચ્ચે હોય ત્યારે પણ ચારેય તરફ બૉડીગાર્ડ્સ સતર્ક જોવા મળે છે. પુતિનના બૉડીગાર્ડ્સ પણ બુલેટપ્રૂફ જેકેટમાં જોવા મળે છે. જ્યારે પુતિનના અંડરકવર ગાર્ડ્સ સામાન્ય કપડાંમાં તૈનાત રહે છે. જો કોઈ વ્યક્તિ પુતિન તરફ આગળ વધતી જોવા મળે ત્યારે તેઓ તાત્કાલિક કાર્યવાહી કરી શકે છે. આ સિવાય પુતિન પાસે શસ્ત્રથી સજ્જ એક ગાડી પણ હોય છે. જો કોઈ ખતરાની સ્થિતિ જોવા મળે ત્યારે પુતિન આ ગાડીમાં બેસી જાય છે.

રશિયા પાસે દુનિયામાં સૌથી વધારે પરમાણુ બોમ્બ છે અને રશિયાના પ્રેસિડેન્ટ એક બ્રીફકેસની મદદથી આ પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાનો આદેશ આપી શકે છે. આ પરમાણુ સૂટકેસ દેખાવમાં સાધારણ બ્રીફકેસ જેવી દેખાય છે. પણ, પુતિનની આ પરમાણુ બ્રીફકેસ ટૉપ સિક્રેટ છે અને વર્ષ 2019માં પહેલી વખત પુતિનની આ બ્રીફકેસની અંદરની ઝલક દુનિયા સામે જોવા મળી હતી. આ બ્રીફકેસમાં લાલ અને સફેદ બટન છે કે જેની મદદથી પુતિન પરમાણુ હુમલાનો આદેશ આપી શકે છે.

રશિયાના મીડિયાના જણાવ્યા મુજબ, આ સૂટકેસને એક કૉડથી ખોલી શકાય છે. જે 24 કલાક સુરક્ષા હેઠળ રહે છે. આ દ્વારા રશિયાના પરમાણુ બૉંબને નિયંત્રિત કરી શકાય છે. જ્યાં-જ્યાં પુતિન જાય છે ત્યાં-ત્યાં એક સુરક્ષા અધિકારી આ સૂટકેસ લઈને તેઓ સાથે ચાલે છે. રશિયન ભાષામાં આ બેગને ચેગેટ કહેવામાં આવે છે જે એક પહાડના નામ પરથી ઓળખાય છે.

## નિતીનભાઈની એન્ટ્રી સાથે જ પ્રભાત દૂધાતે કરેલા વિધાનની જબરી ચર્ચા



ગુજરાત વંદન | અમદાવાદ

વિધાનસભામાં પુર્વ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની ગૃહમાં એન્ટ્રી થતા જ કોંગ્રેસના ધારાસભ્ય પ્રભાત દૂધાત એ આવો ભાવી મુખ્યમંત્રી તેઓ વિધાન કરીને ગૃહમાં સૌને ખળખળાટ હસાવી દીધા હતા તો બીજી તરફ એ પણ ચર્ચા થઈ હતી કે 2022 પછી નિતીનભાઈ પટેલને રાજયનું સુકાન સોંપાશે.

અગાઉ બે વખત મુખ્યમંત્રીની ગાડી ચુકી ગયેલા નિતીનભાઈ પટેલ એક અનુભવી વ્યક્તિ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહનું પણ સન્માન ધરાવે છે અને તેઓ લાંબી રાજકીય કારકિર્દીમાં ખૂબ જ બિનવિવાદાસ્પદ અને સ્વચ્છ રહ્યા છે અને તે તેમનું સૌથી મહત્વનું પાસુ છે.

ઉપરાંત તેઓ પાટીદાર છે અને તેઓ ભાજપમાં સ્વીકાર્ય બની શકે છે.

વિધાનસભાની પ્રશ્નોતરી સમયે નિતીનભાઈની એન્ટ્રી થઈ હતી અને ગેલેરીમાં બેઠેલા કોંગ્રેસના ધારાસભ્ય પ્રભાત દૂધાતે કરેલી કોમેન્ટ ભલે હળવી હોય પણ તેણે ચર્ચા તો જગાવી જ છે.

## જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં બ્લાસ્ટ, એકનું મોત : ૧૩ ઘાયલ

ગુજરાત વંદન | જમ્મુ

જમ્મુ-કાશ્મીરના ઉધમપુરના સલાથિયા ચોકમાં શંકાસ્પદ બ્લાસ્ટ થયો હતો. જેમાં એકનું મોત થયું હતું, જ્યારે 13 લોકો ઘાયલ થયાં હતા. બ્લાસ્ટ બાદ સ્થાનિક લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. માહિતી મળતાની સાથે જ પોલીસ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને એફએસએલની ટીમ પહોંચી ગઈ હતી. પીએમઓમાં મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે એક સંદેશમાં જણાવ્યું છે કે ઉધમપુરના તહસીલદાર ઓફિસ પાસે રેહડીમાં થયેલા વિસ્ફોટમાં 13 લોકો ઘાયલ થયા છે. પોલીસ અને વહીવટીતંત્રને ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ સિવાય તમામ ઈજાગ્રસ્તોને જરૂરી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કહેવામાં આવ્યું છે.

પૂર્વ યુરોપીય દેશોમાં મૃત્યુદર વધુ, વેક્સિનેશન ઓછું

# કોરોનાનું ત્રીજું વર્ષ શરૂ, ૬૦ લાખ લોકોએ ગુમાવ્યા જીવ

ગુજરાત વંદન | નવી દિલ્હી




કોરોના મહામારીનું ત્રીજું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે અને વાયરસનું સંક્રમણ અત્યાર સુધી સત્તાવાર રીતે 60.22 લાખ લોકોના જીવ લઈ ચૂક્યું છે. આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે મહામારીની સમાપ્તિ હજુ દૂર છે. વર્લ્ડોમીટરના જણાવ્યા પ્રમાણે પાછલા બે વર્ષમાં આ મહામારીથી 44.69 કરોડ લોકો સંક્રમિત થઈ ગયા છે જેના પગલે આખી દુનિયામાં યાત્રા અને કારોબાર ઠપ્પ ગયો છે જે ધીમે-ધીમે થાળે પડી રહ્યા છે.

મહામારીથી અંદાજે બે વર્ષથી બચેલા પ્રશાંત મહાસાગરના દૂરના દ્વીપ વાયરસના સૌથી વધુ સંક્રમક ઑમિક્રોન સ્વરૂપની ઝપટમાં આવી રહ્યા છે અને ત્યાં પહેલી લહેર અને મોત નોંધાયા છે. હોંગકોંગમાં પણ જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધ્યા બાદ આખી 75 લાખની વસતીનું એક મહિનામાં ત્રણથી ચાર વખત ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે અને સ્વાયત્ત ક્ષેત્ર ચીનની કોવિડ બિલ્કુલ નહીં નીતિની જરૂરિયાત અનુભવી રહ્યા છે.

પોલેન્ડ, રોમાનિયા, હંગરી અને પૂર્વ યુરોપીય દેશોમાં મૃત્યુદર વધુ છે અને આ જ સ્થળો ઉપર યુદ્ધગ્રસ્ત યુક્રેનથી 10 લાખથી વધુ શરણાર્થી આવેલા છે. અહીં વેક્સિનેશનનો દર પણ ઓછો છે. સમૃદ્ધિ અને વેક્સિનની ઉપલબ્ધતા છતાં અમેરિકામાં કોરોનાથી જીવ ગુમાવનારા લોકોની સંખ્યા 10 લાખની નજીક પહોંચી ગઈ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાં અનુસંધાન નીતિના પૂર્વ ડાયરેક્ટર પાંગે કહ્યું કે આ બીમારી એ લોકોને વધુ પ્રભાવિત કરી રહી છે જેમને વેક્સિન આપવામાં આવી નથી.

ચીનમાં કોવિડ સામે લડવા માટે ઝીરો ટોલરન્સના આકરા વલણ છતાં સંક્રમણના નવા કેસો વધી રહ્યા છે. અહીં પાછલા 24 કલાકમાં 214 નવા કેસ મળ્યા છે જેના પરથી ખુલાસો થાય છે કે દેશમાં સંક્રમણ ફરી એક વખત ઝડપથી ફેલાઈ રહ્યું છે. વુહાનમાં પણ સંક્રમણના નવા મામલા સામે આવ્યા છે.

એક અભ્યાસ અનુસાર અમેરિકામાં રહેતા સફેદ પુંછડીવાળા હરણ સક્રિય રીતે સાર્સ-કોવ-2ના ઑમિક્રોન સ્વરૂપથી સંક્રમિત થાય છે. આ વાયરસ કોવિડ-19ના સૌથી ખતરનાક સ્વરૂપો પૈકીનું એક છે. તાજેતરમાં જ પ્રિ-પ્રિન્ટ રિપોઝિટરી બૉયોરેક્સિવ ઉપર પોસ્ટ પીયર-રિવ્યુના અભ્યાસમાં ઑમિક્રોન સંક્રમિત હરણોમાંથી એકમાં સૉર્સ-કોવ- પ્રત્યે એન્ટીબોડીને બેઅસર કરવાનો પણ ખુલાસો થયો છે. અભ્યાસુંએ કહ્યું કે અમારી શોધથી ખુલાસો થાય છે કે તેમાંથી અમુક જાનવરોની અંદર આ વાયરસ

## મેડીકલ માટેની મહત્તમ ઉંમર મર્યાદા ખતમ

ગુજરાત વંદન | નવી દિલ્હી

મેડિકલનો અભ્યાસની ઈચ્છા રાખનાર સ્ટુડન્ટ્સ માટે એક સારા સમાચાર છે. મેડિકલ કોલેજમાં એડમિશન માટે લેવામાં આવતી NEET UG પરીક્ષામાં તમામ કેટેગરીના સ્ટુડન્ટ્સ માટે અધિકતમ આયુની મર્યાદાને ખતમ કરી દેવાઈ છે. દેશમાં મેડિકલ એજ્યુકેશનના ટોપ નિયામક બોડી નેશનલ મેડિકલ કમીશન (NMC)એ નિર્ણય લીધો છે. અત્યાર સુધી જનરલ કેટેગરી માટે 25 વર્ષ સુધીની ઉંમરવાળા અને અનામત કેટેગરી માટે 30 વર્ષ સુધીની ઉંમરવાળા છાત્ર જ પરીક્ષા આપી શકતા હતા, પરંતુ હવે આ ઉંમર મર્યાદાથી વધુ ઉંમરવાળા છાત્ર પણ NEETની એન્ટ્રેસ એક્ઝામ આપી શકશે.




આ જાણકારી NMCના સેક્રેટરી ડૉ. પુલકેશ કુમારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ને એક લેટર લખીને આપી છે. આ લેટરમાં જણાવવામાં આવ્યું છે કે મહત્તમ ઉંમરની મર્યાદાને ખતમ કરવાનો નિર્ણય ગત વર્ષે ઓક્ટોબરમાં મળેલી NMC મીટિંગમાં લેવાયો હતો.

## આપના ઉમેદવાર સામે પૂર્વ સીએમ અમરિંદર સિંહની હાર

ગુજરાત વંદન | નવી દિલ્હી

પંજાબના દિગ્ગજ નેતા અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ પટિયાલા સીટથી ચૂંટણી હારી ગયા છે. તેમને આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજીતપાલ સિંહ કોહલીએ હરાવી દીધા છે. મહત્વનું છે કે આ વખતે કેપ્ટન અમરિંદર સિંહે કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો હતો અને પોતાની નવી પાર્ટી બનાવી મેદાનમાં ઉતર્યા હતા. અમરિંદર સિંહે ચૂંટણી પહેલાં ભાજપ સાથે ગઠબંધન કર્યુ હતું. કેપ્ટન અમરિંદર સિંહે પોતાના માટે પટિયાલા સીટ પસંદ કરી, આ સીટ પરથી તે 2017માં ચૂંટણી જીત્યા હતા. ત્યારે તેમણે આમ આદમી પાર્ટીના ડો. બલબીર સિંહને 52407 મતે હરાવ્યા હતા. 2017ની ચૂંટણીમાં અહીં કુલ 68.29 ટકા મત પડ્યા હતા.



રાજ્યની આ પટિયાલા અર્બન સીટને કેપ્ટન અમરિંદર સિંહનો ગઢ માનવામાં આવે છે. અમરિંદર અહીંથી સતત 2002, 2007, 2012 અને 2017માં ચાર વખત ધારાસભ્ય બન્યા, તો 2014માં અમરિંદર સિંહે અમૃતસરથી લોકસભા ચૂંટણી લડી અને જીત્યા બાદ પોતાની વિધાનસભા છોડવી પડી હતી. તેમણે છોડેલી સીટ પર પત્ની પરનીત કૌરે પેટાચૂંટણી જીતી હતી.

## સંસદના બજેટ સત્રના બીજા ભાગનો આરંભ ૧૪ માર્ચથી




ગુજરાત વંદન | નવી દિલ્હી

સંસદના બજેટ સત્રના બીજા ભાગનો ૧૪ માર્ચથી આરંભ થશે. આવતા સોમવારે સવારે ૧૧ વાગ્યાથી રાજ્યસભા અને લોકસભા સમાંતર રીતે કાર્યરત થશે. બન્ને ગૃહોના અલાયદા ચૅમ્બર્સ અને ગૅલેરીઝનો ઉપયોગ હંમેશની કામગીરી માટે કરવામાં આવશે અને સભ્યોની બેઠક વ્યવસ્થા પણ રાબેતા મુજબની રહેશે. ૩૧ જાન્યુઆરીથી ૧૧ ફેબ્રુઆરી સુધી બજેટ સત્રના પહેલા ભાગમાં રાજ્યસભાની કાર્યવાહી સવારે દસ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી અને લોકસભાની કાર્યવાહી સાંજે ચાર વાગ્યાથી રાતે નવ વાગ્યા સુધી ચાલતી હતી. સત્રના બીજા ભાગમાં બન્ને ગૃહો સાથે કાર્યરત રહેશે.

# હવે ઈન્ટરનેટ વગરના ફોનથી પણ નાણાં ટ્રાન્સફર કરી શકાશે

ગુજરાત વંદન | નવી દિલ્હી




ઈન્ટરનેટ વગરના ડિજિટલ પેમેન્ટને સક્ષમ બનાવનાર યુપીઆઇ લાઈટે મહિનાઓથી ઊભી કરેલી આતુરતાનો આજે અંત આવી ગયો. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે ઈન્ટરનેટ વગરના ફીચર ફોન માટે યૂપીઆઇનું નવું વર્ઝન યુપીઆઈ123પે રજૂ કર્યું. તેનાથી હવે એવા યુઝર પણ યુપીઆઈથી લેવડ-દેવડ કરી શકશે જેમની પાસે ઈન્ટરનેટવાળો સ્માર્ટફોન નથી.

તેની સાથે જ આરબીઆઇ ગવર્નરે ડિજિટલ લેવડ-દેવડ માટે 24X7 હેલ્પલાઈન ડિજિસાથી પણ લૉન્ચ કરી. લૉન્ચિંગ પ્રસંગે દાસે કહ્યું કે ફીચર ફોન માટે યુપીઆઈથી ગ્રામ્ય વિસ્તારોના એવા લોકોને મદદ મળશે જેઓ સ્માર્ટફોન અફોર્ડ નથી કરી શકતા અને આ કારણે યુપીઆઇના લાભથી વંચિત રહેતા હતા. યુપીઆઈ123પેના માધ્યમથી યૂઝર્સને યુપીઆઇના સ્કેન એન્ડ પે ફીચને બાદ કરતાં તમામ ફીચર્સ મળશે. તેના માટે ઈન્ટરનેટ કનેક્શનની જરૂર નહીં રહે. કસ્ટમર આ સુવિધાનો ઉપયોગ કરી બેંક એકાઉન્ટને પોતાના ફીચર ફોનથી જોડી શકશે. એનસીપીઆઈના ચેરમેન મહાપાત્રાએ કહ્યું કે, યુપીઆઈ123પેથી દેશભરમાં લાખો લોકોને ડિજિટલી સશક્ત બનાવાશે. તેનાથી રોજના એક બિલિયનથી વધુ યૂપીઆઇ ટ્રાન્ઝેક્શનનો ટાર્ગેટ મેળવવામાં એનપીસીઆઈને મદદ મળશે.

અનુસંધાન પેજ 12 પરથી...

### વડાપ્રધાન...

ભેદ થી પક્ષાંતર કરવાનો પ્રયાસ કર્યો છે તેમ છતાં હજુ કોંગ્રેસ પાસે 66 ધારાસભ્યો છે અને ભાજપના મિશન 150 માં તે કદી સફળ થઈ શકયું નથી તેથી જ હવે માર્ચ મહિનાથી જ વડાપ્રધાનની મુલાકાતો વધી જશે.

### હાર્દિક પટેલ...

આંદોલન મુદ્દે કહ્યું કે, ફરી આંદોલન કરવા મુદ્દે મને કોઈ ખબર નથી. કેસ સરકાર જલદીથી પરત ખેંચે તે મુદ્દે મારે મુખ્યમંત્રી સાથે સતત સંપર્ક ચાલું છે. તેમજ આ મુદ્દે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે.

ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલને હાર્દિક પટેલે પત્ર લખી કોંગ્રેસમાં સક્રિય થવા આમંત્રણ આપ્યું છે. હાર્દિક પટેલેપાટીદાર સમાજ

### ગુજરાત વિદ્યાપીઠના...

નિમણૂક કરવાની પ્રક્રિયામાં ગરબડ થઈ છે. યુજીસી દ્વારા ગઢવામાં આવેલી ફેક્ટ-ફાઈન્ડિંગ કમિટીએ શોધ્યું કે 1-4-2004થી 30-4-2019ના સમયગાળા દરમિયાન ગુજરાત વિદ્યાપીઠના રજિસ્ટ્રાર તરીકે ડોક્ટર રાજેન્દ્ર ખીમાણી અમુક વહીવટીય અને નાણાંકીય ગેરરીતિના જવાબદાર છે.

### ત્રણ બ્રોકરો...

ત્રણ બ્રોકરો કિરણ ઠાકર, મનિષ બ્રહ્મભટ્ટ અને કેતન શાહને ત્યાં પણ દરોડા પાડયા હતા. શારદા ડેવલપર્સના બિલ્ડર આશિષ શાહ અને દિપક નિમ્બાર્ડની ઓફિસમાં દરોડા પાડયા હતા.

શિલ્પ ડેવલપર્સના બિલ્ડર યશ બ્રહ્મભટ્ટ અને સ્નેહલ બ્રહ્મભટ્ટની ઓફિસ ઉપરાંત આ જ વિસ્તારમાં આવેલા તેમના બંગલાઓ પર દરોડા પાડયા હતા.

ત્રણેય બિલ્ડર ગ્રૂપ માટે કામ કરતા બ્રાકરો કિરણ ઈન્દ્રવદન ઠાકર, મનિષ બ્રહ્મભટ્ટ અને કેતન શાંતિલાલ શાહ અને એન્ટ્રી ઓપરેટર સંજય શાહની ઓફિસ અને રહેઠાણે દરોડા પાડીને બિલ્ડરો સાથે કરેલા સોદાઓ પકડી પાડવામા આવ્યા છે.

### કેસો પાછા નહિ...

પાટીદાર આંદોલનોએ પણ ખોંખારા ખાવાનું શરૂ કર્યું છે. રાજકોટ જિલ્લાના ખોડલધામ, કાગવડ ખાતે પાસના આગેવાન અલ્પેશ કથીરિયા, દિનેશ બાંભણીયા અને ધાર્મિક માલવીયા સહિતના આગેવાનો પહોંચ્યા હતા.

અનુસંધાન પેજ 1 પરથી...

### કમળરૂપી...

આપી રહી હતી પણ તે જોઈએ તેટલી મજબૂત સ્થિતિમાં ટક્કર આપી શકી નહોતી જ્યારે બસપા અને કોંગ્રેસનું તો ટાઈ ટાઈ ફિસ્સ થઈ ગયું હતું. યુપીમાં સત્તાધારી ભાજપ 2017 બાદ ફરી એક વાર જીતીને ઈતિહાસ રચવામાં સફળ રહી છે. 1991માં બહુમત મેળવ્યાના 26 વર્ષ બાદ ફરી એક વાર ભારતીય જનતા પાર્ટી ઉત્તર પ્રદેશમાં સતત બીજા કાર્યકાળ માટે સત્તામાં વાપસી કરી રહી છે અને 2022ની જીત 2017ની વિધાનસભા ચૂંટણી કરતા ખૂબ જ મહત્વની સાબિત થઈ છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ તથા પ્રિયંકા ગાંધી કોઈ જ કમાલ કરી શક્યા નથી. પ્રિયંકાના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી 403માંથી માંડ 5 બેઠકો પણ જીતી શકે તેમ નથી. આ વખતે પ્રિયંકા ગાંધી મેદાનમાં ઉતરેલા હોવાથી કોંગ્રેસને આશા હતી કે કઈ નહીં તો સંગઠન મજબૂત થાય એટલી સીટો તો મળશે. પંજાબ તો હાથમાંથી ગયું જ છે, કોંગ્રેસ યુપીમાં પણ પોતાનું પ્રદર્શન સુધારી શકી નથી. પ્રિયંકા ગાંધીએ આ ચૂંટણીમાં લડકી હું લડ શકતી હું ને ટ્રેન્ડ કરાવ્યું અને મહિલા ઉમેદવારોને મેદાનમાં પણ ઉતાર્યા, જોકે વૉટરોને ખુશ કરવામાં પ્રિયંકા ગાંધીની છબિ પણ કોઈ જ કામમાં આવી નથી તેમ નહીં શકાય. આ ચૂંટણી બાદ હવે કોંગ્રેસ દેશમાં સરકાર તો ઠીક પરંતુ પોતાનું અસ્તિત્વ કઈ રીતે બચાવી શકે તેના માટે જ પ્રયાસો કરતી દેખાશે.

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો પરથી કહી શકાય કે પ્રધાનમંત્રીની લોકપ્રિયતા અને મોદી લહેર હજુ ચાલી જ રહી છે. કોરોનાકાળ બાદ લોકો કહી રહ્યા હતા કે હવે મોદી લહેર સમાપ્ત થઈ ગઈ છે, જોકે આંકડા તો કહી રહ્યા છે કે મોદી હજુ પણ સુપરહિટ છે અને 2014માં ચાલુ થયેલ મોદી લહેર હજુ ચાલુ જ છે. મોદી મેજિક સામે બેરોજગારી અને મોંઘવારીના કોઈ મુદ્દાનું કશું ચાલ્યું નહીં.

### રશિયન ગેસ...

અર્થવ્યવસ્થાને નોંધપાત્ર નુકસાન થશે.'' જો બિડેને કહ્યું, ''અમે આ પ્રતિબંધ સાથે આગળ વધી રહ્યા છીએ, એ સમજીને કે અમારા ઘણા યુરોપિયન સાથીઓ અને ભાગીદારો અમારી સાથે જોડાવાની સ્થિતિમાં ન હોઈ શકે છે.''યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી દ્વારા અમેરિકા અને પશ્ચિમી દેશોમાંથી આયાત ઘટાડવાની અપીલ બાદ અમેરિકી રાષ્ટ્રપતિએ આ પગલું ભર્યું છે. નાણાકીય ક્ષેત્રો પર ગંભીર પ્રતિબંધો હોવા છતાં, ઊર્જા નિકાસોએ રશિયામાં સ્થિર પ્રવાહ જાળવી રાખ્યો છે.

હાલમાં, યુ.એસ. એકલું આ બાબતે પહેલ કરી રહ્યું છે, જો કે તે તેના યુરોપિયન સાથીઓ સાથે પરામર્શ કરવાનું ચાલુ રાખશે, જેઓ રશિયન ઊર્જા પુરવઠા પર વધુ નિર્ભર છે.

રશિયાના હુમલા વચ્ચે યુક્રેનમાં લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. થોડા દિવસો પહેલા, રશિયા તરફથી કહેવામાં આવ્યું હતું કે સામાન્ય નાગરિકોના સ્થળાંતર માટે, કેટલાક કોરિડોર પર યુદ્ધવિરામ કરવામાં આવશે. જે બાદ અલગ-અલગ સમયે યુક્રેનના શહેરોમાંથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. યુક્રેનમાં ભારતીય દૂતાવાસ દ્વારા આ અંગે એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. જેમાં લોકોને 10 વાગ્યા પછી કોઈપણ રીતે યુક્રેન છોડવાની સલાહ આપવામાં આવી છે.

### પંજાબે ...

આઝાદી મળ્યા પછી આપણે સિસ્ટમ ન બદલી તો કંઈ થવાનું નથી. દુઃખની વાત છે કે 75 વર્ષથી આ લોકોએ અંગ્રેજોવાળી સિસ્ટમ રાખી હતી. દેશને લૂંટી રહ્યા હતા. કોઈ સ્કૂલ ન બનાવી, કોઈ હોસ્પિટલ ન બનાવી, લોકોને જાણી જોઈને ગરીબ રાખવામાં આવ્યા. આમ આદમી પાર્ટીએ આ સિસ્ટમ બદલી છે. અમે ઈમાનદાર રાજનીતિની શરૂઆત કરી છે. અમે લોકોના કામની શરૂઆત કરી છે. હવે બાળકોની સ્કૂલો બને છે. ગરીબોના બાળકોને સારું શિક્ષણ મળવા લાગ્યું છે. બાબાસાહેબ આંબેડકર અને ભગતસિંહનું સપનું પૂરું થવા લાગ્યું છે. આ આટલું સરળ નથી. આ બધી તાકતો સાથે મળીને દેશને આગળ વધતો રોકવા માંગે છે. આમ આદમી પાર્ટી વિરુદ્ધમાં મોટા ષડયંત્રો કર્યા હતા.

## લાલુપ્રસાદ યાદવની તબીયત લથડીઃ કિડની ખરાબ



ગુજરાત વંદન | પટના

આર.જે.ડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ હાલ કિડનીની બિમારીમાં સપડાયા છે તેમની 80 ટકા કિડની ખરાબ થઈ હવે ડાયાલિસિસ કરવું પડે તેવી સ્થિતિ હોવાનું તબીબોએ જણાવ્યું છે. ધારાસભ્ય કૌભાંડમાં જેલની સજા ભોગવી રહેલા આર.જે.ડી.નાં પ્રમુખ લાલુપ્રસાદ યાદવની તબીયત બે દિવસથી લથડતા તેમને હાલ રિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમનું સિરમ કેરેનાઈન લેવલ 4-1 થતા હવે ડાયાલિસિસ કરી લોહી સાફ કરવું પડે તેવી સ્થિતિ છે. લાલુપ્રસાદનો ઈલાજ કરતા તબીબ ડો.વિદ્યાપતિએ જણાવ્યું હતુ કે હાલ તેમનું બ્લડ પ્રેશર સારૂ કિડની સહિત અન્ય બિમારીઓનું નિદાન થઈ રહ્યું છે.

## હવે આપણે જોઈએ કે કી લોગર શું છે?

ગુજરાત વંદન | અમદાવાદ

ગયા લેખમાં આપણે જોયું કે કેવી રીતે જ્યુસ જેકિંગ દ્વારા આપણા ફોનના ડેટાની ચોરી થાય છે. અને હવે આપણે આ લેખમાં જોઈશું કે કેવી રીતે કી લોગર દ્વારા તમને નુકશાન પહોંચાડવામાં આવી શકે છે.

હવે આપણે જોઈએ કે કી લોગર શું છે? તેને સમજીયે- કી લોગર એ એક ફંક્શન છે જે કમ્પ્યુટર પર કીસ્ટ્રોકને રેકોર્ડ કરે છે. એવું કહી શકાય કે કી લોગર એકદમ હાનિકારક હોય છે. આ કી લોગર જો હેકર અથવા સાયબર હુમલાખોરના હાથમાં આવી જાય તો તે તમારી માહિતીની ચોરી કરવા માટેનું એક શક્તિશાળી સાધન બની જાય છે.

સમજીયે કે કી લોગર્સ કેમ જોખમી છે કી લોગર્સ એ વપરાશકર્તાઓના ડેટા માટે ગંભીર ખતરો છે, કારણ કે તેઓ કીબોર્ડ દ્વારા લખેલા પાસવર્ડ્સ અને અન્ય સંવેદનશીલ માહિતીને મેળવવા માટે કીસ્ટ્રોકને ટ્રેક કરે છે. અને આમ કી લોગર હેકર્સને પિન કોડ, એકાઉન્ટ નંબર, ઓનલાઈન શોપિંગ સાઈટ્સના પાસવર્ડ્સ, ઈમેઈલ આઈડીઝ, ઈમેઈલ લોગિન અને અન્ય ગુપ્ત માહિતીઓ આપે છે. જ્યારે હેકર્સ વપરાશકર્તાઓની ખાનગી અને સંવેદનશીલ માહિતીની એક્સેસ મેળવે છે, ત્યારે તે વપરાશકર્તાના ખાતામાંથી ઓનલાઈન પૈસા ટ્રાંઝેક્શન કરવા માટે કાઢવામાં આવેલા ડેટાનો લાભ લઈ શકે છે. કી લોગર્સનો ઉપયોગ વ્યવસાય અને રાજ્યની માલિકીની કંપનીના ડેટાની જાસૂસી માટે થઈ શકે છે.

કી લોગર્સ એટલે કે જયારે કોઈપણ કીબોર્ડની કી દબાવવામાં આવે ત્યારે તે ચાલુ થઈ જાય છે. કી ઉપર તમારી આંગળીઓ પડે છે તે ડેટા હૅકર્સના મોનિટર ઉપર પ્રદર્શિત થાય છે. હૅકર્સ તે પોતાના હાર્ડડ્રાઈવમાં સેવ કરી લે છે. કીબોર્ડના વિડિઓ સર્વેલન્સ પ્રાપ્ત કરવા માટે,



**તેજ દફતરી**
(સાઈબર સિક્યુરિટી એન્ડ ડિઝીટલ ફોરેન્સીક્સ એક્સપર્ટ)

કીબોર્ડના વાયરિંગ અથવા હાર્ડવેર બગ મૂકીને કીસ્ટ્રોક રેકોર્ડ કરી શકાય છે. અને સામાન્ય દસ્તાવેજીકરણની પદ્ધતિઓનો ઉપયોગ કરીને વપરાશકર્તાઓના કીબોર્ડમાંથી ડેટાની માંગણી હૅકર્સ દ્વારા કરવામાં આવે છે. હેકર્સ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી બીજી બે અકસીર પદ્ધતિઓ આ પ્રમાણે છે: ૧) ઓપરેટિંગ સિસ્ટમના કર્નલ મોડમાં માસ્કિંગ અને ૨) વપરાશકર્તાના મોડમાં માસ્કિંગ.હવે આપણે જોઈશું કે કેવી રીતે આ કી લોગર તમારી કોઈપણ સિસ્ટમ માં ઘુસી જાય છે પ્રથમ પદ્ધતિમાં ફિશિંગ શામેલ છે. ફિશિંગ એ કાયદેસરની કંપની દ્વારા પાસવર્ડ્સ અને ક્રેડિટ કાર્ડ નંબર માટે માછલીને જેમ ખાવાનું નાખીને ફસાવવામાં આવે છે તેવીજ રીતે આ પ્રક્રિયામાં તમારા પર ઈમેઈલ કરીને તમને ફસાવવાનું કાર્ય કરવામાં આવે છે. આવા ઈમેઈલ્સમાં જોડાણો શામેલ હોય છે જેના પર તમે એકવાર ક્લિક કરો પછી તે તમારા કમ્પ્યુટર પરથી પ્રોગ્રામ્સને ચોરીથી ડાઉનલોડ કરી લે છે.

બીજી પદ્ધતિ મા, હેકર તમારી ઓનલાઈન ટેવની નબળાઈ શોધવા માટે તમારા ઉપર સંશોધન કરે છે. ચાલો કહી દઈએ કે હેકર પીડિતને પોર્ન સાઈટ્સની આદત રૂપે મુલાકાત લે છે તે શોધી કાઢે છે કે તમારી નબળાઈ શું છે. હેકર એક વિશિષ્ટ શૃંગારિક વેબસાઈટમાં સદસ્યતા માટે બનાવટી કૂપન સાથે એક ઈમેઈલ બનાવશે. આ પદ્ધતિ પીડિતના વિશેષ શોખને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે, તેથી સફળતાની મોટી સંભાવના એ છે કે તે બનાવટી જોડાણ ડાઉનલોડ કરશે, અજાણતાંજ કી લોગર તમારા સિસ્ટમ ઉપર ઈન્સટોલ થઈ જશે.

આ કી લોગરની સમસ્યાથી બચવા માટે લેખક તમને પૂરતી સહાય કરી શકશે. (શરતોને આધીન).

ચૂંટણી પરિણામોની અસર, રોકાણકારો ગેલમાં

# સેન્સેક્સના કેસરિયા, બે દિવસમાં ૨૩૦૦ પોઈન્ટનો ઉછાળો





ગુજરાત વંદન | મુંબઈ

ભારતીય શેરબજારોમાં તેજી જોવા મળી રહી છે. પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામોના ટ્રેન્ડ, રશિયા-યુક્રેન તણાવમાં થયેલો ઘટાડા ઉપરાંત કેટલાક પરિબળોને કારણે ભારતીય શેર બજારમાં ઉછાળો આવ્યો છે. વિશ્વને ભરડામાં લેનારા ફુગાવો-મોંઘવારી પરિબળ, યુક્રેન પર રશિયાના આક્રમણ તેમજ તેના પરિણામે ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ સતત વધતાં રહેતાં ભારતીય શેરબજારોમાં ભારે અસર જોવા મળી હતી. જો કે પાછલા ત્રણ દિવસથી માર્કેટમાં સુધારો જોવા મળી રહ્યો છે. બીજી રીતે કહીએ તો પાંચ રાજ્યોના ચૂંટણીના સારા પરિણામોની અપેક્ષાએ એક દિવસ પહેલા જ બજારમાં રોનક જોવા મળી છે. બીજી તરફ યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી એ નાટોના સભ્યપદ માટે ભાર ન આપતા માર્કેટના સેન્ટીમેન્ટ મજબૂત બન્યા હતા. ઉપરાંત બજાર નિષ્ણાતો માની રહ્યા છે કે યૂએસ ફેડ પણ વ્યાજદરોને લઈને વધારે સખત પગલાં નહીં લે, જેના પગલે બજારને સુધરવાની મદદ મળી હતી.

સતત ચાર સત્રોથી અવિરત ગગડતાં રહેલાં શેરબજારોને મંગળવારે રાહત સાંપડી હતી. બુધવારના કારોબારમાં નિફ્ટીએ 16,418.05 સુધી પહોંચી તો સેન્સેક્સ 54,893.73 સુધી પહોંચ્યો હતો. જ્યારે ગુરૂવારે પણ તેજી જોવા મળી હતી. ખૂલતાં જ સેન્સેક્સમાં 1300 અંકોનો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે નિફ્ટી 16,600ની આસપાસ પહોંચ્યું હતું. કારોબાર દરમિયાન સેન્સેક્સ 1500 ઉંચકાયો હતો.

દિવસને અંતે બાદ ગુરૂવારે સેન્સેક્સ 817 પોઈન્ટ એટલે કે 1.50 ટકા વધીને 55,464 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. નિફ્ટી 249 પોઈન્ટ સુધરીને 16,594 પર બંધ રહ્યો હતો. ગઈકાલે બજાર શરૂ થવાના થોડી કલાકોમાં જ BSEનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 5.45 લાખ કરોડ જેટલું વધી ગયું હતું.

વિધાનસભા ઈલેક્શનના રિઝલ્ટમાં અને તેમાં પણ ઉત્તર પ્રદેશમાં અપેક્ષા મુજબના પરિણામો આવવાથી ભારતીય શેરબજારમાં ત્રણ દિવસ પહેલા જે અફરા-તફરી મચી ગઈ હતી તેની સામે ભારે પોઝિટિવ વલણ જોવા મળ્યું હતું. છેલ્લા બે દિવસથી બજારમાં સુધારો થઈ રહ્યો છે. જેના પગલે સેન્સેક્સ માર્કેટ કેપ રૂ. 248 લાખ કરોડથી વધીને રૂ. 253 લાખ કરોડ પર પહોંચી ગયું છે. ચૂંટણી પરિણામોથી શેરબજારના રોકાણકારોને કમાણી પણ થઈ રહી છે. પાંચ રાજ્યોના ચૂંટણી પરના એક્ઝિટ પોલ 8 માર્ચે સાંજે આવ્યા હતા. તેના બીજા દિવસથી એટલે કે 9 માર્ચથી માર્કેટમાં સુધારો થઈ રહ્યો છે. અપેક્ષિત અનુમાન અને ત્યારબાદ પરિણામો આવવાથી છેલ્લા બે દિવસોમાં BSEનું માર્કેટ કેપ રૂ. 10 લાખ કરોડ જેવુ વધી ગયું છે. બે દિવસ પહેલા માર્કેટ કેપ રૂ. 243 લાખ કરોડ હતું.

વીજ પ્લાન્ટો પાસે કોલસાનો જથ્થો જરૂરિયાત કરતા ૨૫ ટકાથી ઓછો

# ઉનાળાના આરંભે જ ૮૦ પાવર પ્લાન્ટોમાં કોલસાનો જથ્થો ઘટીને ચિંતાજનક સ્તરે



ગુજરાત વંદન | મુંબઈ

ઉનાળો શરૂ થઇ ગયો છે ત્યારે દેશમાં ફરીવાર વીજ મથકો ખાતે કોલસાની અછત સર્જાવાની આશંકાઓ સર્જાઇ રહી છે કારણ કે 80 પાવર પ્લાન્ટો પાસે કોલસાનો જથ્થો ઘટીને ચિંતાજનક સ્તરે જતો રહ્યો છે.

આ પરિસ્થિથિ એવા સમયે સર્જાઇ છે જ્યારે કોલ ઇન્ડિયા દેશમાં કોલસાની કોઇ પણ સંભવિત અછતનો સામનો કરવા માટે માર્ચ અંત સુધીમાં પાવર પ્લાન્ટ ખાતે 4.7થી 5 કરોડ ટન કોલસાનો સ્ટોક ઉભો કરવાના લક્ષ્ય સાથે સપ્લાય સતત વધારી રહી છે. તેમ છતાં 80 વીજ પ્લાન્ટોમાં કોલસાનો જથ્થો ‘ક્રિટિકલ’ સ્તરે છે. આ વીજ પ્લાન્ટો પાસે હાલ કોલસાનો જથ્થો તેમની જરૂરિયાતના 25 ટકાથી ઓછો છે.

નોંધનીય છે કે, માર્ચમાં સમાપ્ત થનાર ચાલુ નાણાંકીય વર્ષે કોલ ઇન્ડિયા દ્વારા કોલસાનું કુલ વાર્ષિક ઉત્પાદન રેકોર્ડ 63 કરોડ ટને પહોંચવાની અપેક્ષા છે.

કોલસાનો જથ્થો ધીમી ગતિએ વધી રહ્યો છે કારણ કે પાવર પ્લાન્ટોની દૈનિક જરૂરિયાતો પર વધી રહી છે. સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીના અંદાજને અનુરૂપ કોલસાનું ઉત્પાદન 27.62 લાખ ટનની દૈનિક જરૂરિયાત સાથે વધી રહી છે.

જો કે, દેશભરના તમામ 171 વીજ પ્લાન્ટો પાસે કોલસાનો જથ્થો તેમની જરૂરિયાતના આદર્શ સ્તર 39 ટકા હતો, જે 27 ફેબ્રુઆરીના રોજ 669.12 લાખ ટન હતો તેમ છતાં ઉત્પાદન વધવાની સાથે કોલસાની દૈનિક જરૂરિયાત મોટાભાગે સંતોષવામાં આવી રહી છે, આથી ભારતે કોઈ મોટી વીજ કટોકટીનો સામનો કરવો પડશે નહીં. જોકે કેટલાક કિસ્સાઓમાં ઉત્પાદનની અછતને કારણે વીજ દર વધ્યા છે.

ફેબ્રુઆરીમાં કોલ ઇન્ડિયાએ 6.43 કરોડ ટન કોલસાનું ઉત્પાદન કર્યુ છે જે વર્ષ પૂર્વેના સમાન મહિનાના 6.19 કરોડ ટનની સામે 24 લાખ ટન વધારે છે. કોલસાની અછતથી માત્ર પાવર પ્લાન્ટ જ નહીં પણ એલ્યુમિનિયમ, સ્ટીલ સહિત ઘણા ઉદ્યોગોને પ્રતિકુળ અસર થાય છે.

GST કાઉન્સિલ ટેક્સ સ્લેબમાં કરી શકે છે ફેરફાર

# GSTમાં સૌથી નીચો ટેક્સ સ્લેબ ૫%થી વધારી ૮% કરાશે



ગુજરાત વંદન | મુંબઈ

જીએસટી કાઉન્સિલ પોતાની આગામી બેઠકમાં સૌથી ઓછા ટેક્સ સ્લેબને પાંચ ટકાથી વધારીને આઠ ટકા કરી શકે છે. સૂત્રોના હવેલાથી આ જાણકારી આપી હતી. આ મામલે વિવિધ રાજ્યોના નાણા મંત્રીઓની એક સમિતિ તરફથી મહિનાના અંતમાં રિપોર્ટ જમા કરાવવામાં આવશે તેવો અંદાજ છે. જેમાં સૌથી ઓછા ટેક્સ સ્લેબને વ્યવસ્થિત કરવા તેમજ રેવન્યૂ વધારવા માટે અન્ય સૂચનો સામેલ કરવામાં આવ્યા છે.

હાલ, જીએસટીના ચાર સ્લેબ છે. જેમાં 5%, 12%, 18% અને 28% સામેલ છે. જરૂરી ચીજવસ્તુઓ સૌથી ઓછા સ્લેબ હેઠળ આવે છે અથવા તો ટેક્સ ફ્રી હોય છે. વૈભવી વસ્તુઓ પર સૌથી વધારે ટેક્સ લાગે છે. જે વસ્તુઓ પર 28% ટેક્સ લાગે છે તેના પર સેસ પણ લાગે છે. આ સેસનો ઉપયોગ જીએસટી રોલઆઉટને પગલે રાજ્યોની આવકમાં થયેલા ઘટાડાને સરભર કરવા માટે થાય છે. એજન્સીએ કહ્યુ કે, પાંચ ટકાનો ટેક્સ સ્લેબ વધારીને આઠ ટકા કરવામાં આવે તો વાર્ષિક 1.50 લાખ કરોડ રૂપિયાની વધારાની આવક પ્રાપ્ત થાય છે. એક અંદાજ પ્રમાણે સૌથી ઓછા ટેક્સને જો પાંચ ટકાથી વધારીને ફક્ત છ ટકા કરી દેવામાં આવે તો વર્ષે સરકારની આવકમાં 50,000 કરોડ રૂપિયાનો વધારો થશે. આ ટેક્સ સ્લેબલમાં મોટાભાગે પેક્ડ ફૂડ આઈટમ આવે છે.

ગ્રુપ ઑફ મિનિસ્ટર્સ આ સાથે જ ત્રણ સ્તરીય જીએસટીના માળખા પર પણ વિચાર કરી રહ્યું છે. જેમાં ટેક્સના ત્રણ સ્લેબ હશે. જે દર 8, 18 અને 28 ટકા છે. જો આ પ્રસ્તાવ પાસ થઈ જાય છે તો 12 ટકાના સ્લેબમાં આવતી વસ્તુઓ પર 18 ટકા ટેક્સ લાગશે. આ ઉપરાંત ગ્રુપ ઑફ મિનિસ્ટર્સ ટેક્સ છૂટ હેઠળ આવતી વસ્તુઓની સંખ્યા ઘટાડવા અંગે પર પ્રસ્તાવ મૂકી શકે છે. હાલ અનપેક્ડ અને અનબ્રાન્ડેડ ખાદ્ય વસ્તુઓ અને ડેરી વસ્તુઓ પર જીએસટી છૂટ છે.

ચિત્રા રામકૃષ્ણ, રવિ નારાયણ બાદ હવે વર્તમાન અધ્યક્ષની ખસી જવાની જાહેરાત

# NSEના પ્રમુખ વિક્રમ લિમયે હવે બીજા કાર્યકાળ માટે તૈયાર નથી...



ગુજરાત વંદન | મુંબઈ

વિશ્વના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જમાંથી એક અને દેશના શેરબજાર ઉપર એકચક્રી શાસન ધરાવતા નેશનલ સ્ટોક એક્સચેન્જમાં વિવાદ શમતા જ નથી. ચિત્રા રામકૃષ્ણ, રવિ નારાયણ બાદ હવે વર્તમાન અધ્યક્ષ વિક્રમ લિમયેએ પણ જુલાઈ 2022માં પૂર્ણ થઈ રહેલી ટર્મ પછી ખસી જવાની જાહેરાત કરી છે.

લિમયેએ એક પત્રમાં જણાવ્યું હતું કે, એક્સચેન્જની કામગીરી મજબૂત કરવા, તેને સ્થિરતા આપવા પોતે બધા જ પગલાં ભર્યા છે પણ હવે પોતે નિવૃત્ત થવા ઈચ્છે છે. આ અંગે બોર્ડને જાણકારી આપી છે અને જુલાઈમાં ટર્મ પૂર્ણ થાય પછી પોતે કામ કરશે નહિ.

વિક્રમ લિમાયેના સમયમાં એનએસઇ ઉપર ફ્યુચર અને ઓપ્શનમાં વોલ્યુમ છ ગણું અને રોકડમાં બમણું થયું છે. ગત સપ્તાહે જ NSE એ નવી જાહેરાત આપી મેનેજિંગ ડિરેક્ટર માટે નવા ઉમેદવારની શોધ શરૂ કરી છે.

કો લોકેશન કૌભાંડમાં કેટલાક બ્રોકરને ખાસ સગવડ આપવમાં માટે ચિત્રા રામકૃષ્ણ સામે ફરિયાદ થયેલી અને તેમને 2016માં પદ છોડવા ફરજ પડી હતી. રામકૃષ્ણની હરકતો અંગે કોઈ પગલાં નહીં લેનાર અનુગામી રવિ નારાયણે પણ પછી રજનામુ આપી દીધું હતું.

ચિત્રા અત્યારે સીબીઆઇ કસ્ટડીમાં છે અને કો લોકેશન કેસમાં તેમની પૂછપરછ થઈ રહી છે.

પુરૂષોની તુલનાએ મહિલા લોનધારકોની સંખ્યામાં ઝડપી વધારો

# ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં લોન લેનાર મહિલાઓની સંખ્યા સૌથી વધુ ૨૩% વધી



ગુજરાત વંદન | મુંબઈ

વિકસીત દેશોની જેમ ભારતમાં પણ મહિલાઓ આર્થિક રીતે સદ્ધર થઇ રહી છે અને નાણાં-રોકાણ સંબંધિત નિર્ણયો જાતે લઇ રહી છે. દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં પુરૂષોની તુલનાએ મહિલા લોનધારકોની સંખ્યામાં ઝડપી વધારો જોવા મળ્યો છે.

સિબિલના એક રિપોર્ટ મુજબ કેલેન્ડર વર્ષ 2016થી 2021 સુધીના છેલ્લા પાંચ વર્ષમાં મહિલા લોનધારકોની સંખ્યા 19 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદરે (સીએજીઆર) વધી છે. જ્યારે આ સમયગાળા દરમિયાન પુરૂષ લોનધારકોની સંખ્યા 14 ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ પામી છે.

મહિલા બોરોઅર્સનું પ્રમાણ વર્ષ 2021માં વધીને 29 ટકા થયો છે, જે વર્ષ 2016માં 25 ટકા હતો. ભારતની અંદાજિત સવા અબજની વસ્તીમાં અંદાજે 43.5 કરોડ પુખ્ત સ્ત્રીઓનો સમાવેશ થાય છે જેમાંથી માત્ર 5.4 કરોડ સ્ત્રીઓ જ હાલ સક્રિય લોનધારકો છે. જ્યારે વર્ષ 2016માં આ આંકડો 2.25 કરોડ હતો.

વિશ્લેષણ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં મહિલા લોનધારકોની સંખ્યા સૌથી વધુ ગુજરાતમાં 23 ટકાના દરે વધી છે. જો કે સમગ્ર દેશમાં તમિલનાડુમાં સૌથી વધુ 85.2 લાખ મહિલાઓએ લોન લીધી છે. મહિલાઓની માટે ક્રેડિટ પેનિટ્રેશન (કુલ વયસ્ક વસ્તીમાં લોન લેનારાઓની ટકાવારી) વર્ષ 2016માં છ ટકા હતી જે વધીને 2021માં 12 ટકા થઈ છે.

ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરોએ જણાવ્યા અનુસાર, કુલ બાકી રિટેલ ક્રેડિટ બેલેન્સના સંદર્ભમાં મહિલા લોન લેનારાઓનો હિસ્સો 23 ટકા હતો. કોવિડ-19 મહામારીની પ્રતિકુળ અસરો વચ્ચે પણ મહિલા લોનધારકોની સંખ્યામાં મજબૂત વૃદ્ધિ થઇ છે. કેલેન્ડર 2021માં પુરૂષ લોનધારકોની સંખ્યામાં 6 ટકાની વૃદ્ધિ સરખામણીએ મહિલા લોનધારકોની સંખ્યામાં 11 ટકાનો વધારો જોવા મળ્યો છે. ભારતના રિટેલ ક્રેડિટ માર્કેટમાં મહિલાઓની વધતી ભાગીદારી દર્શાવે છે કે તેમણે પુરૂષોની સરખામણીએ વધુ સારી એસેટ્સ ક્વોલિટી પ્રોફાઈટ જાળવી રાખી છે અને તેમને શિસ્તબદ્ધ લોનધારકો માનવામાં આવે છે. રિટેલ લોન સેક્ટરમાં 90 દિવસ કરતા વધારે સમયથી ડિફોલ્ટનું પ્રમાણ મહિલા લોનધારકોના કિસ્સામાં 5.2 છે જ્યારે પુરૂષ લોનધારકોમાં આ રેશિયો 6.9 ટકા છે.

ગુજરાતમાં રહેતી એક યુક્રેનિયન પરણિત મહિલાની વ્યથા

# મારો આખો પરિવાર બંકરમાં, ખબર નથી શું થશે?



ગુજરાત વંદન | અમદાવાદ

છેલ્લા કેટલાક દિવસથી રશિયા-યુક્રેન વચ્ચે ભારે યુદ્ધ ચાલી રહ્યું છે લાખો નાગરિકો પલાયાન કરી ગયા છે. યુક્રેનમાં હજારો લોકો બંકરોમાં છૂપાયેલા છે જેને જ્યાં આશ્રય મળ્યો ત્યાં સુરક્ષિત છે જોકે, અમદાવાદમાં રહેતી એક યુક્રેનન મહિલા યુક્રેનમાં ગયેલા પોતાના પતિની ચિંતાને લઈને અડધી ગઈ છે અને શું થશે શું થશે એવા વિચારાનો વમળમાં ઘેરાય રહી છે.

“હું ભારતમાં છું અને મારો આખો પરિવાર યુક્રેનમાં છે. તે બૉમ્બમારાને કારણે બંકરમાં ફસાયેલો છે. આવતા અઠવાડિયે તેમને રૅશન મળશે કે નહીં, તેની પણ ખબર નથી. હું ગર્ભવતી છું, એટલે યુદ્ધ શરૂ થયું તે અઠવાડિયાથી મારા પતિએ ટીવી બંધ કરી દીધું છે.”

“મારા આવનારા બાળક પર અસર ન પડે, તેની કાળજી રાખી રહ્યા છીએ. યુદ્ધ શરૂ થયું તે સમયથી હું કશું ખાઈ નથી શકતી. છતાં આવનારા બાળકને ખાતર બે-ચાર કોળિયા ખાઈ લઉં છું.”

આ વ્યથા છે મૂળ યુક્રેનનાં સ્વેત્લાનાસિંહની, જેણે એક ભારતીય સાથે લગ્ન કર્યાં છે અને ગુજરાતમાં રહે છે.

ભારતે ‘ઑપરેશન ગંગા’ હેઠળ રોમાનિયા, પોલૅન્ડ અને સ્લૉવાકિયાના રસ્તે ત્યાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવા અભિયાન હાથ ધર્યું છે. છેલ્લા લગભગ એક પખવાડિયામાં લગભગ દસ લાખ યુક્રેનવાસીઓ દેશ છોડી ગયા છે.

બીજી બાજુ, રશિયાની સેના રાજધાની કિએવના દરવાજા સુધી પહોંચી ગઈ છે તથા યુક્રેનનાં કેટલાંક શહેર તેના તાબા હેઠળ આવી ગયાં છે તથા અને યુક્રેનવાસીઓની જિંદગી અગાઉ જેવી નથી રહી.

લખનૌના પવનસિંહ મિકેનિકલ ઈજનેરીનો અભ્યાસ કરવા માટે 1996માં યુક્રેન ગયા હતા, ત્યારે તેઓ સ્વેત્લાનાના સંપર્કમાં આવ્યા હતા. બંને ઈજનેરીની એક જ બ્રાન્ચમાં હતાં.

એ પછી સ્વેત્લાનાએ મૅન્યુફૅક્ચરિંગ ઈજનેરીમાં માસ્ટર ડિગ્રી મેળવી અને પવનનો અનુસ્નાતકનો અભ્યાસ પણ ચાલુ હતો.

બીબીસી ગુજરાતી સાથેની વાતચીતમાં સ્વેત્સાલાનાએ કહ્યું, “સાથે ભણતાં હતાં ત્યારે અમારી વચ્ચે પ્રેમ ન હતો. યુક્રેનની યુનિવર્સિટીઓમાં અનેક વિદ્યાર્થી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશથી આવે છે. શરૂઆતમાં પવન સાથેના મારા સંબંધ કૉલેજના અન્ય કોઈ સ્ટુડન્ટ સાથે હોય તેવા જ હતા, પણ પવનનો કૅરિંગ નૅચર મને ગમી ગયો હતો.”

“બંનેએ માસ્ટર કમ્પ્લીટ કર્યા પછી અમે જર્મની જઈને પીએચ. ડી. (ડૉક્ટરેટ ઈન ફિલૉસૉફી) કરવાનું નક્કી કર્યું. અમે બંને યુક્રેનથી જર્મની ગયાં. એ સમયે અમારી વચ્ચે પ્રેમ પાંગર્યો. 2002માં અમે જર્મનીમાં ભણતાં હતાં ત્યારે સાથે રહેવાનું નક્કી કર્યું. પવન પીએચ. ડી. કરતા હતા ત્યારે જ એક મલ્ટિનેશનલ કંપનીમાં બહુ સારા પગારની નોકરી મળી. હું હજુ ભણતી હતી, પવને ઑફર સ્વીકારી ને નોકરીમાં જોડાયા.”

પવને વ્યાવસાયિક કારકિર્દી માટે શૈક્ષણિક કારકિર્દીને બાજુએ મૂકી અને પોતાનું પીએચ.ડી. અધૂરું છોડ્યું. બીજી બાજુ, જર્મનીમાં સ્વેત્લાનાનો અભ્યાસ ચાલુ રહ્યો.

નોકરીનાં શરૂઆતનાં બે વર્ષ પવન અને સ્વેત્લાના અલગ-અલગ રહ્યાં. જોકે, તેમની વચ્ચેનો સંપર્ક જળવાઈ રહ્યો.

એ દિવસોને યાદ કરતાં સ્વેત્લાના કહે છે, “બે વર્ષ અલગ રહ્યાં પછી અમે લગ્ન કરવાનું નક્કી કર્યું. માત્ર બે વર્ષમાં જ પવન મૅનેજિંગ ડિરેક્ટરની પોસ્ટ પર પહોંચી ગયો હતો. છેવટે વર્ષ 2005માં અમે ડેનમાર્કમાં લગ્ન કર્યાં. 2009માં પવનને બીજી મલ્ટિનેશનલ કંપનીમાં જોબ મળી એટલે અમે ભારત આવી ગયા.”

“ભારત આવ્યા પછી અમે ફૅમિલી પ્લાન કર્યું. અમારે એક દીકરી થઈ. તેના ઉછેર માટે મેં હાઉસવાઈફ બનવાનું અને પવન જોબ કરે તેવું અમે નક્કી કર્યું હતું.”

અહીં આવીને સ્વેત્લાના ભારતીય બની ગયાં. તેઓ ગળામાં ઈસુ ખ્રિસ્તના પેડન્ટની સાથે મંગળસૂત્ર પણ પહેરે છે. ખીચડી, મટરપનીર, આલુમટર, કોબીજ અને ફ્લાવર તેમના ફેવરિટ શાક બની ગયાં છે. તો મહારાષ્ટ્રમાં લાંબો સમય સુધી રહ્યાં હોવાથી ગણેશચતુર્થીનો તહેવાર ઊજવે છે.

સ્વેત્લાનાની વાતને આગળ વધારતાં તેમના પતિ પવન કહે છે, “તે (સ્વેત્લાના) માનસિક રીતે ખૂબ જ મજબૂત છે. એ અમારી પહેલી દીકરી પૌલિનાથી પ્રેગનન્ટ હતી, ત્યારે એનાં માતાને બ્રેઇન ટ્યૂમર ડિટેક્ટ થયું. સ્વેત્લાના યુક્રેન ગઈ અને છ મહિનાની ગર્ભવતી હોવા છતાં એણે પોતાની માતાની સંભાળ લીધી અને તેનું ઑપરેશન કરાવડાવ્યું.”

પૌલિનાના જન્મનાં 11 વર્ષ બાદ સ્વેત્લાના અને પવને બીજું બાળક પ્લાન કર્યું, ત્યારે રશિયા ઉપર યુક્રેનની ચઢાઈ દંપતી ઉપર વધુ એક વિપદા આવી પડી. સ્વેત્લાનાનાં બહેન અને માતા-પિતા ખારકિએવમાં રહે છે. તેમણે બંકરમાં આશરો લીધો છે અને વીડિયો કૉલ પર વાત પણ થાય છે.

યુક્રેનની સ્થિતિ જોઈને દંપતી ખૂબ જ દુઃખી થઈ જાય છે. સ્વેત્લાનાને માનસિક અસર ન થાય તે માટે પવનના પરિવારે ટીવી જોવાનું બંધ કર્યું છે. પરંતુ યુક્રેન તથા રશિયામાં રહેતાં પરિવારજનો અને સંબંધીઓના ફોનને કારણે સ્વેત્લાના ખૂબ જ તણાવમાં રહે છે. પવન કહે છે, “સ્વેત્લાના તણાવ ન લે અને સારી રીતે પૂરતો ખોરાક લે તે માટે હું પોતે એક અઠવાડિયાથી ઉઘ્યો નથી. તેને પૂરતી ઊંઘ મળે તથા ઈન્ટરનેટ પર રશિયા અને યુક્રેન વિશે બહુ સમાચાર ન જુએ તેની કાળજી રાખું છું.”

સ્વેત્લાના કહે છે, “હું પોતે રશિયન બોલતી યુક્રેનિયન છું. મારા સંખ્યાબંધ મિત્રો રશિયન છે. યુદ્ધની સ્થિતિ જાણ્યા પછી માતા-પિતાને કૉલ કર્યો હતો, તેઓ બંકરમાં છુપાઈને બેઠા છે. વીડિયો કૉલમાં તેમની સ્થિતિ જોઈને હું વ્યથિત થઈ ગઈ છું. મારી બહેન પણ ખારકિએવમાં જ રહે છે.”

“સગાંવહાલાં તથા મિત્રોએ મોકલેલા ખારકિએવના વીડિયોમાં ત્યાં થયેલી તબાહી મારાથી જોવાતી નથી. રસ્તા નિર્જન છે. માર્કેટ તૂટી ગઈ છે અને અમારા વિસ્તારમાં પણ બૉમ્બમારો થયો છે. મારા પરિવારજનોએ બંકરમાં આશરો લીધો છે, પરંતુ તેમનું રૅશન ખૂટશે તો? એવી ચિંતા મને સતાવે છે. મારું જમવાનું અને ઊંઘવાનું હરામ થઈ ગયું છે.” પવન કહે છે, “હું મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરું છું અને યુરોપના અનેક દેશોમાં તેનું કામકાજ ફેલાયેલું છે. અનેક યુક્રેનવાસીઓને લાગતું ન હતું કે રશિયા દ્વારા આવું કોઈ પગલું લેવામાં આવશે. યુદ્ધની શક્યતાને જોતા મેં મારાં સાસુ-સસરાને ભારત આવી જવા કહ્યું, પરંતુ એમને લાગતું હતું કે યુદ્ધ નહીં થાય. એ લોકો જ્યાં રહે છે, એ શહેર જ યુદ્ધમાં તારાજ થઈ ગયું છે.”

“સ્વેત્લાનાનાં અનેક સગાં-સંબંધી વેપારધંધા માટે યુક્રેનમાં સ્થાયી થયાં છે. એમને પણ લાગતું ન હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થશે.”

સ્વેત્લાના કહે છે, “યુક્રેન અને રશિયાના લોકો વચ્ચે કોઈ મનભેદ નથી. યુક્રેનવાસીઓની લાશો મારાથી જોવાતી નથી. મારી એક જ વિનંતી છે કે દુનિયાના બીજા દેશો વચ્ચે પડીને સમાધાન કરીને યુદ્ધ બંધ કરાવે આ બરબાદી મારાથી જોવાતી નથી.”

(બીબીસી)

# આ સરળ ઘરગથ્થુ ઉપાયોથી કબજિયાતથી મેળવો છુટકારો....

શું તમને કબજિયાત છે? શું તમને પેટ ફૂલવાની સમસ્યા છે? તમે આ બધી સમસ્યાઓથી સરળતાથી છુટકારો મેળવી શકો છો અને તમારી દિનચર્યામાં કેટલીક સરળ ટેવો વડે જીવનભર તેને ઠીક કરી શકો છો.ો



હેલ્થ એક્સપર્ટ
સાંચી નાયક

તમારા રોજિંદા ખોરાકમાં ફાઈબર વધારો, ઘણી બધી શાકભાજી ખાઓ, દરેક ભોજનમાં કચુંબર, કાકડી, ગાજર, બીટ, મૂળો, ટામોટો જેવા મૂળભૂત સલાડ ખાવ જેમાં પોષક તત્વો પણ પુષ્કળ પ્રમાણમાં હોય છે. નાસ્તામાં સાદી કટ પોલિશ્ડ પીળી દાળ, બદામ અને ખજૂરને બદલે તમામ ફળો, અનાજ અને કઠોળ ખાઓ.

તમારી કબજિયાતની તીવ્રતાના પ્રમાણે ભોજનના 10 મિનિટ પહેલા ઈસબગુલ સિમ્પલ ફાઈબર લો. જેમાં અડધા ગ્લાસ પાણીમાં માત્ર 1 ચમચી ઉમેરો અને તેમાં ચૂનાના થોડા ટીપા ઉમેરો, 3 મિનિટ માટે પલાળી રાખો અને પછી તેને ગળી લો. જે કોઈપણ સ્થાનિક કરિયાણાની દુકાનમાં મળી રહી છે

સાંજે અથવા સૂતી વખતે આદુની ચા પીવો.

આથાવાળા શાકભાજી લો પરંતુ ઓછા મસાલેદાર અને તેલ વગરના. આ પ્રીબાયોટિક તરીકે કામ કરે છે જે વધુ સારા બેક્ટેરિયા બનાવશે. જમ્યા પછી એક વાટકી દહીં લો. બળતરા ઘટાડવા માટે ઓમેગા 3 સમૃદ્ધ ખોરાક લો, જેમ કે અખરોટ, ફ્લેક્સસીડ્સ, બદામ, વગેરે. રોજ કસરત કરો અને ચાલવાનું રાખો જે કબજિયાતમાં રાહત આપશે.

દરરોજ 3 લિટર પાણી પીવો, પ્રવાહીનો અભાવ પણ કબજિયાત બનાવે છે.

જો તમે ઓછામાં ઓછા 2 થી 3 મહિના સુધી દરરોજ ઘરે ઉપરોક્ત તમામ ઉપાયો કરો અને પછી અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ વખત ચાલુ રાખો તો તમે તમારા આંતરડાની તંદુરસ્તીને ઠીક કરી શકશો અને તમારું પાચનતંત્ર કાયમ માટે સ્વસ્થ થઈ જશે.

# હોલી હૈ ભઈ હોલી હૈ : હોળી પર જ કેમ ખવાય છે ધાણી, ખજૂર અને ચણા?

આ પણી હિંદુ સંસ્કૃતિમાં વિવિધ તહેવારો-ઉત્સવોનું આગવુ મહત્વ હોય છે. તમામની પાછળ ધાર્મિક માન્યતાઓ રહેલી હોય છે. કેટલાક તહેવારોમાં ઉપવાસ રાખવાની પણ પરંપરા હોય છે. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ તહેવારોના ઉપવાસ અને સ્વાસ્થ્યને સીધો સંબંધ રહેલો છે. હોળીના દિવસે 'પ્રહલાદ અને હોલિકા' સાથે જોડાયેલી દંતકથાને અનુલક્ષીને સાંજે ચાર રસ્તા કે ચોક પર લાકડા, છાણાનો ઢગલો કરીને હોળી પ્રગટાવવામાં આવે છે.



હોળીની અગ્નિમાં ચણા, ધાણી, ખજૂર, નારિયેળ હોમી, પાણી રેડીને પ્રદક્ષિણા કરવામાં આવે છે. આમ કરવાથી અગ્નિના તાપની અસરથી શરીરમાં ખાસ કરીને ફેફસાં, સાયનસમાં જમા થયેલો કફ પીગળી જાય છે અને સહેલાઈથી બહાર આવી શકે છે.



આ દિવસે સવારથી સાંજ સુધી માત્ર ધાણી-ચણા અને ખજૂર ખાવાની છૂટ રાખવામાં આવે છે. સાંજે હોળીના દર્શન બાદ પરિવાર-મિત્રો સાથે મિષ્ટાન્ન કરવામાં આવે છે.

જુવારની ધાણીઃ જુવારની ધાણીમાં એન્ટિઓક્સિડન્ટની ઊંચી માત્રા રહેલી છે. જુવારની ધાણી ઘણી રીતે ઘઉં કરતાં પણ સુપીરિયર છે. જુવારની ધાણીના ન્યુટ્રિશિયનની વાત કરવામાં આવે તો, જેમને ડાયાબિટીસ હોય અને જેમનું કોલેસ્ટ્રોલ લેવલ એલિવેટ થતું હોય તેમના માટે જુવારની ધાણી સર્વશ્રેષ્ઠ છે. ખાસ કરીને સ્પ્રિંગમાં જે લોકોને ખાંસીની સમસ્યા થતી હોય ત્યારે જુવારની ધાણીના સેવનથી શરીરમાં કફનું લેવલ કંટ્રોલ કરવામાં મદદ મળે છે.

ખજૂરઃ આર્યનથી ભરપૂર અને એનર્જીનો બેસ્ટ સોર્સ એટલે ખજૂર. ખજૂર એનર્જી બૂસ્ટર તરીકે કામ કરે છે. ખાસ કરીને જ્યારે ઉપવાસ હોય ત્યારે એનર્જી લેવલ જાળવી રાખવામાં ખજૂર મદદરૂપ થાય છે. ખજૂરની કિંમત તમામ વર્ગને પરવડે તેવી હોય છે.


ચણાઃ ખેતરોમાં ચણાના પાકને આસો મહિના દરમિયાન વાવી દેવામાં આવે છે. હોળીનો તહેવાર આવે ત્યાં સુધીમાં તે પાકીને તૈયાર થઈ જાય છે. ચણા શરીરમાં થતી કફની ચીકાશને દૂર કરવામાં મદદરૂપ છે. આયુર્વેદની દ્રષ્ટિએ શેકેલા ચણા કફ, વાયુ અને થાકને દૂર કરે છે. કફ જામી ગયો હોય, સળેખમ થઈ હોય ત્યારે શેકેલા ચણા ખાવાથી કફ આંતરડા વાટે પચીને શરીરની બહાર નીકળી જાય છે. કફને કારણે મ્હોંનો સ્વાદ બગડી ગયો હોય, ભૂખ ન લાગતી હોય ત્યારે પણ ચણામાં સિંધવ, મરી, લીંબુ ઉમેરીને ખાઈ શકો છો. ચણા કેલ્શિયમ, પોટેશિયમ અને મેગ્નેશિયમનો સારો સૉર્સ છે. મેંગેનીઝ, ફોલેટ અને પ્રોટીન, કોપર, ફોસ્ફરસ અને આયર્નનો શ્રેષ્ઠ સૉર્સ હોવાને કારણે, ગોળ સાથે ચણા હોળીના દિવસે ઉપવાસ દરમિયાન ખાવાની વિશેષ સલાહ આપવામાં આવે છે.

# પેટની સમસ્યાને જડમૂળથી દૂર કરવા કરો આ યોગાસનો

પેટની સમસ્યા આખા શરીરને હેરાન કરતી હોય છે. આ સમસ્યાઓથી બચવા માટે તમારે કેટલાક યોગાસનોને તમારી દિનચર્યામાં સામેલ કરવા જોઈએ. જાણો આવા ત્રણ યોગાસનો વિશે જે તમારા પાચન તંત્ર સાથે જોડાયેલી દરેક સમસ્યાનું નિદાન કરી શકે છે.

પવનમુક્તાસન ગેસ અને કબજિયાતની સમસ્યાને દૂર કરે છે. પાચનતંત્રને મજબૂત બનાવે છે અને કમરના દુખાવામાં રાહત આપે છે. આ કરવા માટે તમારી પીઠ પર સીધા સૂઈ જાઓ. તમારા બંને પગને ઘૂંટણ પર વાળો અને તમારા હાથને બંને બાજુએ પકડો. બંને હાથને એકસાથે પકડો. આ પછી શ્વાસ છોડતી વખતે ઘૂંટણને તમારી છાતી તરફ લાવો, અને તમારી જાંઘને તમારા પેટ પર દબાવો. તમારા માથાને ફ્લોર પરથી ઉઠાવો અને તમારા ઘૂંટણ વડે કપાળને સ્પર્શ કરવાનો પ્રયાસ કરો. દરમિયાન શ્વાસ લેતા રહો અને બહાર કાઢો. થોડી સેકંડ પછી સામાન્ય સ્થિતિમાં પાછા આવો. 4 થી 5 વખત પુનરાવર્તિત કરી શકો છો.

ત્રિકોણાસન પાચનતંત્રને ઠીક કરે છે અને એસિડિટીથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. તે ગરદન, પીઠ, કમર અને પગની આસપાસની ચરબીને દૂર કરીને સ્નાયુઓને પણ લચીલા બનાવે છે. આ કરવા માટે સીધા ઊભા રહો અને તમારા પગ વચ્ચે ઓછામાં ઓછું 3 ફૂટનું અંતર રાખો. તમારા બંને હાથને બાજુ પર ફેલાવો અને તેમને ખભાની બરાબર રાખો. આ પછી, શ્વાસ લેતી વખતે, ડાબા હાથને ઉપર ઉઠાવો અને શરીરને જમણી તરફ ફેરવો. તમારા જમણા હાથને જમણા પગની નીચે પગ તરફ લાવો. થોડો સમય આ સ્થિતિમાં રહો. તે પછી બીજી બાજુથી આ ક્રમનું પુનરાવર્તન કરો. 4 થી 5 વખત પુનરાવર્તિત કરો. વજ્રાસન પાચનમાં સુધારો કરે છે અને કબજિયાતમાં રાહત આપે છે. એસિડિટી અને ગેસની સમસ્યા દૂર કરે છે અને પીઠના સ્નાયુઓને મજબૂત બનાવે છે. આ કરવું ખૂબ જ સરળ છે. આ કરવા માટે યોગ મેટ પર બેસો. હવે ઘૂંટણને વાળીને પાછળ લઈ જાઓ અને પગને સીધા રાખો. તમારા પગના અંગૂઠા ઉપરની તરફ હોવા જોઈએ. આ દરમિયાન કમર સીધી હોવી જોઈએ, કોણીને વાળ્યા વિના બંને હાથ ઘૂંટણ પર રાખો. શરીરને આરામ આપો અને તમારી આંખો બંધ કરો. ધીમે ધીમે ઊંડો શ્વાસ લો અને તેને છોડો. બને ત્યાં સુધી આ સ્થિતિમાં બેસો.



# બેસનનો લોટ ચહેરાના પિમ્પલ્સ અને ડાઘ થોડા જ દિવસોમાં કરશે ગાયબ

ચણાનો લોટ એટલે કે ચણાની દાળનો પાઉડર, તે કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીનથી ભરપૂર હોય છે અને ત્વચા માટે કુદરતી શુદ્ધિનું કામ કરે છે. ત્વચાને સાફ કરવા માટે આર્ટિફિશિયલ ક્લીન્ઝરની સરખામણીમાં આ ખૂબ જ કુદરતી અને સલામત વિકલ્પ છે. બેસન ત્વચાને ડિટોક્સિફાય કરે છે, તેની સાથે જ તે ત્વચાની ચીકણાપણું દૂર કરે છે અને તેનાથી સંબંધિત ઘણી સમસ્યાઓથી છુટકારો અપાવે છે.

ચણાનાં લોટમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે, જે ત્વચાને ઘણી સમસ્યાઓથી બચાવે છે. ચણાનો લોટ ચહેરાને તો સાફ કરે છે સાથે જ ખીલની સમસ્યાથી પણ છુટકારો અપાવે છે. આ સાથે ચણાનો લોટ ત્વચા પર ચમક લાવવામાં પણ મદદ કરે છે. ચણાના લોટના આ ફાયદાઓ માટે તમારે તેને ચહેરા પર કેવી રીતે લગાવવું તે પણ જાણવાની જરૂર છે. ચાલો અમે તમને જણાવીએ કે કેવી રીતે અને કેટલા સમય સુધી ચણાનો લોટ ચહેરા પર લગાવવો જેથી કરીને તમે તેના તમામ ગુણોનો લાભ મેળવી શકો.

પિમ્પલ્સ માટે ચણાનો લોટ અને કાકડીની પેસ્ટ : ચણાનો લોટ પિમ્પલ્સને પણ થતા અટકાવે છે, આ માટે તમે ચણાના લોટમાં કાકડી મિક્સ કરો. કાકડીની પેસ્ટ બનાવો અને તેમાં ચણાનો લોટ ઉમેરો. આ પેસ્ટને સારી રીતે મિક્સ કર્યા પછી ચહેરા પર લગાવો, લગભગ 20-25 મિનિટ પછી ધોઈ લો. આ પેસ્ટ લગાવવાથી ચહેરાના પિમ્પલ્સથી પણ રાહત મળશે અને ગ્લો પણ આવશે.

ઓયલી ત્વચા માટે ચણાનો લોટ કેવી રીતે લગાવવો : જો તમારી ત્વચા ઓયલી છે, તો ચણાના લોટને દહીંમાં મિક્સ કરીને ચહેરા પર લગાવો, જેના કારણે ચહેરા પરની ચીકણાન્સને નિયંત્રણમાં રાખી શકાય છે. આ પેસ્ટને ચહેરા પર લગાવતા પહેલા ચહેરો સાફ કરી લો અને પછી પેસ્ટ લગાવો. આ પેસ્ટને લગભગ 20 મિનિટ સુધી રાખ્યા બાદ તેને પાણીથી ધોઈ લો.



# મહિલાઓમાં વધતી વય સાથે આ કારણોથી થાઈરોઈડનો ખતરો વધે છે

થાઈરોઈડની સમસ્યા આજકાલ ખૂબ જ વધી ગઈ છે. મહિલાઓમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. થાઈરોઈડ ગ્લેન્ડમાં હોર્મોનનું સંતુલન બગડી જવાને કારણે આ સમસ્યા થાય છે. સાથે જ વધતી ઉંમરની સાથે મહિલાઓમાં થાઈરોઈડનો ખતરો પણ વધી જાય છે. થાઈરોઈડની સમસ્યા પુરુષોના મુકાબલે મહિલાઓમાં વધારે જોવા મળે છે જેથી મહિલાઓએ આ રોગ વિશેની જાણકારી રાખવી ખૂબ જ જરૂરી છે. હાઈપરથાઈરોઈડિઝમમાં વજન ઘટવું, ગરમી સહન ન કરી શકવી, સારી ઉંઘ ન આવવી, તરસ લાગવી, વધારે પરસેવો આવવો, હાથ ધ્રુજવો, હૃદય જોરથી ધડકવું, કમજોરી, ચિંતા અને અનિદ્રા જેવા લક્ષણો સામેલ છે.

## થાઈરોઈડનું કારણ

મહિલાઓને થાઈરોઈડની સમસ્યા હેલ્ધી કાર્બોહાઈડ્રેટ્સ ન લેવાથી, વધુ મીઠું અથવા સી ફૂડ અને હાશિમોટો રોગને કારણે થઈ શકે છે. આ સિવાય શરીરમાં આયોડીન અને વિટામિન બી12ની કમીને કારણે પણ મહિલાઓમાં થાઈરોઈડનો ખતરો વધી જાય છે.

થાઈરોઈડ ગ્રંથિથી મેટાબોલિઝમ રેટ બહુ જ પ્રભાવિત થાય છે. જેના કારણે ભોજન પૂર્ણ રીતે એનર્જીમાં પરિવર્તિત થતું નથી અને શરીરમાં ફેટ જમા થવા લાગે છે. ઘણાં લોકોમાં તેની વિપરિત અસર જોવા મળે છે અને વજન ઝડપથી ઘટવા લાગે છે. આવી કોઈ સમસ્યા જણાય તો તરત જ ચેકઅપ કરાવવું.

## થાઇરોઇડ શું છે?

તમારી થાઈરોઈડ ગ્રંથિ ઘણા હોર્મોન્સ બનાવે છે, જે તમારા સમગ્ર શરીરમાં ઘણી જુદી જુદી સિસ્ટમોમાં ભૂમિકા ભજવે છે. આ હોર્મોન્સની સીધી અસર શ્વાસ, હૃદયના ધબકારા, પાચન તંત્ર અને શરીરના તાપમાન પર થાય છે. આ સાથે તે હાડકાં, સ્નાયુઓ અને કોલેસ્ટ્રોલને પણ નિયંત્રિત કરે છે. જ્યારે આ હોર્મોન્સ અસંતુલિત થઈ જાય છે, વજન વધવા લાગે છે અથવા ઘટવા લાગે છે, તેને થાઈરોઈડની સમસ્યા કહેવાય છે. થાઇરોઇડના બે પ્રકાર છે - હાઈપરથાઈરોડિઝમ અને હાઈપોથાઈરોડિઝમ.



## તેનાથી બચવાના ઉપાય

થાઈરોઈડની દવા લેવાની સાથે કેટલાક ઉપાય પણ કારગર સાબિત થઈ શકે છે. તેના માટે તમે ડુંગળીથી ગળા પર મસાજ કરી શકો છો. ડુંગળીને વચ્ચેથી કાપી એક ટુકડો લઈ રોજ રાતે સૂતા પહેલાં ક્લોક વાઈસ ગળા પર તેનાથી મસાજ કરો. પછી સવારે ગરદન ધોઈ લો. થોડાં દિવસ આ ઉપાય કરવથી ફાયદો જણાશે.

રોજ હળદરવાળું દૂધ પીવાથી પણ ઘણો ફાયદો થાય છે. હળદર થાઈરોઈડ ગ્લેન્ડને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. જો તમે દૂધમાં હળદર નાખીને પી ન શકતા હો તો નવશેકા પાણીમાં પણ મિક્સ કરી પી શકો છો.

થાઈરોઈડને કંટ્રોલમાં રાખવા માટે મુલેઠી પણ બેસ્ટ ઔષધી છે. તેના માટે ચપટી મુલેઠી પાઉડર ચામાં અથવા પાણીમાં મિક્સ કરીને રોજ પીવો.

# ગરમીની સીઝનમાં પપૈયા ખાવાથી શરીર રહે છે દિવસભર સ્ફૂર્તિમય

ઉનાળાનો ધીમે ધીમે પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ગરમીની સીઝનમાં પપૈયા ખાવાથી અનેક ફાયદા થાય છે. પપૈયામાં વિટામીન એ, બી અને સીની સાથે વિટામીન-ડી પણ થોડી માત્રામાં હોય છે. પપૈયા એ પેપ્સિન નામના પાચન તત્વનો એકમાત્ર કુદરતી સ્ત્રોત છે. તેમાં કેલ્શિયમ અને કેરોટીન પણ ભરપૂર માત્રામાં હોય છે.પપૈયામાં ફોસ્ફરસ, પોટેશિયમ, આયર્ન, એન્ટીઓક્સીડેન્ટ્સ, કાર્બોહાઈડ્રેટ્સ અને પ્રોટીન પણ હોય છે.



પપૈયા ખૂબ સરળતાથી મળી રહેલ છે. ઘણા લોકો તેના વૃક્ષને ઘરમાં પણ રોપતા હોય છે. વૃદ્ધ લોકો કહે છે કે પપૈયા શરીરમાં મહાન ગુણ આપે છે, જે ખરેખર સાચું પણ છે. પપૈયાનું સેવન કરવાથી અનેક બીમારીઓથી રાહત મળે છે. પપૈયા રોજ નિશ્ચિત માત્રામાં ખાઈ શકાય છે. ઉનાળામાં, તેના સેવનને કારણે, દિવસભર શરીરમાં ઉર્જા રહે છે.

ડાયાબિટીઝ સહાયકો : ઉનાળામાં, ડાયાબિટીઝના દર્દીનો આહાર હંમેશાં સંતુલિત હોતો નથી. જેના કારણે તેમના બ્લડ સુગરનું સ્તર અચાનક વધી જાય છે. આ સમસ્યાને મેનેજ કરવા માટે દરરોજ પપૈયાનું સેવન કરો. બ્લડ પ્રેશરની સમસ્યા પણ નિયંત્રણમાં હોય તેવું લાગે છે. જે લોકો દરરોજ પપૈયા ખાય છે તેમને ડાયાબિટીઝની ચિંતા કરવાની જરૂર નથી.

માસિક અનિયમિતતા : ઘણી સ્ત્રીઓ માસિક ચક્રમાં થતી અનિયમિતતાઓથી ખૂબ પરેશાન થાય છે. મહિલાઓ આ માટે વિવિધ પગલાં લે છે. ઘણા લોકો દવા પણ લે છે પરંતુ જો તમે દરરોજ પપૈયાનું સેવન કરો છો, તો ધીમે ધીમે આ સમસ્યાનું સમાધાન જાતે જ બહાર આવવાનું શરૂ થઈ જશે. માસિક ચક્ર પોતે જ નિયમિત બનવાનું શરૂ કરશે.

વજન ઘટાડવા માટે : જો તેઓ વજન ઘટાડવાની તૈયારી કરી રહ્યા હોય તો તમારે પપૈયા ખાવું જ જોઈએ. પપૈયામાં રહેલા રેસા તમારા વજન ઘટાડવામાં મદદ કરશે. પપૈયું ખાવાથી પેટ પણ ઝડપથી ભરાઈ જાય છે, તેથી જો તમે સવારે ઉઠીને પપૈયા ખાશો તો તમને આખો દિવસ ભૂખ લાગશે નહીં અને તમે બધુ ખાવાનો પ્રયત્ન નહીં કરો.જે લોકો આખો દિવસ સ્ક્રીન પર કામ કરીને આંખોની રોશની વધે છે , તેઓએ ફક્ત પપૈયાનું સેવન કરવું જોઈએ. પપૈયામાં વિટામિન-એ સારી માત્રામાં હોય છે. વિટામિન-એના સેવનથી આંખોની દ્રષ્ટિ વધે છે. તેથી, દવાઓ લેવાને બદલે, તમે કુદરતી ઉપાયો દ્વારા સરળતાથી આંખોની રોશની વધારી શકો છો, તેથી આ દિવસોમાં પપૈયાનું નિયમિત સેવન કરો. તમારા રોગ પ્રતિરોધક માટે સારું રહેવા માટે રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો રોગપ્રતિકારક શક્તિ સારી છે.

તો માત્ર કોરોના, કોઈ રોગ તમને સ્પર્શી શકશે નહીં. પપૈયા આપણા શરીરમાં વિટામિન-સીની ઉણપને પૂર્ણ કરે છે.

# સફેદ કપડા પહેરીને ધૂળેટી રમવાનું છે એક વિશેષ મહત્વ

ધૂળેટીનો તહેવાર ધીમે ધીમે નજીક આવી રહ્યો છે. અત્યારથી જ લોકોમાં તેને લઈને ખૂબ જ ઉત્સાહ નજર આવી રહ્યો છે. દરેક લોકો આ તહેવારની આતુરતાથી રાહ જુએ છે. દરેક લોકો આ તહેવારને ખુબ જ ધામધુમથી મનાવે છે. બજારમાં રંગ અને ગુલાલની દુકાનોમાં સજાવટ કરેલી જોવા મળે છે. આ તહેવાર માટે અમીરથી લઈને ગરીબ લોકો સુધી બધામાં ઉત્સાહ જોવા મળે છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે આ તહેવાર કોઈ સાથે પણ ભેદભાવ કરતો નથી. ધૂળેટીને ગરીબોનો તહેવાર પણ કહેવામાં આવે છે.




હોળી રંગોનો અને ખુશીયો ફેલાવવાનો તહેવાર છે. આ દિવસે લોકો એકબીજાને ગુલાલ સહિત અનેક રંગબેરંગી રંગ લગાવીને હોળીની શુભેચ્છા આપે છે. પરંતુ શું તમને કોઈ દિવસ વિચાર આવ્યો છે કે, હોળી દિવસે શા માટે સફેદ કપડા પહેરવામાં આવે છે, સફેદ કપડાના પહેવાના ટ્રેન્ડ પાછળનું રસપ્રદ કારણ જણાવીશું

હોળીના દિવસે સફેદ કપડા પહેરવાનો ચલણ છે. મહિલાઓ આ દિવસે સફેદ કુર્તો અને પુરુષો સફેદ રંગનો ઝભ્ભો પહેરે છે. જેથી આ દિવસ માટે સફેદ રંગના કપડાની ખરીદવાનો એક અલગ ક્રેઝ જોવા મળે છે. છોકરી સફેદ કુર્તા સાથે રંગબેરંગી દુપટ્ટો પહેરવાનું વધુ પસંદ કરે છે. સફેદ રંગ શાંતિનો પ્રતિક છે. આ પર્વ આંતરિક મતભેદ ભૂલાવીને આગળ વધવાનો છે. લોકોમાં ભાઈચારો અને માનવતા દર્શાવવાનો છે. તેના પર તો ગીત પણ બન્યું છે કે "હોલી કે દિન દિલ મિલ જાતે હૈ". શાસ્ત્રો અનુસાર, હોળીનો તહેવાર પર સત્યની જીતના પ્રતિકરૂપે ઉજવવામાં આવે છે. હોળીનો પર્વ બે દિવસ સુધી ઉજવવામાં આવે છે. પહેલા દિવસે હોલિકા દહન કરવામાં આવે છે. જેની હોલિકા દહનની કથા જોડાયેલી છે. સફેદ રંગ પર દરેક રંગના એકબીજામાં ભળતા જોવા મળે છે. એટલે સફેદ રંગ આ દિવસનો સૌથી ટ્રેન્ડી અને ક્લાસી લૂક ગણવામાં આવે છે. હોળી દિવસે કપડાની વાત જ અલગ હોય છે. લુક ઉપરાંત લોકો ધૂળેટીના દિવસે સફેદ રંગના કપડાં એટલે પહેરે છે. કેમ કે ગુલાલનો દરેક રંગ સારી રીતે દેખાય. સફેદ કપડાં એક સફેદ કેન્વાસ જેવા લાગે છે જેના પર અનેક રંગોથી કલાકારી કરવામાં આવી હોય. ધૂળેટીના રંગથી રંગીન બનેલ કપડામાં ફોટો સારા આવે છે. ફોટો કલરફુલ હોય છે. જેને જોઈને મન ખુશ થઈ જાય છે.

# કોમ્પ્યુટર અને મોબાઈલમાંથી નીકળતી બ્લુ લાઈટ આંખ માટે હોય છે ખતરનાક

મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર સ્ક્રીનમાંથી નીકળતી બ્લુ લાઈટ માત્ર તમારી આંખોને જ નુકસાન પહોંચાડતી નથી પરંતુ તે ત્વચાને પણ અસર કરે છે. જો તમે પણ કલાકો સુધી સ્માર્ટફોન કે કોમ્પ્યુટર સ્ક્રીન પર તાકી રહેશો તો તમારી આ આદત ખતરનાક સાબિત થઈ શકે છે. નિષ્ણાંતોના મતે મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર સ્ક્રીનમાંથી નીકળતી બ્લુ લાઈટ માત્ર તમારી આંખોને જ નુકસાન પહોંચાડતી નથી, પરંતુ ત્વચાને પણ અસર કરે છે.



## આંખો-ત્વચા માટે હાનિકારક

વાદળી પ્રકાશ એ ઉચ્ચ ઊર્જા પ્રકાશનો એક પ્રકાર છે. સૂર્યના કિરણો, વાતાવરણથી લઈને લાઈટ બલ્બ સુધી, તે તમામ ડિજિટલ સ્ક્રીનો અને ઉપકરણોમાં હાજર છે. સૂર્ય ચોક્કસ માત્રામાં વાદળી પ્રકાશનું ઉત્સર્જન કરે છે, જે આપણા કુદરતી ઊંઘના ચક્ર અને ઊંઘની પેટર્ન માટે જરૂરી છે, પરંતુ લેપટોપ અને સ્માર્ટફોન પર કલાકો ગાળવાથી તમારી આંખો અને ત્વચાને નુકસાન થઈ શકે છે.

## એક ગંભીર સમસ્યા હોઈ શકે છે

વાદળી પ્રકાશના સતત સંપર્કમાં રહેવાથી તમારી ત્વચા તેની ચમક ગુમાવે છે. આનાથી ચહેરા પર સોજો, વૃદ્ધત્વ, કરચલીઓ અને હાયપરપીગ્મેન્ટેશન થઈ શકે છે. શક્ય હોય ત્યાં સુધી વાદળી પ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળો. તે અનિદ્રા, નબળી દૃષ્ટિ, થાક અને માથાનો દુખાવો જેવી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.

## આહારનું ધ્યાન રાખો

ત્વચાને ઓક્સિડેટીવ તણાવ અને વાદળી પ્રકાશના નુકસાનથી બચાવવા માટે, આહારમાં પુષ્કળ ફળો અને શાકભાજીનો સમાવેશ કરો.

## નાઇટ મોડમાં ફોન યુસ કરો

મોટાભાગના સ્માર્ટફોનમાં નાઈટ ટાઈમ મોડ ફીચર હોય છે. ફોનને નાઈટ ટાઈમ મોડમાં રાખવાથી તમે સ્કિન ડેમેજથી બચી શકશો. આ સિવાય બીજી રીત એ છે કે ફોન કે લેપટોપની સ્ક્રીન અને તમારા ચહેરા વચ્ચે અંતર રાખવાનો પ્રયાસ કરો.

## ત્વચા સંભાળ નિયમિત

રાત્રે સૂતી વખતે નાઈટ રિપેર ક્રીમ અથવા સીરમ લગાવો. એવા ઉત્પાદનો પસંદ કરો કે જેમાં હાયલ્યુરોનિક એસિડ અને એન્ટીઑકિસડન્ટ હોય. તેઓ આંખોની આસપાસની ત્વચાને હાનિકારક પ્રકાશથી પણ સુરક્ષિત કરે છે. તમારી ત્વચા સંભાળની દિનચર્યામાં સ્થાનિક એન્ટીઑકિસડન્ટોનો સમાવેશ કરો. ટોપિકલ એન્ટીઑકિસડન્ટ ક્રિમ ત્વચાને નુકસાનથી રક્ષણ આપે છે જ્યારે ત્વચા યુવી કિરણો, દૃશ્યમાન વાદળી પ્રકાશ અને પ્રદૂષણ જેવી વસ્તુઓના સંપર્કમાં આવે છે.

## ક્રિકેટ રસિયાઓ માટે ખુશખબર : બીસીસીઆઈએ કર્યુ શેડ્યુલ જાહેર

# IPL ૨૦૨૨નો આગાજ ચેન્નાઈ- કોલકાતાથી થશે

ગુજરાત વંદન | નવી દિલ્હી

ઈન્ડિયન પ્રિમીયર લીગ (2022)ની 15મી સીઝન માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે લીગ મેચનો કાર્યક્રમ જાહેર કરી દીધો છે. આ સીઝનની પ્રથમ મેચ ડીફેન્ડીગ ચેમ્પિયન ચેન્નાઈ સુપરકિંગ્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે 26 માર્ચથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સાંજે 7:30 વાગ્યાથી શરૂ થશે. ટૂર્નામેન્ટની બે નવી ટીમ લખનૌ સુપર જાયન્ટ્સ અને ગુજરાત ટાઈટન્સ એકબીજા સામે 28 માર્ચે ટકરાશે. જ્યારે લીગ સ્ટેજની અંતિમ મેચ પણ વાનખેડેમાં જ રમાશે.



બીસીસીઆઈએ કહ્યું કે પ્લેઓફના કાર્યક્રમની જાહેરાત બાદમાં કરવામાં આવશે. 65 દિવસ સુધી ચાલનારી આ ટૂર્નામેન્ટમાં 12 દિવસ બે મેચ (ડબલ હેડર) હશે જેનો પહેલો મુકાબલો બપોરે 3:30 અને બીજો મુકાબલો સાંજે 7:30 વાગ્યાથી રમાશે. પહેલો ડબલ હેડર 27 માર્ચે રમાશે અને તેમાં દિલ્હી કેપિટલ્સ-મુંબઈ ઈન્ડિયન્સની ટીમ બ્રેબોર્ન સ્ટેડિયમ અને બીજી મેચ પંજાબ કિંગ્સ-રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. આ મેચ ડી.વાઈ.પાટીલ સ્ટેડિયમ પર રમાશે. ટૂર્નામેન્ટનો ફાઈનલ 29 મેએ રમાશે. આ વખતે લીગના તમામ 70 મેચ મુંબઈ અને પૂનામાં રમાશે. મુંબઈમાં કુલ 55 અને પૂનામાં 15 મેચ રમાશે.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ અને ડી.વાય.પાટીલ સ્ટેડિયમમાં 20-20 મેચ રમાશે. જ્યારે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ અને પૂનાના મહારાષ્ટ્ર ક્રિકેટ સ્ટેડિયમમાં 15-15 મેચ રમાશે.આ સીઝનમાં ભાગ લઈ રહેલી 10 ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે જે પ્રમાણે ગ્રુપ 'એ'માં મુંબઈ, કોલકત્તા, રાજસ્થાન, દિલ્હી અને લખનૌ છે જ્યારે ગ્રુપ 'બી'માં ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગ્લો, પંજાબ અને ગુજરાતને સમાવવામાં આવી છે. દરેક ટીમ આ સીઝનમાં 14 મુકાબલા રમશે જેમાં પાંચ ટીમો સાથે બે-બે તો ચાર ટીમો સામે એક-એક મેચ રમવાનો થશે. બીજી બાજુ આઈપીએલમાં દર્શકોની હાજરીની મર્યાદા મહારાષ્ટ્ર સરકારે 25% નક્કી કરેલી છે.







આ સિઝનમાં જોડાયેલી બે નવી ટીમો, લખનઉ સુપર જાયન્ટ્સ અને ગુજરાત ટાઈટન્સની પ્રથમ મેચ 28 માર્ચે સાંજે 7.30 વાગ્યે રમાશે. આ બંને ટીમો પોતાની પ્રથમ મેચ વાનખેડે સ્ટેડિયમમાં રમશે. ગુજરાત ટાઈટન્સની ટીમમાં કેપ્ટન તરીકે હાર્દિક પંડ્યા ગુજરાતની ટીમને લીડ કરશે. જ્યારે લખનઉ સુપર જાયટન્સની ટીમનો કેપ્ટન કે.એલ રાહુલ છે. બંને નવી ટીમોની પ્રથમ મેચ 28 માર્ચે વાનખેડે સ્ટેડિયમમાં યોજાશે.

આ સિઝનમાં કુલ 10 ટીમો મેચ રમશે જેમાં કુલ 40 મેચ રમવાનું નક્કી કરાયું છે. આ સિઝનની છેલ્લી લીગ મેચ 22 મેના રોજ રમાશે. આ મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. આ મેચ પણ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે.

### પ્લે ઓફ-ફાઈલનું સ્થળ સમય પછી જાહેર થશે

બીસીસીઆઈ દ્વારા હાલ 70 લીગ મેચ માટે મહારાષ્ટ્રના 4 મેદાનની પસંદગી કરવામાં આવી છે. આ લીગ મેચની અંતિમ મેચ 22મી મેના રોજ સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિગ્સ વચ્ચે 22મી મેના રોજ યોજાશે. પ્લેઓફની શરૂઆત 29મી મેથી થશે અને ત્યારબાદ ફાઈનલ રમાશે. ફાઈનલ અને પ્લેઓફના સ્થળ અને સમય બાદમાં જાહેર કરવામાં આવશે.

## શ્રીલંકા સામે શ્રેણીની બીજી અંતિમ ટેસ્ટમાં ટીમમાં ફેરફાર, ૧૨મી માર્ચે રમાશે

# બેંગલુરુમાં રમાનારી ડે-નાઈટ ટેસ્ટમાં અક્ષર પટેલની એન્ટ્રી

ગુજરાત વંદન | અમદાવાદ

ભારત- શ્રીલંકા વચ્ચે બેંગલુરુ રમાનારી ડે-નાઈટ ટેસ્ટ માટે ટીમમાં ફેરફાર કર્યો છે. ચાઈનામેન બોલર કુલદીપ યાદવને રિલીઝ કરવામાં આવ્યો છે જ્યારે ગુજરાતી ખેલાડી અક્ષર પટેલની ટીમમાં એન્ટ્રી થઈ છે. નોંધનીય છે કે, અક્ષર ઈનજર્ડ થતા ટીમથી બહાર થયો હતો



મોહાલીમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે શ્રીલંકાને ત્રણ દિવસમાં જ એક ઈનિંગ્સ અને 222 રનથી આસાન જીત મેળવી શ્રેણીમાં 1-0 ની લીડ મેળવી લીધી છે. બે મેચોની શ્રેણીની આગામી મેચ હવે 12 માર્ચથી બેંગલુરુમાં રમાશે, જે ડે-નાઈટ ટેસ્ટ મેચ હશે. અહેવાલ મુજબ, ભારતીય ટીમનો ડાબોડી સ્પિન-ઓલરાઉન્ડર અક્ષર પટેલ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં યોજાનારી મેચ માટે ફિટ હશે અને પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. અક્ષર પટેલને ગયા મહિને વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે શ્રેણી પહેલા કોરોનાવાયરસનો ચેપ લાગ્યો હતો, જેના કારણે તે વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા સામેની વનડે અને ટી-20 શ્રેણી માટે ઉપલબ્ધ નહોતો. જો કે તેની ટેસ્ટ શ્રેણી માટે પસંદગી કરવામાં આવી હતી, પરંતુ પસંદગીકારોએ સ્પષ્ટ કરી દીધું હતું કે તે પ્રથમ ટેસ્ટમાં નહીં રમે અને અંતિમ નિર્ણય બીજી ટેસ્ટમાં ફિટનેસના આધારે લેવામાં આવશે. ભારતીય ટીમે પ્રથમ ટેસ્ટમાં ત્રણ સ્પિનરોને મેદાનમાં ઉતાર્યા હતા, જેમાં જયંત યાદવ ત્રીજા સ્પિનરની ભૂમિકામાં હતા, પરંતુ તેને વધુ બોલિંગ કરવાની તક નહોતી મળી અને જ્યારે તેમને મોકો મળ્યો ત્યારે પણ સફળતા ના મળી. આવી સ્થિતિમાં, જો ભારતીય ટીમ ગુલાબી બોલથી 3 સ્પિનરોને મેદાનમાં ઉતારવાનું નક્કી કરે છે, તો જયંતના સ્થાને અક્ષરની વાપસી થશે.

અક્ષર ડે-નાઈટ ટેસ્ટમાં ભારતનો સૌથી સફળ બોલર છે. તેણે ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામે તેની પ્રથમ અને એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટ રમી હતી, જેમાં તેણે 11 વિકેટ ઝડપી હતી.

## ૨૦૦૦માં ભારત માટે પહેલો વર્લ્ડ કપ રમ્યો હતો

# મિતાલી રાજ ૬ વન-ડે વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી બની

ગુજરાત વંદન | નવી દિલ્હી




ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજે આઈસીસી મહિલા વર્લ્ડ કપ 2022ની પ્રથમ લીગ મેચમાં પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમ સામે મેદાનમાં ઉતરતાની સાથે જ ઈતિહાસ રચી દીધો હતો. મિતાલી રાજ હવે સૌથી વધુ આઈસીસી મહિલા વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે. જોકે, પાકિસ્તાન સામે તેણે 36 બોલમાં માત્ર છ રન બનાવ્યા હતા. મિતાલી છ વનડે વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે. તેના પહેલા ભારતના સચિન તેંડુલકર અને પાકિસ્તાનના જાવેદ મિયાંદાદ આ કારનામું કરી ચુક્યા છે.

મિતાલી વિશ્વની ત્રીજી ક્રિકેટર છે જેણે છ વનડે વર્લ્ડ કપ રમ્યા છે. મિતાલી ભારતીય ટીમ માટે બે વખત મહિલા વર્લ્ડ કપની ફાઈનલ રમી ચૂકી છે, પરંતુ, તે અત્યાર સુધી પોતાની ટીમને વિજેતા બનાવી શકી નથી. આ વખતે ભારતીય ટીમ પોતાનો પહેલો વર્લ્ડ કપ જીતવાના ઈરાદા સાથે ઉતરી છે.

39 વર્ષીય મિતાલી રાજ છેલ્લા 22 વર્ષથી ભારત માટે ક્રિકેટ રમી રહી છે. તેણે વર્ષ 2000માં ભારત માટે પહેલો વર્લ્ડ કપ રમ્યો હતો. આ પછી તે 2005, 2009, 2013, 2017 અને 2022માં વર્લ્ડ કપ રમી ચૂક્યો છે. મિતાલીએ સૌથી વધુ વર્લ્ડ કપ રમવાના મામલે ન્યૂઝીલેન્ડની પૂર્વ ક્રિકેટર ડેબી હોકલી અને ઈંગ્લેન્ડની શાર્લોટ એડવર્ડ્સને પાછળ છોડી દીધા છે. મિતાલી પછી ઝુલન ગોસ્વામી ભારત માટે સૌથી વધુ વર્લ્ડ કપ પ્લેયર છે. તે ભારત માટે પાંચ વર્લ્ડ કપમાં જોવા મળ્યો છે.

મિતાલી રાજ પહેલા સચિન તેંડુલકર ભારત માટે છ વર્લ્ડ કપ રમી ચૂક્યો છે. તેણે 1992 થી 2011 સુધી ભારત માટે છ વર્લ્ડ કપ રમ્યા અને છેલ્લો વર્લ્ડ કપ જીત્યો. મિતાલી રાજને પણ આશા છે કે તે તેના છેલ્લા વર્લ્ડ કપમાં ટ્રોફી જીતી શકશે. આ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને 244 રન બનાવ્યા. જવાબમાં પાકિસ્તાનની ટીમ 137 રન બનાવીને આઉટ થઈ ગઈ હતી.

# 'સર' જાડેજા ટેસ્ટમાં ૧૭૫ રન અને ૯ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ ખેલાડી

ગુજરાત વંદન | નવી દિલ્હી




રોહિત શર્માની પ્રથમ કપ્તાની અંતર્ગત ભારતે પહેલી ટેસ્ટમાં શ્રીલંકાને ઈનિંગ્સ અને 222 રનથી સજ્જડ પરાજય આપ્યો છે આ જીતની સાથે જ ટીમ ઈન્ડિયાએ બે મેચની સીરિઝમાં 1-0ની લીડ મેળવી લીધી. ભારતે પહેલી ઈનિંગ્સમાં 574 રન બનાવ્યા. શ્રીલંકાની ટીમ 174 અને 178 રન પર ઢેર થઈ ગઈ હતી. આ મેચમાં ભારતીય ટીમની જીતનો હીરો રવિન્દ્ર જાડેજા રહ્યો હતો જેણે 175 રનની અણનમ ઈનિંગ્સની સાથે જ બોલિંગમાં પણ 9 વિકેટ લીધી. ટેસ્ટ ક્રિકેટમાં 49 વર્ષ પછી એવું બન્યું છે, જ્યારે કોઈ ખેલાડીએ 150થી વધુ રન બનાવ્યા હોય, સાથે જ બોલિંગ કરતી વખતે એક ઈનિંગમાં 5 વિકેટ પણ લીધી હોય.

રવિન્દ્ર જાડેજાએ મેચમાં 175 રન બનાવવાની સાથે જ 9 વિકેટ લીધી. હજુ સુધી ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં કોઈપણ ખેલાડીએ મેચમાં 150 રન બનાવ્યા પછી 9 કે તેનાથી વધુ વિકેટ નથી લીધી. તે આવું કરનારો પહેલો ખેલાડી છે. વેસ્ટ ઈન્ડિઝના ગેરી સોબર્સ અને મુશ્તાક મોહમ્મદે 150થી વધુ રન બનાવવાની સાથે જ 8-8 વિકેટ ઝડપી હતી.

નોંધનીય છે કે, ટેસ્ટ મેચોમાં શ્રીલંકાની આ ભારતની સામે 21મી હાર છે. આ ફોર્મેટમાં સૌથી વધુ હાર ભારતની સામે મળી છે. તેને પાકિસ્તાન સામે 20, ઓસ્ટ્રેલિયા સામે 19, ઈંગ્લેન્ડ સામે 17, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામે 16-16 ટેસ્ટમાં હાર મળી છે. વન-ડે અને ટી-20માં પણ શ્રીલંકાને સૌથી વધુ હાર ભારત સામે મળી છે.

## ફ્રેન્ચાઈઝી ટૂંક સમયમાં નિર્ણય લેશે, કોહલીએ પણ ગ્રીન સિગ્નલ આપ્યું

# ફાફ ડુપ્લેસિસ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમનો નવો કેપ્ટન બનશે

ગુજરાત વંદન | નવી દિલ્હી



આઈપીએલની 15મી સીઝનનો કાર્યક્રમ જાહેર થઈ ગયો છે જેના પ્રમાણે 26મી માર્ચથી આઈપીએલની શરૂઆત થશે. આ વર્ષની આઈપીએલ સીઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમને નવો કેપ્ટન મળવાનો છે. ગયા વર્ષે ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ માટે રમેલા આ ખેલાડીનું નામ લગભગ નક્કી થઈ ગયું છે. આટલા વર્ષ સુધી વિરાટ કોહલીની કેપ્ટનશીપ હેઠળ રમેલી આરસીબીની ટીમના નવા કેપ્ટનના નામ પર વિરાટ કોહલીએ પણ ગ્રીન સિગ્નલ આપ્યું હોવાના અહેવાલ છે.

આઈપીએલની ટીમના નવા કેપ્ટન તરીકે ફાફ ડુપ્લેસિસનું નામ લગભગ નક્કી થઈ ગયું છે. વિરાટ કોહલી રોહિત શર્માની કેપ્ટન કેપ્ટનશિપમાં ટેસ્ટ મેચ રમ્યા પછી હવે આઈપીએલમાં ફાફ ડુપ્લેસિસની કેપ્ટનશીપમાં રમતો જોવા મળશે.સૂત્રોના જણાવ્યા પ્રમાણે ફાફ ડુપ્લેસિસને ટૂંક સમયમાં કેપ્ટન તરીકે પસંદ કરી શકાય છે.

આઈપીએલની ટીમના કેપ્ટન માટે ગ્લેન મેક્સવેલનું નામ પણ ચર્ચાઈ રહ્યું હતું પરંતુ હવે ફાફ ડુપ્લેસિસનું નામ ફાઈનલ થયું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ પણ તેના નામની પસંદગી કરી લીધી છે.

ડુપ્લેસિસને ટી-20 ફોર્મેટનો શ્રેષ્ઠ ખેલાડી ગણવામાં આવે છે અને તે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં દ.આફ્રિકાની કમાન પણ સંભાળી ચૂક્યો છે. સાઉથ આફ્રિકાની ટીમની કેપ્ટનશીપ હેઠળ તેણે 37 ટી-20 મેચની કમાન સંભાળી છે જેમાંથી 23 મેચમાં સાઉથ આફ્રિકાની જીતી થઈ છે અને 13 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. જ્યારે 1 ટાઈ રહી છે. ફાફ ડુપ્લેસિસનો જીતવાનો દર 63.51% રહ્યો છે. ગત આઈપીએલ સીઝનમાં ફાફ ડુપ્લેસિસ ચેન્નાઈની ટીમ તરફથી રમ્યો હતો જેમાં તેમે 16 મેચોમાં 45.21ની એવરેજથી 633 રન કર્યા હતા.

વિરાટ કોહલી 2013થી આરસીબીના કેપ્ટન રહ્યો હતો, પરંતુ આ દરમિયાન તે એકપણ આઈપીએલ ટાઈટલ જીતી શક્યો નહોતો. વિરાટ કોહલીએ હત વર્ષે ટીમ ઈન્ડિયાની ટી-20 કેપ્ટનશિપ છોડ્યા પછી આરસીબીની કમાન પણ છોડી દીધી છે. વિરાટે આની પાછળનું કારણ જણાવતાં કહ્યું હતું કે, બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા કેપ્ટનશીપ છોડી છે.

## 'કિંગ'ની દરિયાદિલી જોઈ ક્રિકેટ જગતમાં પ્રશંસા

# વિરાટ કોહલીએ ૧૦૦મી ટેસ્ટ પછી દિવ્યાંગ ફેનને પોતાની જર્સી આપી ભેટ

ગુજરાત વંદન | નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન 'કિંગ' કોહલીએ શ્રીલંકા સામેની પ્રથમ પોતાની 100મી ટેસ્ટ મેચ પછી દિવ્યાંગ ફેનને ખાસ ભેટ આપી છે. ઉલ્લેખનીય છે કે 100મી ટેસ્ટ મેચની ખુશીમાં કિંગ કોહલીએ પોતાના દિવ્યાંગ ફેન પાસે આવીને પોતાની જર્સી ભેટ આપી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

વિરાટ કોહલી જ્યારે શ્રીલંકા સામે મેચ રમી હોટેલ જઈ રહ્યો હતો ત્યારે દિવ્યાંગ ફેન ધર્મવીર તેની પાસે આવ્યો હતો. આ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે વિરાટે તાત્કાલિક તેની પાસે જઈને પોતાની ઈન્ડિયન ટીમની જર્સી ભેટ આપી હતી. તમને જણાવી દઈએ કે એ ફેનનું નામ ધર્મવીર પાલ છે. જેને ઈન્ડિયન ટીમનો 12મો ખેલાડી પણ માનવામાં આવે છે. ધર્મવીર ઘણીવાર વિદેશ ટૂર પર પણ જઈ આવ્યો છે. તથા સ્ટેડિયમમાં મેચ જોવા આવતા ફેન્સ માટે પણ ધર્મવીર ઘણો લોકપ્રિય છે.

ઈન્ડિયન ક્રિકેટ ટીમના 12મો મેન ગણાતા ધર્મવીર પાલે કોહલીનો ટી-શર્ટ આપતો વીડિયો શેર કરી કેપ્શનમાં લખ્યું હતું કે આ મારા જીવનનો ખાસ દિવસ છે. વિરાટ મારો પ્રિય ક્રિકેટર છે અને તે 100મી ટેસ્ટ મેચ રમવા મેદાનમાં ઉતર્યો એ ક્ષણ મારા માટે અવિસ્મરણીય છે. તેવામાં જ્યારે મારા હિરોએ મને પોતાની જર્સી ભેટ આપી છે એનાથી વધારે સારી વાત બીજી કઈ હોઈ શકે છે.

નોંધનીય છે કે, વિરાટ કોહલી 45 રનના અંગત સ્કોર પર એમ્બુલદેનિયાની ઓવરમાં ક્લીન બોલ્ડ થઈ ગયો હતો. જેને પગલે તેના ફેન્સની સદીની આશા પર પાણી ફરી વળ્યું હતું.



## છ વખતની વર્લ્ડ ચેમ્પિયન મેરી કોમ કોમનવેલ્થ ગેમ્સ પર કરશે ફોક્સ

# મેરી કોમ યુવાઓને તક આપવા વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સમાં નહીં રમે

ગુજરાત વંદન | નવી દિલ્હી



ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા બોક્સર એમસી મેરી કોમે યુવાઓને તક આપવા માટે આ વર્ષની વર્લ્ડ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સમાં નહીં રમવાનો નિર્ણય લીધો છે. છ વખતની વર્લ્ડ ચેમ્પિયન બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ માટે તેની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. IBA મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ 6 થી 21 મે દરમિયાન તુર્કીના ઈસ્તાંબુલમાં રમાશે. 2022 કોમનવેલ્થ ગેમ્સ 28 જુલાઈથી અને 2022 એશિયન ગેમ્સ 10 સપ્ટેમ્બરથી શરૂ થશે. બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને એક સંદેશમાં મેરી કોમે કહ્યું, "યુવાન પેઢીને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનું નામ બનાવવાની અને 'એક્સપોઝર' મેળવવાની તક આપવા માટે હું આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માંગતી નથી. મોટી ટુર્નામેન્ટમાં અનુભવ. હું મારું ધ્યાન માત્ર કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ પર કેન્દ્રિત કરવા ઈચ્છું છું." વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે તમામ 12 કેટેગરીઓ માટે પસંદગીની ટ્રાયલ સોમવારથી શરૂ થશે અને બુધવારે સમાપ્ત થશે. ટ્રાયલ્સમાં એશિયન ગેમ્સની વજન કેટેગરીનો પણ સમાવેશ થાય છે, જે IBA જેવી જ છે.

BFI પ્રમુખ અજય સિંહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મેરી કોમ છેલ્લા બે દાયકાથી ભારતીય બોક્સિંગના વડા છે અને તેણે વિશ્વભરના અસંખ્ય બોક્સર અને રમતવીરોને પ્રેરણા આપી છે. અમે તેના નિર્ણયનું સંપૂર્ણ સન્માન કરીએ છીએ અને અન્ય બોક્સરોને તકો આપીએ છીએ." તેના ચેમ્પિયન વ્યક્તિત્વનો પુરાવો." એશિયન ગેમ્સ માટે મેન્સ સિલેક્શન ટ્રાયલ મેમાં યોજાશે જ્યારે કોમનવેલ્થ ગેમ્સની ટ્રાયલ પુરુષો અને મહિલાઓ માટે જૂનમાં યોજાશે

## સ્પિનર અશ્વિને ટેસ્ટમાં રચ્યો નવો ઈતિહાસ, કપિલ દેવનો રેકોર્ડ તોડ્યો

# રવિચંદ્રન અશ્વિન ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બીજો ભારતીય બોલર

ગુજરાત વંદન | નવી દિલ્હી

ભારતીય સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિને તેમની ક્રિકેટ કારકિર્દીમાં એક નવું સ્થાન હાંસલ કર્યું છે. તે ટેસ્ટમાં સૌથી વધુ 435 વિકેટ લેનાર બીજા ભારતીય બની ગયા છે. અશ્વિને 1983ના વર્લ્ડ કપ વિજેતા દિગ્ગજ કપિલ દેવનો રેકોર્ડ તોડ્યો છે. ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર કપિલ દેવે 434 વિકેટ લીધી હતી.

જોકે અશ્વિન હજુ પણ પૂર્વ લેગ સ્પિનર અનિલ કુંબલેથી પાછળ છે. કુંબલેએ પોતાની કારકિર્દીમાં 619 વિકેટ લીધી હતી. તે વિશ્વના ચોથા સૌથી વધુ વિકેટ લેનાર બોલર પણ છે. શ્રીલંકાના ભૂતપૂર્વ સ્પિનર મુથૈયા મુરલીધરન વિશ્વમાં સૌથી વધુ 800 વિકેટ સાથે ટોચ પર છે.




શ્રીલંકા સામેની મોહાલી ટેસ્ટમાં અશ્વિને આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે, ભારતીય ટીમ આ દિવસોમાં શ્રીલંકા સામે બે ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ મેચ ઘરઆંગણે રમી રહી છે. તેની પ્રથમ ઈનિંગમાં અશ્વિને 49 રન આપીને 2 વિકેટ લીધી હતી. આ પછી બીજી ઈનિંગમાં ત્રીજી વિકેટ લીધા બાદ કપિલ દેવ પાછળ રહી ગયા છે. આ જ મેચમાં અશ્વિને ન્યૂઝીલેન્ડના રિચર્ડ હેડલી અને શ્રી લંકાના રંગના હેરાથને પણ માત આપી છે.અશ્વિન પાસે હવે દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેલ સ્ટેનને પાછળ છોડવાનું લક્ષ્ય છે. સ્ટેને અત્યાર સુધીમાં 439 વિકેટ લીધી છે. જો અશ્વિન સ્ટેઈનને પાછળ છોડી દેશે તો તે સૌથી વધુ 400 વિકેટ ઝડપનાર બોલર બની જશે. તેનું નામ વેસ્ટ ઈન્ડિઝના કર્ટની વોલ્શના નામ પર હશે, જેમણે 519 વિકેટ લીધી હતી.

રવિચંદ્રન અશ્વિને પોતાની 85મી ટેસ્ટ મેચમાં જ આ કારનામું કર્યું છે. અશ્વિને 85 મેચની 160 ઈનિંગ્સમાં 435 વિકેટ લીધી હતી. આ દરમિયાન તેની એવરેજ 24.29 રહી છે. અશ્વિને તેની કારકિર્દીમાં 30 વખત પાંચ વિકેટ લીધી છે, જ્યારે 7 વખત તેણે મેચમાં દસ વિકેટ લીધી છે.

# પાંચ રાજ્યોમાં હોળી પહેલા ભગવા દિવાળી - તસ્વીરી ઝલક...







રશિયા-યુક્રેનના યુદ્ધે મોટો બોધપાઠ આપ્યો છેઃ સેના પ્રમુખ

## જંગ ગમે ત્યારે થઈ શકે, આપણે હર હંમેશ તૈયાર રહેવુ પડશેઃ નરવણે

ગુજરાત વંદન | નવી દિલ્હી



હાલ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધે યુક્રેન તો ઠીક દુનિયાને ઘણી મોટી શીખ આપી છે. ખાસ તો એ કે કયારેય કોઈના ભરોસે ના રહેવું. ખરી ઘડીએ નાટો ખસી જતા યુક્રેન નારાજ છે, બીજું યુદ્ધ ગમે તે ઘડીએ થઈ શકે, આપણે હંમેશા સજ્જ રહેવું જોઈએ. આવી જ કંઈક વાત ભારતના સેના પ્રમુખ જનરલ નરવણે કહી છે.

સેના પ્રમુખ જનરલ નરવણેએ રશિયા-યુક્રેનના યુદ્ધને લઈને મહત્વનું નિવેદન આપ્યુ છે, તેમણે આ યુદ્ધમાંથી મળતી શીખની ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આપણા માટે સૌથી મોટી શીખ એ છે કે ભવિષ્યના યુદ્ધ આપણે દેશમાં બનેલા હથિયારથી લડવું પડશે. રક્ષા ક્ષેત્રમાં આપણે ઝડપથી આત્મનિર્ભર ભારત તરફ ઝડપથી આગળ વધવું પડશે.

યુક્રેન-રશિયાના સંકટે આપણને દેખાડયું છે કે યુદ્ધ ગમે ત્યારે થઈ શકે છે અને તેનો સામનો કરવા માટે આપણે હંમેશા તૈયાર રહેવું પડશે. તેમણે જણાવ્યું હતું કે રશિયા અને પુર્વી યુરોપીય દેશ વચ્ચે યુદ્ધમાં સૈનિકોનો ભૌતિક રૂપે આમનો સામનો થઈ રહ્યો છે. તેમણે હળવા અંદાજમાં એમ પણ કહ્યું હતું કે શું યુદ્ધ સાઈબર જગતમાં અને એસી રૂમમાં લડાઈ રહ્યું છે? આ યુદ્ધે સાબીત કર્યું છે કે આગળ પરંપરાગત યુદ્ધ થઈ શકે છે.

લાભસિંહ સામે ચન્ની ૨૬૦૦૦થી વધુ મતે હારી ગયા

## મોબાઈલ રિપેરિંગની દુકાન ધરાવતાં 'આપ' ઉમેદવારે પંજાબના સીએમ ચન્નીને હરાવ્યા !

ગુજરાત વંદન | નવી દિલ્હી




પંજાબના મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્ની અને તેમના પક્ષ કોંગ્રેસની રાજ્યમાં કારમી હાર થઈ રહી છે. આશ્ચર્યની વાત એ છે કે જે ભદૌર સીટને લઈને ચન્ની અત્યંત આત્મવિશ્વાસમાં દેખાઈ રહ્યા હતા ત્યાંથી એક મોબાઈલ રિપેરિંગની દુકાનના માલિકે તેમને હરાવી દીધા છે ! પંજાબના માલવા વિસ્તારમાં દલિત વસતી ઘણી વધુ છે અને તેના કારણે જ કોંગ્રેસે ચરણજીતસિંહ ચન્નીને અહીંથી ભદૌર બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા પણ તેમનો પરાજય થવા પામ્યો છે. બરનાલા જિલ્લાના ઉગોકે ગામમાં રહેતા લાભસિંહે ચન્નીને કારમો પરાજય આપ્યો છે. પોતાના જ ગામમાં મોબાઈલ રિપેરિંગની દુકાન ચલાવનારા લાભસિંહ આમ આદમી પાર્ટીના ઉમેદવાર છે. તેમણે ચરણજીતસિંહ ચન્નીને 26 હજારથી વધુ મતે હરાવ્યા છે. પાછલી ચૂંટણીમાં ભદૌર બેઠક ઉપર આમ આદમી પાર્ટીએ કબજો કર્યો હતો. 2017ની વિધાનસભા ચૂંટણીમાં 'આપ'ના ઉમેદવાર પીરમલ સિંહ ધૌલાએ અકાલી દલના બલબીરસિંહ ધુનાસને 20,000થી વધુ મતે હરાવ્યા હતા. આમ આદમી પાર્ટીને આ બેઠક ઉપર 45.15% તો અકાલી દલને 28.71% મત મળ્યા હતા. કોંગ્રેસને આશા હતી કે પોતાના સૌથી મોટા દલિત ચહેરાને આ બેઠક પરથી ઉતારીને માલવા વિસ્તારની અનેક બેઠકોને તે સાધી શકે છે. પંજાબમાં કોંગ્રેસે ક્યારેય કલ્પના ન કરી હોય તેવો પરાજય આમ આદમી પાર્ટી સામે મેળવ્યો છે. ખુદ મુખ્યમંત્રી બન્ને બેઠક પરથી હારી ગયા છે તો ફાયરબ્રાન્ડ નેતા તરીકે જેમની ગણતરી થાય છે. તે સિદ્ધુ પણ હારી ગયા છે.

થોડી ઈધર કી થોડી ઉધર કી

## અમૂલજી, ભાવ ભલે વધારો પણ આવક કેટલી થશે એ પણ કહો તો અટર્લી..બટર્લી..

ગુજરાત વંદન | નવી દિલ્હી

અટર્લી..બટર્લી..એટલે અમૂલ. ટેસ્ટ ઓફ ઈન્ડિયા, અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા. સારી વાત છે. આખુ ભારત અમૂલનું દૂધ પીએ છે અને દર વર્ષે તેના ભાવ વધે છે. હજી 8 મહિના પહેલાં જ અમૂલે લિટરે બે રૂપિયા વધાર્યા અને આ વખતે પણ 1 માર્ચથી ફરી લિટરે 2 રૂપિયા વધાર્યા. દૂધ ઉપરાંત છાશ, ઘી અને દહીંના ભાવ પણ વધાર્યા. અમૂલ સહકારી સંસ્થા એટલે તેમાં કોઇ ચંચૂપાત ન કરે. સરકાર પણ દૂર રહે. અને અમૂલ ભાવ વધારો કર્યા કરે... કર્યા કરે.

બની શકે કે અમૂલને પણ મોંઘવારી નડતી હશે. એટલે ભાવ વધારે. પણ ભાવ વધે ત્યારે કેટલી આવક થશે તે અમૂલભાઇ કે અમૂલબાઇ ન કહે. પણ વાત એમ છે કે અમૂલ દૂધનું રોજનું 1.50 કરોડ લિટર વેચાણ છે. એટલે લિટરે બ રૂપિયા પ્રમાણે રોજના 3 કરોડની વધારાની આવક. મહિને ૯૯ કરોડ અને વર્ષે ૯૯૯ કરોડની વધારીની આવક. નફો કેટલો થાય છે એ પણ કહે તો લોકોને અમૂલ આઇસ્ક્રીમ ખાતાં ખાતાં આનંદ થાય...અમૂલજી, હવે પછી ભાવ વધારો અને વધારશે જ, ત્યારે કેટલી આવક થશે એ પણ કહેશો તો અમે પણ કહીશું અટર્લી..બટર્લી..પ્રોફિટલી.. વાત કરલી...

### યુદ્ધની વિભાષિકા વચ્ચે રશિયામાં લોકપ્રિય બની રહ્યું છે-ઝેડ...

ભારતના લોકો અંગ્રેજી અક્ષર ઝેડને ઝી ટીવી અને ઝેડપ્લસ સિક્યુરીટીથી વધારે ઓળખે છે. પણ હાલમાં યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધમાં રશિયામાં ઝેડ અક્ષર ખૂબ ઝડપથી લોકપ્રિય થઇ રહ્યો છે. હિટલરે સ્વસ્તિકનું પ્રતિક પણ વાંકુ સ્વસ્તિક પોતાની ઓળખ બનાવી હતી. આમ તો હિન્દુ ધર્મમાં સ્વસ્તિકનું પાવન સ્થાન છે. પણ હિટલરે તેનો દુરપયોગ કર્યો તેમ રશિયામાં હાલમાં લોકો ચારે તરફ પોતાના વાહનો પર, લશ્કરીના સાધનો પર હોટેલના કાચ પર ઝેડ અક્ષર લખીને જાણે કે સંદેશો આપી રહ્યાં છે કે મેરે તો ઝેડ ગિરીધારી..દુજાના કોઇ...? ઝેડ આમ તો અંગ્રેજી બારાખડીમાં છેલ્લો અક્ષર. એટલે કેટલાક એમ પણ કહી રહ્યાં છે કે રશિયાનું આ યુધ્ધ છેલ્લુ છે યા તો યુક્રેન માટે આ છેલ્લુ યુધ્ધ. યુધ્ધની અનેક ખાસિયતોમાં આવા રસપ્રદ પરિબળો પણ કાળાંતરે જવા મળ્યા છે. બની શકે કે રશિયાએ તેના દ્વારા કોઇ સાંકેતિક ઈશારો પણ હોઇ શકે. સોશ્યલ મિડિયામાં ઝેડ ટ્રેન્ડીંગમાં છે..

### કપિલ ભૂલી ગયો કે કાલે ક્યાં હતો અને કાલે ક્યાં હશે

સ્ટેન્ડીંગ કોમેડિયન કપિલ શર્મા વિવાદમાં ના આવે તો એ કપિલ શર્મા નહીં....હાલમાં એ ભાઇ વળી પાછા વિવાદમાં છે. ના, દારૂ પીને નવીન ગ્રોવર-ડો.ગુલાટી- સાથે ઝગડો નથી કર્યો કે વહેલી સવારે વિવાદી ટ્વીટ પણ નથી કર્યું, પણ આ વખતે તેમની સામે આરોપ એ છે કે કાશ્મિરી પંડિતો પર બનેલી ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સના કલાકાર વિવેક અગ્નિહોત્રીને ફિલ્મના પ્રમોશન માટે પોતાના કાર્યકર્મ ધ કપિલ શર્મા શોમાં ના બોલાવ્યાં...

આ વાત બીજા કોઇ નહીં પણ ખુદ વિવેકે કહીને પોતાની વેદના વ્યકત કરી. વિવેક કહે છે કે કપિલે અમને એટલા માટે ના બોલાવ્યાં કેમ કે અમારી પાસે કોઇ મોટા સ્ટાર નથી....અમે તો નાના અને કપિલ મોટા એટલે અમને નિમત્રણ માટે લાયક ન ગણ્યા. વિવેકની વાત સાચી હોય, અને સાચી જ હશે કેમ કે ખોટુ બોલીને તેને શું મળવાનું છે. એટલે જે ફિલ્મ કાશ્મિરી પંડિતોના સામૂહિક કત્લેઆમની પીડા-વેદના-લાચારી બયાન કરે છે એ ફિલ્મના પ્રમોશન માટે કપિલ પાસે સમય ના હોય તો, કપિલ સમજી લે કે કાલે એ શું હતો અને આવતીકાલે એ ક્યાં હશે....!

### 860 દવાઓના ભાવ વધવાની શક્યતા

સરકારે ૮૬૦ દવાઓ પર લાદેલી પ્રાઈસ-કેપમાં એપ્રિલમાં ૧૦ ટકા સુધીનો અપૂર્વ વધારો થવાની અપેક્ષા છે. આ વૃધ્ધિ જથ્થાબંધ ભાવાંક (હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ - ડબલ્યુપીઆઇ) સાથે સંકળાયેલી નિયત વાર્ષિક કવાયતનો ભાગ હશે. નેશનલ ફાર્માસ્યુટિકલ્સ પ્રાઈસિંગ ઓથોરિટીએ પ્રાઈસ કેપમાં આ વર્ષે નક્કી કરેલો વાર્ષિક વધારો કદાચ સૌથી વધુ આકરો હશે, કારણ કે જથ્થાબંધ ભાવાંક ૧૦ ટકાથી વધ્યો છે.ભાવવધારા હેઠળ આવરી લેવામાં આવનારી દવાઓમાં દમ, ડાયાબીટીસ, હાઇ બ્લેડ પ્રેશર અને એસિડિટિ માટેની દવાઓનો પણ સમાવેશ થાય છે. જ્યારે વાર્ષિક કવાયતનો આરંભ થયો એ વર્ષ ૨૦૧૪ થી દવાઓનો જથ્થાબંધ ભાવાંક પાંચ ટકાથી વધ્યો નથી. ૧૦ ટકા જેટલા ભાવવધારાથી, કાચા માલના ભાવમાં થયેલો વધારો વેઠી રહેલા દવા-ઉદ્યોગોને થોડી રાહત મળશે, એમ દવા ઉદ્યોગના અધિકારીએ કહ્યું.

### બિહારમાં ઊંચી મેડિકલ ફી સામે આક્રોશ

બિહારના બધા રાજકીય પક્ષોના ધારાસભ્યોએ, યુક્રેનથી પાછા વળેલા વિદ્યાર્થીઓ પાસેથી ખાનગી મેડિકલ કોલેજો દ્વારા વસૂલાતી ફી પર ટોચમર્યાદા મૂકવાની માગણી કરી છે. જો કે નીતિશકુમાર સરકારે આ બાબતે કંઇ કરવાની અશક્તિ દર્શાવી છે. વિપક્ષ રાજદના ધારાસભ્ય સંજીવકુમારે ગુરૂવારે વિધાનસભામાં યુક્રેનમાં બિહારી વિદ્યાર્થીઓએ વેઠવી પડેલી યાતના અંગે ધ્યાનાકર્ષક દરખાસ્ત દ્વારા સૌનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો.


### વતનમાં વિનાશ લીલાથી દુઃખી થતા યુક્રેનિયનો

ભારતીયોને પરણીને દિલ્હીમાં રહેતી યુક્રેનની ઘણી મહિલાઓ દુઃખી છે. એ પૈકીની અનેક ચાર દિવસથી એમના પરિવારો સાથે વાત કરી શકી નથી. યુક્રેનમાં અગાઉ ભણતા સુબ્રતા બક્ષી નામના યુવાન સાથે પરણેલી સવિતલાના સિલ્વર (૫૨) નામની મહિલાએ, ભારત માનવતાના ધોરણે યુક્રેનને અનાજ પૂરૂ પાડે એવી ઈચ્છા વ્યક્ત કરી છે.

યુક્રેન સાથે જંગ છેડનાર રશિયાના નામે એક એવો રેકોર્ડ નોંધાઈ ગયો

## રશિયા પર ૧૦ દિવસમાં અલગ અલગ ૫૦૦૦ કરતા વધારે પ્રતિબંધો મુકાયા

ગુજરાત વંદન | નવી દિલ્હી



યુક્રેન સાથે જંગ છેડનાર રશિયાના નામે એક એવો રેકોર્ડ નોંધાઈ ગયો છે જે શરમજનક કહી શકાય.

રશિયા હવે દુનિયાનો એવો દેશ બની ગયો છે જેના પર સૌથી વધારે પ્રતિબંધો લાગુ થઈ ગયા છે. આ બાબતમાં રશિયાએ ઈરાન અને નોર્થ કોરિયાને પણ પાછળ રાખી દીધા છે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે અમેરિકા અને યુરોપે રશિયા પર અત્યાર સુધીમાં 5530 પ્રતિંબંધો લગાવ્યા છે. રશિયા પર આ પૈકીના 2754 પ્રતિબંધ તો 22 ફેબ્રુઆરીથી જ લાગેલા છે અને બીજા પ્રતિબંધો એ પછી લાગુ કરાયા છે.

ઈરાનની વાત કરવામાં આવે તો છેલ્લા 10 વર્ષમાં તેના પર 3616 પ્રતિંબધ લગાવ્યા છે. મોટાભાગના પ્રતિબંધ આતંકવાદ અને ન્યુક્લિયર પ્રોગ્રામના કારણે લગાવાયા છે. જ્યારે સીરિયા અને નોર્થ કોરિયા પર ક્રમશ 2608 અને 2077 પ્રતિબંધ લાગુ થયેલા છે. જ્યારે રશિયા પર માત્ર 10 દિવસમાં 5000 કરતા વધારે પ્રતિબંધ લગાવી દેવાયા છે.

રશિયા પર સૌથી વધારે 568 પ્રતિબંધ સ્વિત્ઝરલેન્ડ દ્વારા લગાવાયા છે.એ પછી યુરોપિયન યુનિયને 518 અને ફ્રાંસે 512 પ્રતિબંધ લગાવ્યા છે.અમેરિકાએ 243 પ્રતિબંધ મુક્યા છે.

## રાજીવ ગાંધી હત્યા કેસના દોષીને સુપ્રીમ કોર્ટથી મળ્યા જામીન

ગુજરાત વંદન | નવી દિલ્હી




તમિલનાડુના શ્રીપેરમ્બુદુરમાં ચૂંટણી રેલી દરમિયાન થયેલા બોમ્બ વિસ્ફોટમાં ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું મૃત્યુ થયું હતું. પૂર્વ પીએમ રાજીવ ગાંધી હત્યા કેસમાં પેરારીવલન છેલ્લા 32 વર્ષથી સતત જેલમાં છે. સુપ્રીમ કોર્ટે તેને જામીન આપ્યા છે.

સુપ્રીમ કોર્ટે રાજીવ ગાંધી હત્યા કેસમાં દોષિત પેરારીવલનને જામીન આપ્યા છે. નોંધનીય છે કે પેરારીવલન છેલ્લા 32 વર્ષથી રાજીવ ગાંધી હત્યા કેસ મામલે જેલમાં છે. મુક્તિની ભલામણ પર સવાલ ઉઠાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે શું રાજ્યના રાજ્યપાલ પાસે આ બાબતે કોઈ વિવેકબુદ્ધિ છે? સુપ્રીમ કોર્ટે 2 વર્ષ અને 5 મહિના પછી રાજ્ય સરકારની ભલામણ રાષ્ટ્રપતિને મોકલવા પર રાજ્યપાલની પણ ટીકા કરી હતી. ટાડા કોર્ટ અને સુપ્રીમ કોર્ટે પેરારીવલનને મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

બાદમાં, દયા અરજીની સુનાવણીમાં વિલંબને કારણે, તેની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી. તમિલનાડુ સરકારે તેની આજીવન કેદ નાબૂદ કરવા અને તેને મુક્ત કરવાનો ઠરાવ પણ પસાર કર્યો હતો. આ મામલો હાલમાં રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે પેન્ડિંગ છે. હવે સુપ્રીમ કોર્ટે પેરારીવલનને જામીન આપી દીધા છે. કોર્ટે કહ્યું કે જેલમાં રહીને તેના વર્તન, શૈક્ષણિક લાયકાત અને બીમારીના આધારે જામીન આપવામાં આવે છે.

## ૧૮ મહિલાઓ સાથે કર્યા લગ્ન, લાખોની છેતરપિંડી, ૮ નંબરની પત્નીએ બગાડ્યો ખેલ...

ગુજરાત વંદન | નવી દિલ્હી




જો તમે હજુ સુધી ધ ટિન્ડર સ્વિંડલર ડોક્યુમેન્ટરી ન જોઈ હોય તો વાંધો નહીં. આ રિપોર્ટ દ્વારા તમને શોર્ટમાં કહાની ખબર પડી જશે તે પણ અસલી કેરેક્ટરની સાથે. હકીકતમાં ભુવનેશ્વરમાં 66 વર્ષીય રમેશ સ્વાનની ધરપકડ કરવામાં આવી હતી જેણે 10 રાજ્યોની 18 મહિલાઓ સાથે લગ્ન કર્યા હતા અને મેડિકલ કોલેજ ખોલવા અને એડમિશનના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી.

દેખાવમાં 66 વર્ષીય રમેશ સ્વાન ઉર્ફે બિધુ પ્રકાશ એક સામાન્ય માણસ જેવો દેખાય છે - પાતળા વાળ, ચાર્લી ચેપ્લિન સ્ટાઈલની મૂછો, નાનો કદ અને કમર વધેલી પરંતુ તેમ છતાં તેના પ્રાફેશનલ ચાર્મના કારણે તેણે ઈન્ડિપેન્ડેન્ટ મહિલાઓને પોતાના જાળમાં ફસાવી.

પીડિતોમાં બે એડવોકેટ અને એક ડોક્ટર પણ સામેલ છે. રમેશે સાચા જીવનસાથીના નામે 10 રાજ્યોની મહિલાઓને મૂર્ખ બનાવી લાખો રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે વેલેન્ટાઈન ડેના દિવસે ઓડિશાના કેન્દ્રપારાના સિંઘલા ગામમાંથી તેની ધરપકડ કરી હતી. આ મામલાની તપાસ કરવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી, જે હજુ સુધી સંપૂર્ણ રીતે ખુલાસો કરી શકી નથી.

એવું જાણવા મળ્યું છે કે આરોપી રમેશ પાસે ઓછામાં ઓછા 13 ક્રેડિટ કાર્ડ, ભુવનેશ્વરમાં ટોની કોલોનીમાં ત્રણ પ્રોપર્ટી, 18 પત્નીઓ અને ત્રણ મંગેતર છે. પત્નીઓની યાદીમાં એક ડૉક્ટર, એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એક ITBP કમાન્ડન્ટ, બે વકીલ અને કેરળની સરકારી કર્મચારીનો પણ સમાવેશ થાય છે.

રમેશ સ્વાન ઘણા સમયથી મહિલાઓને મૂર્ખ બનાવી રહ્યો હતો. ભુવનેશ્વરના ડીસીપી ઉમા શંકર દાસનું કહેવું છે કે સ્વાનની બેંક ફ્રોડના સંબંધમાં 2006માં ધરપકડ કરવામાં આવી હતી. આ પછી 2010માં હૈદરાબાદ પોલીસે મેડિકલ કોલેજમાં એડમિશનના નામે વિદ્યાર્થીઓને 2 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ પણ તેની ધરપકડ થઈ હતી.


રમેશે પ્રથમ લગ્ન વર્ષ 1979માં કર્યા હતા અને તેને બે પુત્રો છે. બાદમાં તે અને તેની પત્ની અલગ થઈ ગયા. 2018 પછી તેણે ઘણી મેટ્રિમોનિયલ સાઇટ્સ પર તેના એકાઉન્ટ્સ બનાવ્યા. રમેશ મોટાભાગે 40 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને નિશાન બનાવતો હતો જેઓ લગ્નના દબાણ હેઠળ હોય છે. તેણે અલગ-અલગ પ્રોફાઈલમાં પોતાને એક ડૉક્ટર અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયમાં કામ કરતા સરકારી કર્મચારી તરીકે દર્શાવ્યો છે.

તે એક સ્થળેથી બીજી જગ્યાએ અને એક મહિલાથી બીજી મહિલા પાસે જતો રહ્યો અને જ્યાં સુધી તેની ધરપકડ ના થઈ ત્યાં સુધી તેણે પૈસા પડાવવાનું ચાલુ રાખ્યું. તેની પત્નીઓ તેમને નમ્ર અને સારા શ્રોતા તરીકે વર્ણવે છે. અશોક ચક્રના લોગોના વિઝિટિંગ કાર્ડ અને લાલ બત્તીવાળા વાહનો સાથેની તેની તસવીર જોઈને કોઈ પણને તેના ફ્રોડ હોવાની જાણ થઈ શકી નહીં.

રમેશ સ્વાનની એક ઘરેલું નોકરાણીએ તેનું સત્ય બહાર લાવવા માટે પત્ની નંબર 8 ને જાણ કરી. આ મેડને રમેશ દ્વારા કોઈ મુદ્દે ઘરની બહાર કાઢી દેવામાં આવી હતી. 8 નંબરની પત્ની મધ્ય પ્રદેશના જબલપુરની રહેવાસી છે. મહિલાએ જણાવ્યું કે મેટ્રિમોનિયલ સાઈટ પર પ્રોફાઈલ જોયા બાદ રમેશે તેનો સંપર્ક કર્યો હતો. રમેશે પોતાની ઓળખ બિધુ પ્રકાશ સ્વાન અને બેંગલુરુમાં તૈનાત સ્વાસ્થ્ય મંત્રાલયમાં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ એડમિશન કમિટીના સભ્ય તરીકેની ઓળખ આપી હતી. તેણે કહ્યું કે તે એક સમજદાર અને સંસ્કારી મહિલાની શોધમાં છે. મહિલાએ જણાવ્યું કે કારણ કે તે ઓડિશામાં રહે છે અને ત્યાંના લોકોમાં તેની સારી છબી છે તેથી તેણીએ રમેશનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. બંનેએ જુલાઈ 2020માં મંદિરમાં લગ્ન કર્યા હતા. પીડિતાએ કહ્યું, "શરૂઆતમાં બધું સારું ચાલ્યું, પરંતુ પછી નાના ઝઘડા શરૂ થયા. મેં કહ્યું કે જ્યાં સુધી લગ્ન સંપૂર્ણ કાયદા અનુસાર નહીં થાય ત્યાં સુધી મારો પરિવાર આ લગ્નને સ્વીકારશે નહીં. તે જ સમયે રમેશ સાથે કામ કરતી નોકરાણીએ પીડિતાને કહ્યું કે તેની વધુ બે પત્નીઓ છે જે ભુવનેશ્વરમાં બીજા એપાર્ટમેન્ટમાં રહે છે. પત્ની નંબર 8 એ રમેશનો ફોન ચેક કર્યો અને તેમાં ઘણા નંબર મળ્યા જે વાઈફ ડોક્ટર, વાઈફ ટીચર અને વાઈફ બેંગ્લોરના નામે સેવ હતા. પીડિતાએ ઓક્ટોબર 2020માં ભુવનેશ્વરમાં ફરિયાદ નોંધાવી હતી. આ પછી તેને આવી 5 મહિલાઓ વિશે ખબર પડી કે જેમને રમેશ દ્વારા છેતરવામાં આવી હતી. તેણે વોટ્સએપ પર એક ગ્રુપ પણ બનાવ્યું હતું.પોલીસે જણાવ્યું કે, રમેશ સ્વાન દહેજ ઉપરાંત અલગ-અલગ બહાને પૈસા માંગતો હતો. તેણે કોઈ ઈમરજન્સીના બહાને આઈટીબીપીની પત્ની પાસેથી પૈસા માંગ્યા. તે ઘણીવાર તેની પત્ની પાસે તેના સ્ટાફ પાસે 1-2 લાખ રૂપિયા માંગતો હતો અથવા તેને એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે કહેતો હતો.

આરોપીની પત્ની નંબર 3 દિલ્હીની સ્કૂલ ટીચર છે. તેણીએ કહ્યું કે તે 2018માં સ્વિંડલરના માધ્યમથી રમેશ સાથે મુલાકાત થઈ હતી. 45 વર્ષની મહિલાએ જણાવ્યું કે રમેશમાં તે તમામ સારી ક્વોલિટી હતી જે એક મહિલા તેના પતિમાં જોવા માંગે છે. તે ક્યારેય સ્મોક અને નશો કરતો નહોતો. વાત કરવામાં ખૂબ નમ્ર હતો અને વસ્તુઓ ખૂબ સારી રીતે સાંભળતો હતો. ક્યારેય ગુસ્સામાં પણ જોયો નથી.

# ‘ગદર’ની સિક્વલમાં પણ તારાસિંઘ ગાતો હશે - મૈં નિકલા ગડી લેકે...





વર્ષ 2001ની સુપરહિટ ફિલ્મ ‘ગદરઃ એક પ્રેમકથા’ના પાર્ટ-2નું હાલ શુટીંગ થઈ રહ્યું છે. ફિલ્મની સિકવલમાં ફિલ્મના સુપર હિટ ગીતો મૈં નિકલા ગડ્ડી લેકે અને ઉડજા કાલે કૌવા ફરી સન્ની દેઓલ પર નવા રંગરૂપમાં ફિલ્માવાશે. 20 વર્ષના લાંબા અંતરાલ બાદ આ ફિલ્મની સિકવલ ફલોર પર ગઈ છે. સિકવલની કથા ફિલ્મના પ્રથમ ભાગ જયાં પુરો થાય છે ત્યાંથી શરૂ થાય છે. ફિલ્મના એકટર સન્ની દેઓલ એક ડાયરેકટર અનિલ શર્માએ જણાવ્યું હતું કે ‘ગદર’ની સિકવલમાં ફિલ્મના પ્રથમ ભાગમાંથી ગીતો લેવાશે. સન્ની દેઓલે વધુમાં જણાવ્યું હતું કે હા, ગીતો જરૂર લેવાશે, શા માટે નહીં? મૈં નિકલા ગડી લેકે અને ઉડજા કાલે કૌવે ‘ગદર-2’નો ભાગ બનશે. કારણ કે મારું પાત્ર તારાસિંઘ સંગીતમય છે, તેની સંગીતની સેન્સ નહીં બદલાય. ફિલ્મના નિર્દેશક અનિલ શર્માએ જણાવ્યું હતું કે વોહ (તારાસિંઘ) તો નહી ગાને બજાયેગા ના? સંગીત ‘ગદર’નો આત્મા હતું. અને અમારો પ્રયાસ છે કે સિકવલ જોઈને દર્શક નિરાશ થઈને ઘેર નહીં જાય. પ્રથમ ભાગની જેમ જ દર્શક સિકવલની વાર્તામાં જોડાઈ જશે. વળી અમારી ઈચ્છા પણ ફિલ્મના પ્રથમ ભાગ સાથેના તંતુને બગાડવાની નથી. મ્યુઝીક તારાસિંઘના અભિન્ન પાર્ટ છે, જે સિકવલમાં પણ જળવાઈ રહેશે.




# ભણસાલીની ફિલ્મ છીનવાતા શ્રદ્ધા કપૂર ત્રણ દિવસ રડી હતી

શ્રદ્ધા કપૂરે ગુરુવારે પોતાનો 35મો બર્થ ડે સેલિબ્રેટ કર્યો હતો. આશિકી 2થી ફેમસ થયા બાદ શ્રદ્ધાએ સ્ત્રી, છિછોરે અને સાહો જેવી અનેક ફિલ્મો આપી છે. શક્તિ કપૂરની દીકરી અને એક્ટર પદ્મિની કોલ્હાપુરેની ભાણી હોવા છતાં શ્રદ્ધાની કરિયર પણ ઉતાર ચડાવમાંથી પસાર થઈ હતી. આમ, તો શ્રદ્ધાની ડેબ્યુ ફિલ્મ તિન પત્તી હતી, જેમાં તેની સાથે અમિતાભ બચ્ચન અને બેન કિંગ્સલે જેવા મોટા નામ હતા. આમ છતાં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાઈ હતી. અને તેના કારણે શ્રદ્ધાને સંજય લીલા ભણસાલી પ્રોડક્શનની એક ફિલ્મમાંથી હાંકી કઢાઈ હતી. શ્રદ્ધાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યુ હતું કે, તીન પત્તીની રિલિઝ પહેલાં એક ઈમ્પોર્ટન્ટ ફિલ્મ માટે ઓડિશન આપ્યું હતું. તે ફિલ્મ માટે દિવસ-રાત કામ કર્યું હતું. ત્યારબાદ કોલ મળ્યો હતો કે ફિલ્મમાં મને રીપ્લેસ કરાઈ છે. હું તરત જ મા પાસે ગઈ હતી અને આઘાતજનક ન્યૂઝ આપ્યા હતા. મને એકલા મૂકવાનું કહીને રૂમમાં જતી રહી હતી અને મારા પલંગ પર ત્રણ દિવસ સુધી રડતી રહી હતી. આશિકી 2 બાદ શ્રદ્ધાને સક્સેસ મળી હતી. ટાઈગર શ્રોફ સાથે બાગી ૩માં છેલ્લે તે જોવા મળી હતી. રણબીર કપૂર સાથેની એક ફિલ્મમાં પણ શ્રદ્ધા છે, જે આગામી વર્ષે માર્ચ મહિનામાં રિલિઝ થવાની છે.

# રણવીર સિંહને ગુજરાતી પાત્રમાં ચમકાવતી જયેશભાઈ જોરદાર ફિલ્મ મે માસમાં રિલીઝ થશે

બોલિવૂડના સ્ટાર અભિનેતા રણવીરસિંહ છેલ્લે ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 83માં જોવા મળ્યો હતો. ફિલ્મમાં રણવીરેસિંહે કપિલ દેવની ભૂમિકા ભજવી હતી અને તેના કામના ખૂબ વખાણ થયા હતા. ત્યારે હવે રણવીરે અપકમિંગ ફિલ્મ ‘જયેશભાઈ જોરદાર’ ની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. ફિલ્મ ‘જયેશભાઈ જોરદાર’ તારીખ 13 મે, 2022ના રોજ થિયટર્સમાં રિલીઝ થશે. યશરાજ ફિલ્મ્સની ‘જયેશભાઈ જોરદાર’માં રણવીર સિંહ અને શાલિની પાંડે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ગુજરાતના દિવ્યાંગ ઠક્કર ડિરેક્ટેડ ફિલ્મ ‘જયેશભાઈ જોરદાર’નું શૂટિંગ ગુજરાતના વિવિધ શહેરોમાં થયું છે.

મળતી માહિતી મુજબ, ‘જયેશભાઈ જોરદાર’નું શૂટિંગ 2020માં જ પૂરું થઈ ગયું હતું પરંતુ, કોરોના વાયરસની મહામારીના કારણે તેની રિલીઝ ડેટ ટળી રહી હતી. ત્યારે હવે તારીખ 13 મે, 2022ના દિવસે ‘જયેશભાઈ જોરદાર’ સિનેમાઘરોમાં રિલીઝ થશે.



‘જયેશભાઈ જોરદાર’ના ડિરેક્ટર દિવ્યાંગ ઠક્કરે આ વિશે વાત કરતા જણાવ્યું કે આ ફિલ્મ કોમેડીની સાથે-સાથે ઈમોશનલ પણ છે. રણવીર સિંહ, ‘જયેશભાઈ જોરદાર’માં એક એવું પાત્ર ભજવી રહ્યો છે જે સમાજમાં પુરુષ અને મહિલાના સમાન હકની વાત કરતો હોય છે. તેઓ માટે અવાજ પણ ઉઠાવે છે. ‘જયેશભાઈ જોરદાર’ના મેકર્સનો એવો પ્રયાસ છે કે આ ફિલ્મ દ્વારા લોકોનો સામાજિક વિચાર બદલાય.

રણવીર સિંહ ફિલ્મ ‘જયેશભાઈ જોરદાર’માં ગુજરાતી યુવકના પાત્રમાં જોવા મળશે. વર્ષ 2020માં ઈડરિયા ગઢમાં બે દિવસ શૂટિંગ કર્યા બાદ રણવીરે ઈડરના બજારોમાં શૂટિંગ કર્યું હતું. મીડિયા રિપોર્ટ પ્રમાણે, રણવીરે ઈડરના ટાવર વિસ્તારમાં શૂટિંગ કર્યું હતું. સ્થાનિક મીડિયાના અહેવાલ પ્રમાણે, ફિલ્મનું શૂટિંગ ચાલુ હોવાથી ઈડરના લોકોએ બજારો સ્વયંભૂ બંધ રાખ્યા હતા. શૂટિંગ દરમિયાન રણવીર એક્ટિવા પર બેસીને ઈડરની ગલીઓમાં ફરતો જોવા મળ્યો હતો.

# શનાયા કપૂર બોલિવૂડમાં બેધડકથી એન્ટ્રી કરશે



બોલિવૂડમાં વધુ એક સ્ટાર કિડની એન્ટ્રી થઈ છે. કરણ જોહરની આગામી ફિલ્મ ‘બેધડક’થી જાહન્વી કપૂરની કઝીન શનાયા કપૂર બોલિવૂડમાં ડેબ્યૂ કરશે. ડાયરેક્ટર શશાંક ખૈતાનની ફિલ્મ ‘બેધડક’થી શનાયા બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. શશાંકની કઝિન અને બોની-શ્રીદેવી કપૂરની ડૉટર જ્હાન્વી કપૂરે ‘ધડક’થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું અને આ ફિલ્મને પણ શશાંકે જ ડિરેક્ટ કરી હતી. ધર્મા પ્રોડક્શનના બેનર હેઠળ આ ફિલ્મ બની રહી છે. શનાયાએ પ્રોજેક્ટની એનાઉન્સમેન્ટ કરતી પોસ્ટમાં જણાવ્યું હતું કે, પ્રેમનો નવો યુગ પેશનથી ભરેલો છે. ઈન્ટેન્સિટી અને બાઉન્ડ્રીસને તે ક્રોસ કરી દેશે. આવી રહી છે બેધડક, જ્યાં હું કો-એક્ટર લક્ષ્ય અને ગુરફતેહ સાથે સ્ક્રિન શેર કરીશ. શનાયાએ ૨૦૨૦માં નેટફ્લિક્સ ફિલ્મ ગુંજન સક્સેનાઃ ધ કારગિલ ગર્લમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કરિયર શરૂ કરી હતી. શનાયાની જેમ જ્હાન્વીએ પણ ધર્મા પ્રોડક્શનની ફિલ્મથી જ ડેબ્યુ કર્યું હતું. કઝિન શનાયાને જ્હાન્વીએ સ્ટાર ગણાવી હતી અને સાથે તેના કો-સ્ટાર્સને પણ એપ્રિશિએટ કર્યા હતા. શનાયાની બેસ્ટ ફ્રેન્ડ ગણાતી અનન્યા પાંડેએ પણ પોતાની ખુશી વ્યક્ત કરી હતી. અનન્યા પાંડેએ ધર્મા પ્રોડકશનની ફિલ્મ ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’થી ડેબ્યુ કર્યું હતું.



# અનન્યા અને ઈશાન ખટ્ટર રિલેશનશિપમાં હોવાની ચર્ચા

બોલિવૂડ એક્ટ્રેસ અનન્યા પાંડે અને ઈશાન ખટ્ટર રિલેશનશિપમાં હોવાની ચર્ચા લાંબા સમયથી થઇ રહી છે. બંને ઘણીવાર ડિનર કે લંચ ડેટ પર સાથે જોવા મળતા હોય છે. હાલમાં જ અનન્યાએ પોતાના રિલેશનશિપ અંગે વાત કરી હતી. અનન્યાએ એક વાતચીત દરમિયાન પોતાના અને ઈશાન સાથેના સંબંધો પર નાછૂટકે સ્પષ્ટતા કરવી પડી હતી. પોતાના અને ઈશાનના સંબંધને તેણે સમર્થન આપીને તે હવે સિંગલ નથી તેમ જણાવ્યું હતું. સાથે તેણે એમ પણ કહ્યું હતું કે, તે આ સંબંધથી ખુબ જ ખુશ છે. અનન્યાએ ઈશાન સાથે ફરી કામ કરવા માટેની પણ ઈચ્છા જણાવી હતી. તેણે ઈશાનને એક પ્રેમાળ વ્યક્તિ કર્યો હતો. હું તેના પ્રેમમાં હોવાથી આભારી છું. અનન્યા અને ઈશાને સાલ ૨૦૨૦માં ખાલી પીલીમાં સાથે કામ કર્યું હતું. ફિલ્મને સફળતા મળી નહોતી. પરંતુ આ જોડી ચર્ચામાં હતી.

# બોલિવૂડના ‘ભાઈજાન’ અને કેટરિનાની ફિલ્મ ટાઈગર 3 ઈદ પર ધમાલ મચાવશે

બોલિવૂડના ‘ભાઈજાન’ અને કેટરિનાની ફિલ્મ ટાઈગર 3 આવતા વર્ષે ઈદ પર મચાવશે ધમાલ બોલિવૂડના ‘ભાઈજાન’ના ફેન્સ માટે સારા સમાચાર આવ્યા છે. સલમાને ચાહકોને ‘ટાઈગર-3’ની રિલીઝ ડેટ જણાવી દીધી છે. આ પહેલા અભિનેતાએ પોતાની ફિલ્મ ‘કભી ઈદ કભી દિવાળી’ની રિલીઝ ડેટ જણાવીને ચાહકોને મોટી ભેટ આપી હતી. સલમાન-કેટરીનાની ટાઈગર-3 ફિલ્મ આવતા વર્ષે ઈદ પર 21 એપ્રિલે રિલીઝ થશે.

સલમાન ખાનની ‘એક થા ટાઈગર’ અને ‘ટાઈગર ઝિંદા હૈ’ બાદ હવે ટાઈગર 3 દર્શકોની સામે આવવા જઈ રહી છે. મનીષ શર્માના નિર્દેશનમાં બનેલી ફિલ્મ ટાઈગર 3 વર્ષ 2023માં ઈદના અવસર પર મોટા પડદા પર આવશે. આ ફિલ્મમાં સલમાન સાથે એક્ટર વિકી કૌશલની પત્ની કેટરિના કૈફ લીડ રોલમાં જોવા મળશે. આ વર્ષે ઈદ પર સલમાન ખાનની એક પણ ફિલ્મ રિલીઝ થવાની નથી. વર્ષના અંતે ડિસેમ્બરમાં સલમાનની ‘કભી ઈદ કભી દિવાલી’ રિલીઝ થશે. તમને જણાવી દઈએ કે, સલમાન ખાન-કેટરિનાની ફિલ્મ ‘ટાઈગર-3’ ઓસ્ટ્રિયા, રશિયા અને તુર્કીમાં શૂટ કરવામાં આવી છે. ફિલ્મનું શેડ્યૂલ રાજધાની દિલ્હીમાં શૂટ કરવામાં આવ્યું છે. સલમાન અને કેટરિના કોવિડ-19 વચ્ચે ફિલ્મ ‘ટાઈગર-3’ પૂરી કરવામાં વ્યસ્ત હતા. આ ફિલ્મમાં ઈમરાન હાશ્મી વિલન તરીકે જોવા મળશે.



# વિદ્યા અને શેફાલી શાહની જલસા 18 માર્ચે ઓટીટી પર પ્લેટફોર્મ રિલીઝ થશે




વિદ્યા બાલન અને શેફાલી શાહ અભિનીત નવી ડ્રામા થ્રિલર ફિલ્મ જલસાનું ટીઝર શુક્રવારે જાહેર કરવામાં આવ્યું છે. જલસાનું ટીઝર રોમાંચથી ભરપૂર છે. જલસાનું ટીઝર જોયા બાદ જાહેર થાય છે કે તેની કહાની સ્ટોરીલાઈન થ્રિલર અને સસ્પેન્સથી ભરપૂર છે. આ ફિલ્મ 18 માર્ચે ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થશે. આ વાતની જાણકારી ફિલ્મ ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આપી છે. જલસાને સુરેશ ત્રિવેણીએ ડાયરેક્ટ કરી છે. જલસામાં વિદ્યા બાલન એક જાણીતા પત્રકારની ભૂમિકા નિભાવશે. જ્યારે શાહ એક કુક તરીકે જોવા મળશે. જેમાં માનવ કૌલ, રોહિણી હટ્ટંગડી, ઈકબાલ ખાન, વિદ્યાત્રી બંદી, શ્રીકાંત મોહન યાદવ, શફીન પટેલ અને સૂર્યા કાસિભાતલા પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. વિદ્યા બાલન આ પ્રોજેક્ટ સાથે જોડાઈને ખૂબ જ ખુશ છે, અભિનેત્રીએ કહ્યું “હું ફરીથી સુરેશ સાથે જોડાઈને ખૂબ જ ઉત્સાહિત છું. “તુમ્હારી સુલ્લુ” એક અનોખો, મનોરંજક અનુભવ હતો અને મને આશા છે કે ‘જલસા’ પણ મારા માટે કંઈક અલગ અનુભવ હશે. બીજી બાજુ શેફાલી શાહે કહ્યું કે, હું વિદ્યા બાલન જેવી અદ્ભુત અભિનેત્રી સાથે કામ કરીને ઘણી ખુશ છું.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

**રાજકીય ધમધમાટ શરૂ : પાંચ રાજ્યોની ચૂંટણીઓ સંપન્ન થતા ભાજપે હવે ગુજરાતનો મામલો હાથમાં લીધો**

# પીએમ મોદી આજે વતનની ધરાની મુલાકાતે

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાતમાં યુક્રેન કટોકટીને કારણે ડીફેન્સ એક્સ્પો રદ કરાયા બાદ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તા.11 અને 12ની ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. ઉતરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણી પુરી થતા જ મિશન ગુજરાતનો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે અને આ માટે કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો સહિત ભાજપે દરેક નેતા અને કાર્યકર્તાઓને જવાબદારીઓ સોંપી દેવામાં આવી છે.

એરપોર્ટથી કમલમ સુધી કાર્યકર્તાઓ વડાપ્રધાનને આવકાર આપશે અને મોટી સંખ્યામાં લોકો હાજર રહે એ માટે ભાજપના યુવા મોરચા, શહેર સંગઠન અને મહિલા મોરચાને જવાબદારી સોંપવામાં આવી છે. યુવા મોરચા દ્વારા રેલીનું પણ આયોજન કરવામાં આવી શકે છે.

અંદાજે પાંચ હજાર યુવાનો બાઈક રેલીમાં જોડાશે. ગાંધીનગર કમલમ ખાતે વડાપ્રધાન 11 વાગ્યાની આસપાસ પહોંચશે, જ્યાં તેઓ ભાજપના નેતાઓ અને તમામ ધારાસભ્યો સાથે બેઠક કરશે. કમલમ ખાતે નક્કી કરેલા 430 લોકો જ હાજર રહી શકશે. કમલમ ખાતે બેઠક કર્યા બાદ સાંજે ચાર વાગ્યાની આસપાસ વસ્ત્રાપુર જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે સરપંચ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન હાજરી આપશે.

સરપંચ સંમેલનમાં રાજ્યમાં જિલ્લા તાલુકા તમામ લેવલે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંબોધશે. સરપંચ સંમેલનમાં કુલ બે લાખ લોકોને ભેગા કરવા માટે ભાજપના નેતાઓ દ્વારા સૂચના આપવામાં આવી છે. 1.75 લાખ જેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને બાકીના 75



હજાર જેટલા કાર્યકર્તાઓએ એમ કુલ બે લાખ લોકો આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમદાવાદ ભાજપ શહેર સંગઠન, તમામ કોર્પોરેટરો, તમામ ધારાસભ્યોને તેમજ કાર્યકર્તાઓને કામગીરીમાં લાગી જવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

12મી માર્ચના રોજ ગાંધીનગરના વલાદ ખાતે રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપવાના છે. સવારે 11 વાગ્યાની આસપાસ રક્ષાશક્તિ યુનિવર્સિટીના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ સાંજે 6.30 આસપાસ વડાપ્રધાન અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમમાં ગુજરાત ખેલ મહાકુંભ 2022નો શુભારંભ કરાવશે.

2017માં ભાજપને તમામ પ્રયાસો વચ્ચે પણ 99 બેઠક મળી હતી અને પક્ષાંતરના ખેલ નાંખ્યા બાદ 113 બેઠક સુધી ભાજપ પહોંચી શક્યું છે. ગુજરાતમાં કોંગ્રેસને નબળી ગણો કે સબળી તેના અનેક સ્ટ્રોંગ હોલ્ડ વાળા વિસ્તારો છે અને ત્યાં ભાજપ કદી જીતી શક્યું નથી અથવા તો જીતી શકે તેવી સ્થિતિ નથી અને ભાજપે તેથી જ કોંગ્રેસના આ બેઠકના ધારાસભ્યોને શામ, દામ, દંડ ભેદ

...અનુસંધાન પાના નં. 6

## હમ તો ચલે પરદેશ...



ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ધીમે ધીમે સૂરજ દેવતા પોતાનો રંગ લાલ કરે તે પહેલા કચ્છ સહિતના વિસ્તારોમાંથી કેટલાક પરિવારો પોતાની ઘરવખરી ઉંટ પર લાવીને એક ગામથી બીજે ગામ જવા નીકળી પડે છે અને જ્યાં પાણી સહિતની સુવિધા હોય ત્યાં પોતાનો પડાવ નાખે છે. ચોમાસાની શરૂઆતમાં તેઓ ફરી પોતાના વતન પહોંચે છે. અમદાવાદ નજીકના હાઈવે પર આવો જ એક પરિવાર ઘરવખરી સાથે જતો દેખાય છે.

**નરેશ પટેલ કહે છે, યોગ્ય સમયે નિર્ણય લઈશ**

## હાર્દિક પટેલ : આવો ભાજપ સામે મળીને લડીએ...

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે એટલા માટે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવતાં થઈ ગયા છે.

'રાબેતા મુજબ'ની જેમ જ દરેક પક્ષો સમાજમાં જેમનું કદ વિશાળ હોય તેમને પોતાની તરફે લાવીને મતબેન્ક અંકે કરવા મથી રહ્યા છે ત્યારે ચૂંટણી આવી રહી હોય અને તેમાં ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલનું નામ ન આવે તેવું બની શકે ખરું ? તાજેતરમાં જ આમ આદમી પાર્ટીના નેતાઓએ નરેશ પટેલ સાથે મુલાકાત કર્યા બાદ હવે કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે નરેશ પટેલને રાજકારણમાં



એક્ટિવ થઈ જવા માટે ખુલ્લો પત્ર લખ્યો હોવાનું સામે આવતાં રાજકારણમાં નવી ચર્ચાએ જોર પકડી લીધું છે. કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે નરેશ પટેલને કોંગ્રેસમાં જોડવા આમંત્રણ આપ્યું છે. ત્યારે નરેશ પટેલે આ મુદ્દે પ્રતિક્રિયા પણ આપી હતી. અને કહ્યું હતું કે, આવા આમંત્રણ દરેક પક્ષમાંથી આવે છે. હું યોગ્ય સમયે નિર્ણય લઈશ. પાટીદાર

...અનુસંધાન પાના નં. 6

## પ્રેમીએ સરાજાહેર પ્રેમિકાને રહેંસી નાખી, ધરપકડ થઈ

ગુજરાત વંદન | અમદાવાદ

વિશ્વ મહિલા દિને જ મહિલાઓની સુરક્ષાને લઈ સવાલ ઉઠે તેવી ઘટના બની છે. અમદાવાદમાં સુરતની ગ્રીષ્મા હત્યા કેસ જેવી જ ઘટના બનતા ચકચાર મચી છે. પ્રેમીએ સરાજાહેર પોતાની પરિણીત પ્રેમિકાને રહેંસી નાખી હતી. જે બાદ ફરાર થયેલા હત્યારાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં આરોપીને પોલીસે ઝડપી લીધો હતો. માધુપુરા પોલીસ સ્ટેશનથી 100 મીટરના અંતરે આ બનાવ બન્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. સીસીટીવીના દ્રશ્યો હૈયું હચમચાવી નાખે તેવા હતા.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના માધુપુરામાં કરપીણ હત્યાનો બન્યો



હતો. ઝનૂની પ્રેમીએ પોલીસ સ્ટેશનથી 100 મીટરના અંતરે જ પરિણીત પ્રેમિકાને રહેંસી નાંખી હતી. પ્રેમિકાની જાહેરમાં હત્યા કર્યા બાદ હત્યારો પોતાના ઘરે દોડી ગયો હતો અને ઘરમાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આત્મહત્યા કરે તે પહેલા પરિવારજનોએ તેને બચાવી લીધો હતો અને તે ઘરેથી ભાગી ગયો હતો, પરંતુ પોલીસે તેને ઝડપી લીધો હતો.

**ફરી એકવાર ભગવો લહેરાયો : હર્ષ સંઘવી**

## ગૃહમાં ભાજપના ધારાસભ્યોએ કહ્યું - કોંગ્રેસના સુપડાં સાફ

ગુજરાત વંદન | અમદાવાદ

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે પાંચ રાજ્યોના પરિણામની અસર વિધાનસભા ગૃહમાં પણ જોવા મળી હતી. ભાજપના ધારાસભ્ય આત્મારામ પરમારે કહયુ કોંગ્રેસના સુપડા સાફ થયા છે. જે પરિણામો આવ્યા એમાં સ્પષ્ટ દેખાય છે.

ભાજપની પ્રચંડ જીત બાદ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે દેશભરમાં ફરી એકવાર ભગવો લહેરાયો છે. તમામ રાજ્યોમાં ભાજપે લોકોપયોગી કામગીરી કરી હતી. લોકો માટે કરેલ કામ



ચૂંટણીના પરિણામોમાં જોવા મળી રહ્યાં છે. મોદી સાહેબ અને ભાજપ પર લોકોનો વિશ્વાસ ટકેલો છે. યુપીમાં ગુંડારાજ ખતમ કરવાનું કામ ભાજપે કર્યું છે, ગરીબો માટે ભાજપની સરકારોએ કામ કર્યા તેની અસર પરિણામો પર પડી છે. વર્ષો બાદ યુપીમાં કોઈ સરકાર રિપીટ થઈ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ પણ વિધાનસભામાં ચૂંટણી પરિણામોની વાત કરતાં કહ્યું કે પાંચ રાજ્યોના પરિણામોમાં ભાજપ આગળ છે. મોદી સાહેબ અને અમિત શાહના અથાગ પ્રયત્નોથી આ પરિણામો પ્રાપ્ત થયા છે. ચાર રાજ્યોમાં ભાજપ બહુમતીથી સરકાર બનાવશે.

## ગુજરાત વિદ્યાપીઠના કુલપતિપદેથી ખિમાણીને હટાવવા UGCનો આદેશ

ગુજરાત વંદન | વડોદરા

અમદાવાદ- શહેરમાં સ્થિત શૈક્ષણિક સંસ્થા ગુજરાત વિદ્યાપીઠ



જેની સ્થાપના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા કરવામાં આવી હતી. મહાત્મા ગાંધી શ્રમને શિક્ષણનો ભાગ બનાવવા માંગતા હતા, તેમનો હેતુ કે નૈતિકતા, સહાનુભૂતિ, કરુણા જેવા મૂલ્યો વિદ્યાર્થીઓમાં આવે.

ગાંધીજી દ્વારા આ મૂલ્યો સાથે શરુ કરવામાં આવેલી સંસ્થા અત્યારે વિવાદમાં સપડાઈ છે. ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(UGC) એ ભારતમાં યુનિવર્સિટી શિક્ષણ માટેનું સર્વોચ્ચ માળખું છે. UGC દ્વારા યુનિવર્સિટીના ચાન્સલર ઈલા ભટ્ટ સમક્ષ માંગ કરવામાં આવી છે કે વાઈસ ચાન્સલર ડોક્ટર રાજેન્દ્ર ખિમાણીને વહેલીતકે પદ પરથી હટાવવામાં આવે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતની ઘણી યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર બાબતે અત્યારે તપાસ ચાલી રહી છે. માનવામાં આવી રહ્યું છે કે તેઓ યુજીસી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા લાયકાતના ધોરણો પર ખરા નથી ઉતરતા. તાજેતરમાં જ યુજીસીની 554મી મીટિંગનો અમુક ભાગ જાહેર કરવામાં આવ્યો હતો જેમાં ડોક્ટર ખિમાણીની નિમણૂક બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

જાહેર કરવામાં આવેલા ભાગમાં કહેવામાં આવી રહ્યું છે કે, કમિશન દ્વારા યુજીસી કમિટીના રિપોર્ટને ધ્યાનમાં લેવામાં આવ્યો છે અને જોયું કે, ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે ડોક્ટર રાજેન્દ્ર ખિમાણીની

...અનુસંધાન પાના નં. 6

## ઉજવણી | ભાજપ કાર્યાલય પર જીતનો જશ્ન



ભાજપનો યુપી સહિત ચાર રાજ્યોમાં ભવ્ય વિજય થતા ઠેરઠેર વિજયમહોત્સવ ઉજવણી કરાઈ હતી. જેમાં અમદાવાદના ખાનપુર ભાજપ કાર્યાલય ખાતે જીતના જશ્નમાં ફટાકડા ફોડી ઢોલ નગાડા વગાડી ભાજપના કાર્યકર્તાઓએ ખુશીઓ મનાવી હતી. (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

## ત્રણ બિલ્ડરોની કથિત 500 કરોડની કરચોરીનો રિપોર્ટ દિલ્હી મોકલાયો




ગુજરાત વંદન | વડોદરા

આવકવેરા વિભાગે ગત મહિને શિવાલિક, શિલ્પ અને શારદા ગ્રૂપને ત્યાં પાડેલા દરોડા દરમ્યાન રોકડ રકમ અને જવેરાત પકડાયુ હતુ. પાંચ દિવસ સુધી ચાલેલી દરોડાની કાર્વયાહી બાદ એક સ્પેશિયલ રિપોર્ટ તૈયાર કરાયો હતો. જેમાં ત્રણ બ્રોકરો અને ત્રણ બિલ્ડરોના 500 કરોડની કરચોરીના દસ્તાવેજો જપ્ત કરાયા છે જેનો કોઈ હિસાબ મળતો નથી તેવા દસ્તાવેજો મળી આવ્યા છે. આવકવેરા વિભાગે રિપાર્ટ તૈયાર કરીને નવી દિલ્હી સીબીડીટીનો રિપોર્ટ મોકલી આપ્યો છે. શીવાલિક ગ્રૂપના બિલ્ડર સતિષ નિહાલચંદ શાહ અને તેના પુત્રો ચિત્રક શાહ અને તરલ શાહે પ્રાઈમ લોકેશનો પર જમીનો ખરીદીને સ્કીમો બનાવીને ઓનમની પેમેન્ટ મેળવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. ડબ્બા ટ્રેડિંગના નાણા રિયલ એસ્ટેટમાં ડાઈવર્ટ કર્યા હોવાની વિગતો પણ બહાર આવી છે. શહેરના ત્રણ બિલ્ડર ગ્રૂપ શિલ્પ બિલ્ડર, શિવાલીક ડેવલપર્સ અને તેની સાથે સંકળાયેલા શારદા ગ્રૂપના બિલ્ડરોના 25 સ્થળોએ દરોડા પાડયા હતા. આવકવેરા અધિકારીઓએ

...અનુસંધાન પાના નં. 6

**તારીખ પે તારીખ : 6 માર્ચ સુધીમાં કેસો પાછા નહિ ખેંચાતા હવે 23મીની મુદત**

■ **ગુજરાતમાં સૌથી વધારે દબદબો ધરાવતો સમાજ પાટીદાર સમાજ પણ સરકાર સામે બાંયો ચઢાવી**

## કેસો પાછા નહિ ખેંચાતા પાટીદારો ભડક્યાં, સરકારને નવું અલ્ટીમેટમ

ગુજરાત વંદન | વડોદરા

રાજ્યમાં તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના શાસન દરમિયાન રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન શરૂ થયું હતું. પોલીસ અને પાટીદાર વચ્ચે ઘર્ષણ પણ થયુ હતુ. અને પાટિદાર નેતાઓ અને યુવાનો પર કેસ નોંધવામાં આવ્યા હતા. ત્યારબાદ સરકારે સર્વર્ણોને 10 ટકા અનામત આપીને સમાધાન કરી લીધું હતું. તે સમયે સરકારે પાટીદાર યુવાનો સામે નોંધાયેલા કેસો પાછા ખેંચવાનું વચન આપ્યું હતું. પણ હજુ ઘણાબધા યુવાનો સામેના કેસ પાછા ખેંચાયા નથી. આથી જે પાટીદાર વિદ્યાર્થી યુવાનોને નોકરીમાં કે વિદેશ જવામાં સામે કેસ ઊભો હોવાથી મુશ્કેલી અનુભવી રહ્યા છે. ત્યારે



પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)એ સરકારને ચિમકી આપી હતી કે જો 6ઠ્ઠી માર્ચ સુધીમાં પાટીદાર યુવાનો સામેના કેસ પાછા ખેંચવામાં નહીં આવે તો આંદોલન કરાશે 6ઠ્ઠી માર્ચનું અલ્ટીમેટમ પુરૂ થયું છે પરંતુ કેસો પાછા ખેંચાયા નથી જેના પગલે પાટીદાર સંગઠનોએ હવે સરકારને અલ્ટીમેટમની નવી તારીખ આપી છે અને 23 માર્ચ સુધીમાં કેસો પાછા નહીં ખેંચાય તો શેરીઓમાં નીકળવાની ચિમકી આપી છે.

ગુજરાતમાં ચૂંટણીની સીઝન આવી રહી છે. જેના પગલે તમામ પક્ષો પણ તૈયારીઓ આરંભી દીધી છે. તો બીજી તરફ વિવિધ સમાજ દ્વારા પણ પોતાની વિવિધ માંગણીઓ સાથે હવે વિવિધ પક્ષો અને સરકાર પાસે માંગણીઓ કરી રહી છે. ત્યારે ગુજરાતમાં સૌથી વધારે દબદબો ધરાવતો સમાજ પાટીદાર સમાજ પણ સરકાર સામે બાંયો ચઢાવી છે. પોતાના યુવાનો સામે પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા કેસ પરત ખેંચવા માટેની માંગણી કરી રહ્યા છે. આ અંગે હવે વિવિધ

...અનુસંધાન પાના નં. 6

**કોંગ્રેસના મહિલા ધારાસભ્યની હૈયાવરાળ**

## 15 વર્ષથી પોલીસ રક્ષણ માંગુ છું પણ સરકાર આપતી નથી...



ગુજરાત વંદન | અમદાવાદ

વિધાનસભામાં પોતાના પ્રવચન દરમિયાન કોંગ્રેસના મહિલા ધારાસભ્યએ પોલીસ પ્રોટેક્શન માંગ્યું હતું. ચંદ્રિકા બહેન બારીયાએ કહ્યું કે મે 2007 થી માંગણી કરી છે કે મને સિક્યુરિટી ગાર્ડ આપો, હું મહિલા ધારાસભ્ય તરીકે માંગણી કરૂ છું. તેમણે કહ્યું કે અમે શું આતંકવાદી છીએ કે અમને દાહોદમાં થતા સરકારી કાર્યક્રમોમાં બોલાવવામાં આવતા નથી.

તેમણે પ્રદીપસિંહ જાડેજાને ઉદ્દેશીને કહ્યું તમારી પાસે મેં સિક્યુરિટી માંગી હતી પણ મળી નહિ. આજે મહિલા દિવસના દિવસે જ કોંગ્રેસના મહિલા ધારાસભ્યએ વિધાનસભામાં બળાપો કાઢ્યો હતો. રાજ્યપાલના સંબોધનના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાએ જણાવ્યું હતું કે, સરકારે મહિલા બાળ કલ્યાણ સમિતિ બનાવવી જોઈએ, તેમાં મહિલા ધારાસભ્ય રાખવા જોઈએ. મહિલા દિવસે મહિલાઓની વાતો થાય છે, તમે બેટી બચાવો, બેટી પઢાઓની વાતો કરો છો, સુરતની સ્થિતિ જુઓ, ધોળા દિવસે બળાત્કાર અને હત્યાઓ થાય છે, પણ સરકારના પેટનું પાણી હાલતું નથી.

તેમણે વધુમાં કહ્યું કે, 2007માં મારી રક્ષા માટે રક્ષણ માંગ્યું હતું હજુ સુધી આપ્યું નથી. ત્રણ ટર્મથી ધારાસભ્ય છું. મહીલાની સુરક્ષા જળવાતી નથી એટલે મહિલા તરીકે ગૃહમંત્રીનું રાજીનામું માંગુ છું. 2007થી ત્રીજીવાર કોંગ્રેસના ધારાસભ્ય રહી ચુકેલા ચંદ્રિકા બહેન બારીયા ગરબડા બેઠક પરથી ચુંટાયેલા છે.